એક અંદાજ મુજબ ૧ કરોડથી માંડીને ૧૪૦ લાખ ગેરકાયદે વસાહતીઓ વસે છે પણ ટ્રમ્પનો દાવો એવો છે કે આ આંકડો ૨થી અઢી કરોડ છે. પહેલા તબક્કે ટ્રમ્પ તંત્ર ગુનાખોરનો ઈતિહાસ ધરાવતા ૬૫૫ હજાર લોકોને હાંકી કાઢશે. કુલ ૧૪ લાખ આવા વસાહતીઓને હાંકી કાઢવાનો હુકમ બજાવી દેવામાં આવ્યો છે.

આવા ઘણા હવે મદદ માટે ચર્ચ અને વકીલોની મદદ લઈ રહ્યા છે. પણ આવા કોઈ લોકોને મદદ ન કરવા ટ્રમ્પ તંત્ર દ્વારા તમામ અધિકારીઓ અને સંસ્થાઓને ચેતવણી અપાઈ છે અને જે કોઈ વ્યક્તિ ગેરકાયદે વસાહતીને રક્ષણ આપે તેને અપરાધી ગણવામાં આવશે. જે લોકો કામચલાઉ વિઝા લઈને આવ્યા H-1B વિઝા લઈને આવ્યા છે એવા લોકોને પણ પાછા મોકલવામાં આવશે એટલે અમેરિકામાં રહેતા કે કામ માગતા લાખો લોકો માટે આગળનો માર્ગ કાંટાની પથારી બની ગયો છે. ઘણા તો વિઝાના અભાવે અમેરિકામાં રહેતા મા-બાપને મળવા જઈ શકતા નથી.

# કેજરીવાલે જાહેર કર્યો ‘મધ્યમ વર્ગ’નો આમ આદમી પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો : કેન્દ્ર સરકાર પાસે સાત માગણીઓ મૂકી

**કેજરીવાલે મધ્યમ વર્ગ પર ભારે નાણાકીય બોજ હોવાનો ઉલ્લેખ કરીને આવકવેરા મુક્તિ મર્યાદા ૭ લાખ રૂપિયાથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરવાની પણ હાકલ કરી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

AAPના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે બુધવારે દેશના મધ્યમ વર્ગ માટે સાત મુદ્દાનો ‘ઘોષણાપત્ર’ જાહેર કર્યો, જેમાં કહ્યું કે દરેક સરકારો દ્વારા તેમની અવગણના કરવામાં આવી છે અને તેઓ ‘કર આતંકવાદ’નો ભોગ બન્યા છે. બુધવારે એક વીડિયો સંદેશમાં, તેમણે કહ્યું કે મધ્યમ વર્ગ ભારતીય અર્થતંત્રની વાસ્તવિક મહાસત્તા છે પરંતુ લાંબા સમયથી ફક્ત કર વસૂલાત માટે અવગણના અને શોષણ કરવામાં આવ્યું છે. કેજરીવાલે મધ્યમ વર્ગની ચિંતાઓને દૂર કરવાના હેતુથી સાત મુદ્દાનો ‘ઘોષણાપત્ર’ જાહેર કર્યો છે. આ માંગણીઓમાં શિક્ષણ બજેટ હાલના ૨ ટકાથી વધારીને ૧૦ ટકા કરવું અને ખાનગી શાળાઓની ફી મર્યાદા નક્કી કરવી શામેલ છે. તેમણે ઉચ્ચ શિક્ષણ માટે સબસિડી અને શિષ્યવૃત્તિનો પણ પ્રસ્તાવ મૂક્યો જેથી ગુણવત્તાયુક્ત શિક્ષણ બધા માટે સુલભ બની શકે. આપના વડાએ આરોગ્ય વીમા પ્રીમિયમ પરના કરને દૂર કરવા સાથે, આરોગ્ય સંભાળ



ખર્ચમાં વધારો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, જેમાં GDPના ૧૦ ટકા સુધીનો વધારો સૂચવવામાં આવ્યો છે. કેજરીવાલે મધ્યમ વર્ગ પર ભારે નાણાકીય બોજનો ઉલ્લેખ કરીને આવકવેરા મુક્તિ મર્યાદા ૭ લાખ રૂપિયાથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરવાની પણ માંગ કરી છે. બીજી માંગ આવશ્યક ચીજવસ્તુઓ પરનો GST દૂર કરવાની હતી, અને કેજરીવાલે દલીલ કરી હતી કે તે મધ્યમ વર્ગના પરિવારોને અપ્રમાણસર અસર કરે છે. તેમણે ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં વરિષ્ઠ નાગરિકો માટે મફત આરોગ્યસંભાળ સહિત વધુ મજબૂત નિવૃત્તિ યોજનાઓની પણ હિમાયત કરી હતી. તેમણે કેન્દ્ર સરકારને વરિષ્ઠ નાગરિકો માટે ટ્રેન ભાડા પર ૫૦ ટકા છૂટ ફરીથી સ્થાપિત કરવા વિનંતી કરી, જે તાજેતરના વર્ષોમાં બંધ કરવામાં આવી હતી. કેજરીવાલે રાજકીય પક્ષોની આઝાદી પછી મધ્યમ વર્ગને ગુલામ માનસિકતા તરીકે વર્ણવવા બદલ ટીકા કરી હતી. તેમણે વચન આપ્યું હતું કે AAP સાંસદો આગામી સંસદીય સત્રોમાં મધ્યમ વર્ગનો અવાજ ઉઠાવશે, તેમના આ મુદ્દાઓને રાજકીય ચર્ચાનું કેન્દ્રબિંદુ બનાવવાનું વચન આપ્યું હતું. આ જાહેરાત ૫ ફેબ્રુઆરીએ યોજનારી દિલ્હી વિધાનસભા ચૂંટણીના થોડા અઠવાડિયા પહેલા કરવામાં આવી છે. પરિણામો ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે. ૨૦૨૦માં ૭૦ વિધાનસભા બેઠકોમાંથી ૬૨ બેઠકો જીતનાર આમ આદમી પાર્ટી સતત ત્રીજી વખત ચૂંટણી લડી રહી છે.

# જનતા દળ (યુ)નું ડેમેજ કંટ્રોલ : મણિપુરમાં ભાજપ સરકારને ટેકો પાછો ખેંચવાનો નિર્ણય લેનાર રાજ્ય જદયુના નેતા પક્ષમાંથી બરતરફ, રાજ્યની ભાજપ નેતૃત્વવાળી સરકારને ટેકો ચાલુ રાખવાની નીતિશકુમારની પાર્ટીની સ્પષ્ટ જાહેરાત

**મણિપુર જનતા દળ (યુ)ના પ્રમુખ કે. બિરેન સિંહે એવો પત્ર લખ્યો હતો અને ગવર્નરને એવી જાણ કરી હતી કે, રાજ્યની ભાજપ સરકારને આપેલો ટેકો પાર્ટી પાછી ખેંચી લે છે, આ પત્ર લખવા બદલ મણિપુરના પ્રદેશ પ્રમુખને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

મણિપુરના મામલે આજે દિવસ પર ભારે રાજકીય ચર્ચા ચાલ્યા બાદ અંતે જનતા દળ (યુ) દ્વારા ડેમેજ કંટ્રોલની જોરદાર કવાયત્ કરવામાં આવી છે અને રાજ્યની ભાજપ નેતૃત્વવાળી સરકારને પક્ષનો ટેકો પાછો લઈ લેવાયો છે એવો ગવર્નરને પત્ર લખનાર મણિપુર જનતા દળ પ્રમુખને પક્ષમાંથી હાંકી કાઢવાની જનતા દળ (યુ) હાઈ કમાન્ડ દ્વારા જાહેરાત કરવામાં આવી છે અને પક્ષે જણાવ્યું છે કે, પ્રદેશ પ્રમુખને ગેરશિસ્તના કારણે દૂર કરવામાં આવ્યા છે અને ભાજપને પક્ષનો ટેકો ચાલુ જ છે. ભાજપ સરકારને ટેકાનો પુનરોચ્ચાર કરતા જનતા દળ (યુ) દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, ટેકો પાછો ખેંચવામાં આવ્યો નથી અને કેન્દ્રીય નેતાગીરી સાથે વાતચીત કર્યા વિના આવો નિર્ણય લેવા બદલ મણિપુર જનતા દળના પ્રમુખ કે. બિરેન સિંહને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. જનતા દળ (યુ) દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, મણિપુરમાં ભાજપના નેતૃત્વવાળી એન. બિરેન સિંહની સરકારને પક્ષનો ટેકો યથાવત્ છે અને પાછો ખેંચવામાં આવ્યો હોવાના અહેવાલો પાયાવિહીન છે. કેન્દ્રની નેતાગીરીને જાણ કર્યા વિના અને તેની સાથે મસલતો તો કર્યા વિના ટેકો પાછો



ખેંચી લેવાનો પત્ર મણિપુર જનતા દળ (યુ)ના પ્રમુખ ક્ષેત્રિમયુમ બિરેન સિંહે ગવર્નર પાઠવી દીધો હતો એટલે જનતા દળની કેન્દ્રીય નેતાગીરી દ્વારા ગેરશિસ્ત આચરવા બદલ મણિપુર પ્રદેશ પ્રમુખને હાંકી કાઢ્યા છે અને રાષ્ટ્રીય તથા રાજ્યસ્તરે ભાજપને ટેકો હોવાનો પુનરોચ્ચાર કર્યો છે. જનતા દળના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજન પ્રસાદે પ્રદેશ કક્ષાએ મોકલાયેલો એ પત્ર ગેરમાર્ગે દોરનાર જણાવ્યું હતું અને કહ્યું હતું કે, રાજ્યના પ્રમુખે કેન્દ્રીય નેતાગીરી સાથે કોઈ વાત કરી નહોતી પોતાની રીતે નિર્ણય લઈ લીધો હતો. એટલે પક્ષની કેન્દ્રીય નેતાગીરીએ આ હકીકતની નોંધ લીધી હતી અને મણિપુર જનતા દળના પ્રમુખને પક્ષમાંથી હાંકી કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મણિપુરમાં ભાજપની સરકારને જનતા દળનો ટેકો ચાલુ છે અને ચાલુ રહેશે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે. રાજીવ રંજને કહ્યું હતું કે, આ પ્રકારનું પગલું ગેરશિસ્ત ગણાય એટલે પ્રદેશ પ્રમુખ સામે પગલાં લેવામાં આવ્યા છે અને એમની પાસેથી હોદ્દો લઈ લેવામાં આવ્યો છે. જનતા દળ એનડીએની સાથે જ છે અને મણિપુરના વિકાસ માટે પણ પક્ષ ટેકો આપવાનું ચાલુ રાખશે. મણિપુર જનતા દળના પ્રમુખ ક્ષેત્રિમયુમ બિરેન સિંહે ગવર્નર અજયકુમાર ભલ્લાને એવો પત્ર લખી દીધો હતો કે, મણિપુરની ભાજપ સરકારને જનતા દળ (યુ)નો ટેકો પાછો ખેંચવામાં આવ્યો છે અને તેના એકમાત્ર ધારાસભ્ય મોહમ્મદ અબ્દુલ નાસિર વિપક્ષની પાટલી પર જઈને બેસવાના છે. આ પદ્ધતિ ભારે વિવાદ ઊભો થતાં જનતા દળની કેન્દ્રીય નેતાગીરી હચમચી ગઈ હતી અને ડેમેજ કંટ્રોલ કરવામાં આવ્યું હતું.

# મુંબઈ : અક્ષય શિંદેની ‘એન્કાઉન્ટર હત્યા’ નકલી સાબિત થઈ

**બોમ્બે હાઈકોર્ટમાં રજૂ કરાયેલ મેજિસ્ટ્રેટ તપાસ રિપોર્ટમાં પાંચ પોલીસકર્મીઓ સામે FIR નોંધવાની ભલામણ કરવામાં આવી છે**

(એજન્સી) તા.૨૨

ઓગસ્ટ ૨૦૨૪માં એક શાળામાં બે સગીર બાળકોની છેડતી કરવાના આરોપી અક્ષય શિંદેનું પોલીસ એન્કાઉન્ટર નકલી હોવાના આરોપોમાં બોમ્બે હાઈકોર્ટ દ્વારા આદેશ આપવામાં આવેલી મેજિસ્ટ્રેટ તપાસમાં પુષ્ટિ મળી હતી કે ‘એન્કાઉન્ટર’ ખરેખર નકલી હતું. સોમવાર, ૨૦ જાન્યુઆરીના રોજ હાઈકોર્ટને સોંપવામાં આવેલા રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી હતી કે ૧૨ ઓગસ્ટના રોજ કોર્ટમાં રજૂ કર્યા પછી શિંદેને જેલમાં પાછા લઈ જનારા પાંચેય પોલીસકર્મીઓ સામે FIR નોંધવામાં આવે. તે સમયે પોલીસે દાવો કર્યો હતો કે શિંદેએ જેલ વાનમાં મુસાફરી કરી રહેલા એક પોલીસકર્મીની રિવોલ્વર છીનવી લીધી હતી અને અન્ય લોકોએ સ્વબચાવમાં ગોળીબાર કરવો પડ્યો હતો. મુંબઈ ઉપનગર બદલાપુરમાં બનેલી છેડતીને રાજકીય રંગ મળ્યો હતો કારણ કે શાળાના ટ્રસ્ટીઓ, ઉદય કોટવાલ અને તુષાર આપ્ટે, બંને વિવાદ ફાટી નીકળ્યા બાદ ફરાર થઈ ગયા હતા જ્યારે માતાપિતા અને લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. પોલીસ એક્રાઉન્ટરમાં આરોપી અક્ષય શિંદેનું મોત થયા બાદ બંને ટ્રસ્ટીઓની ધરપકડ કરવામાં આવી હતી. બંનેને થોડા જ દિવસોમાં જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે ભાજપ સરકાર ટ્રસ્ટીઓને રક્ષણ આપી રહી છે કારણ કે તેમના ભાજપ સાથે સંબંધો હતા. આ એન્કાઉન્ટર બે મહિનામાં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓ સાથે થયું હતું અને એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આ નકલી એન્કાઉન્ટર એવી વ્યક્તિને ખતમ કરવા માટે કરવામાં આવ્યું હતું જે શાળા અને ટ્રસ્ટીઓને શરમજનક સ્થિતિમાં મૂકી શકે અને ભાજપને રાજકીય રીતે આગળ વધારવા માટે પણ કામમાં આવી શકે. એન્કાઉન્ટર દરમિયાન ઘાયલ થયેલા પોલીસ કર્મચારી સંજય શિંદેનો પણ વિવાદાસ્પદ ભૂતકાળ હતો, જેણે શંકામાં વધારો કર્યો હતો. સંજય શિંદેએ ૨૦૧૨માં બે હત્યાના આરોપી વિજય પાલાંડેને પોલીસ કસ્ટડીમાંથી ભાગવામાં મદદ કરી હોવાનો આરોપ છે. પાલાંડે સંજય શિંદેનો ગણવેશ પહેરીને ભાગી ગયો હતો ! સંજય શિંદે પણ ‘એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ’ પ્રદીપ શર્માની ટીમમાં હતો. અને સંજય શિંદેએ જ અક્ષય



શિંદે પર છેલ્લી ગોળી ચલાવી હતી. આરોપીના પરિવાર અને ઘણા કાર્યકરોએ તે સમયે આરોપ લગાવ્યો હતો કે એન્કાઉન્ટર નકલી હતું અને મેજિસ્ટ્રેટ તપાસ રિપોર્ટે હવે તેમની શંકાઓને પુષ્ટિ આપી છે. પરંતુ તેનો હેતુ શું હતો ? લોકોનો ગુસ્સો રસ્તાઓ પર છવાઈ ગયો હતો. ટ્રેનો રોકી દેવામાં આવી રહી હતી અને રેલવે લાઈનો બ્લોક કરવામાં આવી હતી. લોકોએ અક્ષય શિંદેને ફાંસી આપવાની અને ફરાર સ્કૂલ ટ્રસ્ટીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ચૂંટણી નજીક આવી રહી હોવાથી, સરકાર પર ‘કંઈક કરવા’ માટે ઘણું દબાણ હતું અને હવે, આ તારણો રાજ્યમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકાર માટે મોટી શરમજનક બાબત છે. લોકોના આક્રોશનો જવાબ આપતા તેમણે કાર્યકરો પર દંભી હોવાનો આરોપ લગાવ્યો હતો. તેઓ આરોપીને ફાંસીની સજાની માંગ કરી રહ્યા હતા પરંતુ હવે જ્યારે તેની હત્યા થઈ ગઈ છે, ત્યારે તેઓ બૂમ પાડી રહ્યા હતા અને પોલીસ પર ન્યાયિક હત્યાનો આરોપ લગાવી રહ્યા હતા અને તેમની મજાક ઉડાવી રહ્યા હતા. આ વખતે ભૂમિકાઓ ઉલટી થઈ ગઈ છે-ફડણવીસ મુખ્ય પ્રધાન અને શિંદે બે નાયબ મુખ્ય પ્રધાનોમાંથી એક છે-પરંતુ સરકારમાં હજુ પણ એ જ છે. હવે, મેજિસ્ટ્રેટ તપાસ એ સંજોગો પર સવાલ ઉઠાવે છે જેમાં અક્ષય શિંદેની હત્યા થઈ હતી. જેલ વાનમાં રહેલા પાંચ પોલીસકર્મીઓ મૃતકને રોકવા માટે પૂરતા પ્રમાણમાં સજ્જ હતા અને શિંદેને બંદૂક છીનવી લેવા, વાનમાંથી ભાગી જવા અને પછી ભાગતી વખતે તેને ‘મારી નાખવા’ દેવાનો કોઈ પ્રસંગ નહોતો, એમ રિપોર્ટમાં જણાવાયું છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના રિપોર્ટમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શિંદેએ જે પિસ્તોલ એક કોન્સ્ટેબલ પાસેથી છીનવી લીધી હતી અને જેનાથી તેણે પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો હોવાનું કહેવાય છે તેના પર તેના ફિંગરપ્રિન્ટ્સ મળ્યા નથી. ઉપરાંત, આ પિસ્તોલમાંથી ગોળીબાર કરાયેલા ખાલી કારતૂસ ક્યારેય મળ્યા નથી. તે સમયે, ગૃહ રાજ્યમંત્રી યોગેશ કદમે કહ્યું હતું કે પોલીસકર્મીઓ દોષિત નથી, તેમણે સ્વરક્ષણમાં ગોળીબાર કર્યો હતો અને કોઈ ખોટું કર્યું નથી. તેમણે દાવો કર્યો હતો કે જ્યારે એન્કાઉન્ટર થયું ત્યારે વરસાદ પડી રહ્યો હતો, જેના કારણે બાકી રહેલો ગનપાઉડર અથવા અક્ષય શિંદે દ્વારા ચલાવવામાં આવેલી ગોળીનો ખાલી કારતૂસ પણ એકત્રિત કરવામાં આવ્યો ન હોવાનું તેમણે ઉમેર્યું હતું. જોકે, તપાસમાં તારણ આવ્યું છે કે શિંદેએ ગોળીબાર કર્યો હોવાનો દાવો પુરાવા અથવા તેના અભાવના આધારે શંકાસ્પદ સત્યતા ધરાવે છે. રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે કે થાણે ક્રાઈમ બ્રાન્ચના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર (SPI) સંજય શિંદે, આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર (API) નિલેશ મોરે, હેડ કોન્સ્ટેબલ અભિજીત મોરે અને કોન્સ્ટેબલ હરીશ તાવડે અને સતીશ ખટાલ સામે FIR નોંધવામાં આવે. આ રિપોર્ટ બોમ્બે હાઈકોર્ટની ડિવિઝન બેન્ચને સુપરત કરવામાં આવ્યો હતો, જેમાં જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને જસ્ટિસ નીલા ગોખલેનો સમાવેશ થાય છે. ડિવિઝન બેન્ચે નિર્દેશ આપ્યો હતો કે તપાસ રિપોર્ટની એક નકલ ફરિયાદ પક્ષ અને મૃતકના પિતા અન્ના શિંદેને પૂરી પાડવામાં આવે, જેમણે કોર્ટમાં અરજી કરી હતી. મેજિસ્ટ્રેટ તપાસથી ઘણું બધું ખુલી ગયું હોય તેવું લાગે છે. આ બાબતથી આગળ તેમની દોષિતતા જો હોય તો, એ મુદ્દો છે કે પોલીસ અધિકારીઓના પ્રયાસોથી કોણે ફાયદો મેળવ્યો અને વધુ મહત્ત્વપૂર્ણ રીતે, તેનું નિર્દેશન કોણે કર્યું અને શા માટે. પોલીસકર્મીઓ કાં તો ઈનામ માટે નકલી એન્કાઉન્ટર કરી રહ્યા હતા અથવા તેઓ કોઈ અધિકારી વ્યક્તિની સૂચનાઓનું પાલન કરી રહ્યા હતા. શું તેઓ અક્ષય શિંદેને મારી નાખીને કોઈને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને શું તેની પાછળ કોઈ રાજકીય હેતુ હતો ? હાઈકોર્ટમાં આગામી કાર્યવાહી આ પ્રશ્નો પર થોડો પ્રકાશ પાડશે અને કેટલાક ખૂબ જ જરૂરી જવાબો આપશે તેવી અપેક્ષા છે અને સંભવતઃ આ મામલાના મૂળમાં નહીં તો બાજુ પર કેટલાક ઉચ્ચ રાજકીય નાટકનો સમાવેશ થશે.

# ગૃહ મંત્રાલયે મહારાષ્ટ્ર સરકારને ગેરકાયદેસર બાંગ્લાદેશી આશ્રિતો સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો

(એજન્સી) તા.૨૨

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મહારાષ્ટ્ર સરકારને ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સંદર્ભમાં, કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા મહારાષ્ટ્રના ગૃહ વિભાગના અધિકારીઓને એક પત્ર લખવામાં આવ્યો છે. શિવસેનાના પૂર્વ સાંસદ રાહુલ શેવાળે દ્વારા ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ વિરૂદ્ધ મેમોરેન્ડમ આપ્યા બાદ મંત્રાલયે આ પત્ર લખ્યો છે. રાહુલ શેવાળેએ ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ (TISS) દ્વારા તૈયાર કરાયેલા અહેવાલના આધારે આ મુદ્દો ઉઠાવ્યો હતો. ગૃહ મંત્રાલયનો મહારાષ્ટ્ર સરકારને નિર્દેશ એવા સમયે આવ્યો છે જ્યારે બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર હુમલો કરવાના આરોપમાં એક બાંગ્લાદેશી ઘુસણખોરની ધરપકડ કરવામાં આવી છે. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, ૩૦ વર્ષીય બાંગ્લાદેશી




ઘુસણખોર શરીફુલ ઈસ્લામ (ઉર્ફે વિજય દાસ) ચોરીના ઈરાદાથી સૈફ અલી ખાનના ઘરમાં ઘુસ્યો હતો. આ દરમિયાન, હિંસક અથડામણમાં, તેણે અભિનેતા પર છરી મારી દીધી. પોલીસે અનેક સ્થળોએ દરોડા પાડ્યા બાદ હુમલાખોરની ધરપકડ કરી હતી. ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ (TISS)એ ગયા વર્ષે નવેમ્બરમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો પર એક અહેવાલ બહાર પાડ્યો હતો. આ અહેવાલ મુજબ, બાંગ્લાદેશ અને મ્યાનમારથી આવેલા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સે મુંબઈના રાજકીય અને સામાજિક-આર્થિક પરિદૃશ્યને ગંભીર અસર કરી છે. આ અહેવાલનું શીર્ષક ‘મુંબઈમાં ગેરકાયદેસર સ્થળાંતર કરનારા : સામાજિક-આર્થિક અને રાજકીય અસરનું વિશ્લેષણ’ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ સ્થળાંતર કરનારાઓનું શ્રમ સ્થાનિક અર્થતંત્રમાં ફાળો આપે છે, પરંતુ તેના કારણે સ્થાનિક કામદારો માટે વેતન ઓછું થાય છે અને રોજગારની તકોનો અભાવ રહે છે. અહેવાલ મુજબ, મુસ્લિમ સ્થળાંતરિત વસ્તીમાં વધારો વસ્તી વિષયક ફેરફારો તરફ દોરી રહ્યો છે, જે સાંસ્કૃતિક અસુરક્ષા અને સામાજિક વિભાજનમાં વધારો કરી રહ્યો છે. ૧૯૬૧માં મુંબઈમાં હિન્દુ વસ્તી ૮૮% હતી, જે ૨૦૧૧ સુધીમાં ઘટીને ૬૬% થઈ ગઈ. મુસ્લિમ વસ્તી ૮%થી વધીને ૨૧% થઈ.

# પોલિયોથી પીડિત યુવકને પિતાના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે બસ ભાડું પોસાય તેમ નહોતું, પછીથી માતા સાથે બંગડીઓ વેચી, IAS બનવા માટે UPSC પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

સિવિલ સર્વિસીસ પરીક્ષા ભારતમાં સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક માનવામાં આવે છે. દર વર્ષે લાખો ઉમેદવારો સ્પર્ધાત્મક પરીક્ષા આપે છે. તેમાં સારા ગુણ સાથે પરીક્ષા પાસ કરવા માટે સખત મહેનત, વ્યવસ્થિત અભ્યાસ, ધીરજ અને દૃઢ નિશ્ચયની જરૂર પડે છે. ઈન્ટરનેટ પર જોવા મળતી અસંખ્ય પ્રેરણાદાયી UPSC સફળતાની વાર્તાઓમાંથી, ફક્ત થોડી જ ખરેખર ખાસ અને હૃદયસ્પર્શી તરીકે ઉભરી આવે છે. આ વાર્તાઓ એવા વ્યક્તિઓની અવિશ્વસનીય દ્રઢતા અને સ્થિતિસ્થાપકતા દર્શાવે છે જેમણે અદમ્ય પડકારો પર વિજય મેળવ્યો છે. IAS અધિકારી રમેશ ઘોલપની સફળતાની વાર્તા પણ કંઈક આવી જ છે, જે એક સાયકલ-રિપેર શોપ માલિકનો પુત્ર છે. મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના એક ગામ મહાગાંવનો રહેવાસી, રમેશ ઘોલપ આર્થિક રીતે તંગ નીચલા-મધ્યમ વર્ગના પરિવારમાંથી હતો. તેનો જન્મ ગોરખ ઘોલપના ઘરે થયો હતો, જે એક નાની સાયકલ રિપેરની દુકાન ચલાવતા હતા. રમેશના માતા વિમલ ઘોલપ અને તેના ભાઈ સહિત ચાર સભ્યોના પરિવારને શરૂઆતમાં તેના પિતાની સામાન્ય આવક દ્વારા ટેકો મળતો હતો. જોકે, દારૂબંધીને કારણે ગોરખની તબિયત બગડતાં તેમની આર્થિક પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ, જેના કારણે તેમને દુકાન બંધ કરવી પડી. અતિશય સ્થિતિસ્થાપકતા દર્શાવતા, રમેશની માતા,



વિમલ, ગુજરાન ચલાવવા માટે નજીકના ગામડાઓમાં બંગડીઓ વેચવાનું શરૂ કર્યું. ડાબા પગમાં પોલિયોથી પીડાતા હોવા છતાં, રમેશ તેની માતા સાથે જોડાયો, શેરીઓમાં બંગડીઓ વેચીને તેમના પરિવારનું ગુજરાન ચલાવવા લાગ્યો. રમેશ એક તેજસ્વી વિદ્યાર્થી હતો અને બારમા ધોરણમાં તેની શાળામાં સ્ટાર હતો. જોકે, ૨૦૦૫માં, જ્યારે તેને તેના પિતાના અવસાનના સમાચાર મળ્યા ત્યારે તેના જીવનમાં હૃદયદ્રાવક વળાંક આવ્યો. આર્થિક રીતે મુશ્કેલીમાં મુકાયેલા, તેની પાસે અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે બસ ભાડું ભરવા માટે પૂરતા પૈસા નહોતા. પાડોશીઓના ટેકાથી, તે તેના પિતાના અંતિમ સંસ્કારમાં પહોંચી શક્યો. આ અનુભવનો રમેશ પર ઊંડો પ્રભાવ પડ્યો, તેને સમજાયું કે શિક્ષણ એ ગરીબીમાંથી બહાર નીકળવાનો માર્ગ છે. તે ક્ષણથી, તેણે અટલ નિશ્ચય સાથે પોતાને અભ્યાસમાં સમર્પિત કરી દીધો, પોતાના અને પોતાના પરિવાર માટે સારું ભવિષ્ય બનાવવાનો દૃઢ નિર્ધાર કર્યો. જોકે રમેશ એક ઉત્કૃષ્ટ વિદ્યાર્થી હતો, પરંતુ નાણાંકીય મર્યાદાઓને કારણે તેણે પોતાના સપનાઓને અનુસરવા કરતાં સ્થિર નોકરી પસંદ કરી. તેણે ઓપન યુનિવર્સિટીમાંથી આર્ટ્સમાં ડિગ્રી પૂર્ણ કરી અને ૨૦૦૯ માં શિક્ષક તરીકે કામ કરવાનું શરૂ કર્યું. જોકે, કોલેજના વર્ષો દરમિયાન એક તહસીલદાર સાથેની અચાનક મુલાકાતે તેનામાં એક નવી મહત્વાકાંક્ષા જગાવી. આ મુલાકાતથી પ્રેરાઈને, તેણે નોકરી છોડીને UPSC પરીક્ષાની તૈયારી માટે પુણે જવાનું નક્કી કર્યું. તેની માતાના સતત ટેકાથી, જેણે તેના શિક્ષણ માટે અથાક મહેનત કરી, રમેશની યાત્રા પરિવર્તનશીલ વળાંક લેવાની હતી. ત્યારબાદ રમેશ UPSC પરીક્ષાઓની તૈયારી માટે પુણે ગયો, સિવિલ સર્વિસીસ પરીક્ષા આપતા પહેલા છ મહિના સુધી સ્વ-અભ્યાસ માટે પોતાને સમર્પિત કરી દીધા. જોકે, ભાગ્ય તેના પક્ષમાં નહોતું, અને ૨૦૧૦ માં તેમનો પહેલો પ્રયાસ નિષ્ફળ ગયો. ૨૦૧૦માં તેમના પહેલા પ્રયાસમાં નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો હોવા છતાં, તેની અડગ પ્રતિબદ્ધતા ફળીભૂત થઈ જ્યારે તેણે ૨૦૧૨માં સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરી. વિકલાંગ ક્વોટા હેઠળ ૨૮૭ નો રેંક પ્રાપ્ત કરીને, IAS અધિકારી બનવાનું પોતાનું સ્વપ્ન સાકાર કર્યું, રસ્તામાં અસંખ્ય પડકારોનો સામનો કર્યો. આજે, IAS રમેશ ઘોલપ ઝારખંડ ઉર્જા વિભાગમાં સંયુક્ત સચિવ તરીકે સેવા આપે છે.

# પ્રખ્યાત શિક્ષક વિકાસ દિવ્યકીર્તિનાં પત્ની જે દૃષ્ટિ IAS કોચિંગ સેન્ટરના ડાયરેક્ટર છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

જો તમે UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષાની તૈયારી કરી રહ્યા છો, તો તમે કદાચ ડૉ. વિકાસ દિવ્યકીર્તિ વિશે સાંભળ્યું હશે. તેઓ એક જાણીતા શિક્ષક છે જે વિદ્યાર્થીઓને UPSC પરીક્ષાઓની તૈયારી કરવામાં મદદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ડૉ. દિવ્યકીર્તિ સોશિયલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય છે, ખાસ કરીને ઈન્સ્ટાગ્રામ પર, જ્યાં ઘણાં પેજ તેમના વ્યાખ્યાનોની ટૂંકી ક્લિપ્સ શેર કરે છે. તેમની વ્યક્તિગત યુટ્યુબ ચેનલમાં ૨૯.૫ લાખ સબ્સ્ક્રાઈબર્સ છે, અને તેમની કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ, દૃષ્ટિ IAS,ના ૧.૧ કરોડથી વધુ ફોલોઅર્સ છે. ૧૯૯૮માં, ડૉ. દિવ્યકીર્તિએ તરૂણા વર્મા સાથે લગ્ન કર્યા, જેઓ પીએચડી ધરાવે છે અને દૃષ્ટિ □□□ના ડાયરેક્ટર તરીકે સેવા આપે છે. તરૂણાના ઈન્સ્ટાગ્રામ પર પણ સારા ફોલોઅર્સ છે, ૬૫.૫ K ફોલોવર્સ છે. ભિવાની, હરિયાણાના રહેવાસી, ડૉ. વિકાસ દિવ્યકીર્તિનો જન્મ ૨૬ ડિસેમ્બર,૧૯૭૩ના રોજ થયો હતો અને તેઓ એક મધ્યમ વર્ગના પરિવારમાં ઉછર્યા હતા. તેમની માતા ભિવાનીમાં પીજીટી ભણાવતા હતા, અને તેમના પિતા મહર્ષિ દયાનંદ યુનિવર્સિટીમાં હિન્દી સાહિત્યના જાણીતા પ્રોફેસર હતા. તેમના બે મોટા ભાઈઓ અનુક્રમે સીબીઆઈમાં ડીઆઈજી અને યુનાઈટેડ સ્ટેટ્સમાં સોફ્ટવેર એન્જિનિયર છે. શરૂઆતનો અભ્યાસ ભિવાનીમાં સરસ્વતી શિશુ મંદિરમાં કર્યા પછી, ડૉ. દિવ્યકીર્તિએ હિન્દીમાં સ્નાતકની ડિગ્રી મેળવવા માટે ઝાકિર હુસૈન દિલ્હી કોલેજમાં પ્રવેશ મેળવ્યો, જે દિલ્હી યુનિવર્સિટીનો એક વિભાગ છે. એમફિલ અને પીએચડી ડિગ્રી ઉપરાંત, તેમણે હિન્દી અને અંગ્રેજીમાં અનુસ્નાતક ડિગ્રી સાથે શિક્ષણને આગળ વધાર્યું. તેમની વ્યાપક શૈક્ષણિક



પૃષ્ઠભૂમિને કારણે તેમને □□□□ ઉમેદવારો માટે ભારતના સૌથી લાયક પ્રશિક્ષકોમાંના એક તરીકે ગણવામાં આવે છે. ડૉ. દિવ્યકીર્તિએ સ્નાતક થયા પછી દિલ્હી યુનિવર્સિટીમાં શિક્ષણ આપવાનું શરૂ કર્યું, આ બધું □□□□ પરીક્ષાઓનો અભ્યાસ કરતી વખતે થયું. પ્રથમ પ્રયાસમાં જ, તેમણે ૧૯૯૬માં ૩૮૪નો ઉત્કૃષ્ટ ક્રમાંક મેળવ્યો. તેમણે થોડા સમય માટે ગૃહ મંત્રાલયમાં કામ કર્યું હોવા છતાં, શિક્ષણ પ્રત્યેના તેમના જુસ્સાને કારણે તેમણે ૧૯૯૯માં દિલ્હીના મુખર્જી નગરમાં દૃષ્ટિ IASLની સ્થાપના કરી. દૃષ્ટિ IASના ડાયરેક્ટર તરીકે, તરૂણા વર્મા તેમની સફળતા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેઓ પોતાની શૈક્ષણિક સિદ્ધિઓ અને નેતૃત્વ ક્ષમતાઓ દ્વારા મહત્વાકાંક્ષી સિવિલ સેવકોને ઉચ્ચ-ગુણવત્તાવાળું શિક્ષણ આપવાના સંસ્થાના ઉદ્દેશ્યમાં નોંધપાત્ર યોગદાન આપે છે.

બે દિવસમાં બે લાખ જેટલા લોકો આવનાર હોઈ પ્રથમવાર પ્રાઈવેટ કોન્સર્ટમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવાશે

# અમદાવાદમાં 'કોલ્ડપ્લે કોન્સર્ટ'ની સુરક્ષા માટે પડકાર : પોલીસ સહિત NSG પણ બંદોબસ્તમાં

## કામચલાઉ હોસ્પિટલ, એમ્બ્યુલન્સ, CCTV વાન, ડીટેક્ટર સહિત વ્યવસ્થામાં સામેલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

ગુજરાત સહિત દેશમાં ઉત્સુકતા જગાવવા કોલ્ડપ્લે કોન્સર્ટ અમદાવાદમાં આગામી ૨૫ અને ૨૬ જાન્યુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લે કોન્સર્ટ યોજાવાની છે. બે દિવસ દરમિયાન યોજાનારી આ કોન્સર્ટમાં બે લાખ કરતા વધુ લોકો સામેલ થવાના છે. ત્યારે તેઓની સુરક્ષા માટે અમદાવાદ પોલીસે એકશન પ્લાન તૈયાર કરી દીધો છે. અમદાવાદમાં પ્રથમવાર પ્રાઈવેટ કોન્સર્ટમાં સ્થાનિક પોલીસની સાથે NSG કમાન્ડો પણ જોડાશે. કુલ ૩૮૨૫ પોલીસ અધિકારી અને કર્મચારીઓ બંદોબસ્તમાં જોડાશે. સુરક્ષા વ્યવસ્થાની સાથે સાથે લોકોના આરોગ્યની પણ કાળજી લેવાશે. સ્ટેડિયમ પર જ કામચલાઉ હોસ્પિટલ તૈયાર કરાશે અને એમ્બ્યુલન્સ પણ તૈનાત કરાશે.

કોન્સર્ટને લઈ ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે પણ અમદાવાદ પોલીસે પ્રતિબંધિત અને વૈકલ્પિક માર્ગોનું લિસ્ટ તૈયાર કર્યું છે. આગળ જાણીએ બે દિવસની કોન્સર્ટને લઈ શહેરના મેટ્રો સ્ટેશનોથી લઈ મોટેરા સુધી ટ્રાફિક વગેરેના સંચાલનને લઈ તડભાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. કોલ્ડપ્લે કોન્સર્ટમાં આવનારા લાખો લોકની સુરક્ષા માટે સ્થાનિક પોલીસે એકશન પ્લાન તૈયાર કર્યો છે. અમદાવાદમાં પ્રાઈવેટ કોન્સર્ટમાં પ્રથમવાર સ્થાનિક પોલીસની સાથે NSG કમાન્ડો પણ જોડાશે અને સુરક્ષા કવચ તૈયાર કરી રહ્યા છે. ૨૫ અને ૨૬ તારીખે યોજાનારી કોન્સર્ટમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સંકુલ, રસ્તાઓ, ટ્રાફિક, અને હોટલ બંદોબસ્તમાં કુલ ૩૮૨૫ પોલીસકર્મીઓ અને અધિકારીઓ ખડેપગે રહેશે. આ ઉપરાંત ક્રાઈમબ્રાંચ, એસઓજીની અલગ અલગ ટીમો તથા મેટ્રો સ્ટેશન ખાતે અલાયદો બંદોબસ્ત રહેશે.

૧૪-ડીસીપી, ૨૫-એસીપી, ૬૩-પીઆઈ, ૧૪૨ પીએસઆઈ તથા ૩૫૮૧ જેટલા અન્ય પોલીસકર્મી જોડાશે. આ ઉપરાંત QRTની ૩ ટીમ, NSGની એક ટીમ તથા SDRFની એક ટીમ, BDDSની ૧૦ ટીમ જોડાશે. આ સાથે બંદોબસ્તમાં બે-CCTV વાન, બેગ્રેઝ સ્કેન ૨-૨ તથા ૪૦૦ ડિટેક્ટર પણ સામેલ કરવામાં આવ્યા છે. ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત-ડાયવર્ઝન માટે જાહેરનામું બહાર પડશે. જનપથ ટી મોટેરા સ્ટેજડીયમ મુખ્ય ગેટ થઈ કૃપા રેસીડેન્સી ટી થઈ મોટેરા ટી સુધીનો જતો-આવતો માર્ગ વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત રહેશે. વૈકલ્પિક રૂટ તરીકે ૧.તપોવન સર્કલથી ONGC ચાર રસ્તાથી વિસત ટીથી જનપથ ટી થઈ પાવર હાઉસ ચાર રસ્તા થઈ પ્રબોધ રાવળ સર્કલ સુધીના જતા આવતા માર્ગ પરથી અવરજવર કરી શકાશે. ૨. કૃપા રેસીડેન્સી ટી થઈ શરણ સ્ટેટસ ચાર રસ્તા થઈ ભાટ કોટેશ્વર રોડ થઈ એપોલો સર્કલ તરફ અવરજવર કરી શકાશે. આ ઉપરાંત બે દિવસ દરમિયાન મોટી સંખ્યામાં આવનારા લોકોની તબિયત લથડે તો તાત્કાલીક સારવાર મળી શકે તે માટે આરોગ્યની ટીમ પણ તૈનાત રહેશે. કાર્ડિયાક ફેસેલિટી સાથેની ૭ એમ્બ્યુલન્સ તૈનાત રખાશે. આ ઉપરાંત સ્ટેડિયમ પર જ બે ટેમ્પરરી હોસ્પિટલ ઉભી કરાશે. કોન્સર્ટ જોવા આવનારા પ્રેક્ષકો માટે ગ્રાઉન્ડમાં નિઃશુલ્ક પાણીની વ્યવસ્થા કરાશે. ૫ વાગ્યે શરૂ થનારી કોન્સર્ટ માટે ૨ વાગ્યાથી પ્રવેશ શરૂ કરાશે અને ૧૦ વાગ્યે કોન્સર્ટ પૂર્ણ થશે. કોન્સર્ટમાં હાજર રહેનારા પ્રેક્ષકો પોતાની સાથે મોબાઈલ ફોન, પાવરબેંક, બેગ લાવી શકશે.

તા.૧૯મી ફેબ્રુઆરીના રોજ સત્રના પ્રારંભના દિવસે રાજ્યપાલ બેઠકને સંબોધશે

# ગુજરાત વિધાનસભાના ૩૮ દિવસના બજેટ સત્રમાં કુલ ૨૭ બેઠકો મળશે

## આભાર પ્રસ્તાવ, બજેટ ચર્ચા, માંગણીઓ પર ચર્ચા સાથે નવા વિધેયકો પણ પસાર કરાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

આગામી તા. ૧૯ ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર મળશે. ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનાર બજેટ સત્ર ૨૮ માર્ચ સુધી ચાલશે. જેમાં કુલ ૨૭ બેઠકો મળશે. તા. ૧૯થીએ સત્રના પ્રથમ દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત બેઠકને સંબોધન કરાશે. ત્યારે બાદ નાણા મંત્રી કનુભાઈ દેસાઈ સત્રના બીજા દિવસ ૨૦મી ફેબ્રુઆરીએ ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરશે. સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ વર્ષનું બજેટ વધુ સુવિધાજનક અને રાજ્યની વિકાસની નવી દિશા આપનારું હશે. તેમ જણાવી વર્ષ ૨૦૨૫ ગુજરાતની પ્રગતિ માટે માઈલ સ્ટોન સાબિત થશે. તેમ ઉમેર્યું હતું.

બજેટ સત્ર હોવાથી ૨૦મી ફેબ્રુઆરીએ વર્ષ- ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત, વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત અને વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત કરવામાં આવશે. આ ઉપરાંત, અંદાજપત્ર - બજેટ પર ચર્ચા, સરકારી સંકલ્પો, માંગણીઓ પર ચર્ચાઓ અને સરકારી- બિન સરકારી વિધેયકો પણ રજૂ કરવામાં આવશે. તા.૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનાર આ ૩૮ દિવસના સત્રમાં જાહેર રજા વગેરેના દિવસો બાદ કરતા ૨૭ દિવસ જેટલી બેઠકો મળશે. જેમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા સાથે અડધો ડઝનથી વધુ નવા વિધેયકો પણ પસાર કરવામાં આવશે. આ મહત્ત્વપૂર્ણ સત્રમાં નાણામંત્રી કનુ દેસાઈ દ્વારા રાજ્યના બજેટમાં આગામી વર્ષ માટે સરકારની નાણાકીય યોજનાઓ અને વિકાસ પહેલની રૂપરેખા આપવામાં આવશે. બજેટમાં માળખાગત સુવિધાઓ, શિક્ષણ, આરોગ્ય સંભાળ અને સામાજિક કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રો માટે મુખ્ય ફાળવણીઓ જાહેર થવાની અપેક્ષા છે. સત્ર દરમ્યાન કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સરકારની કામગીરીની ચકાસણી કરશે, બેરોજગારી અને ખ્યાતિ હૉસ્પિટલના કૌભાંડ જેવા મુદ્દાઓને લઈને વિધાન સભામાં સરકારને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવશે એટલે કે વિરોધ પક્ષે આક્રમક રૂપ અપનારવશે તો સામે પક્ષ સત્તાધીશ ભાજપ સંરક્ષણાત્મક ભૂમિકા નિભાવવા સાથે વળતા પ્રહાર પણ કરશે તેમ મનાય છે.

કેમેરાના MAC Address ચાઈનાના હોવાથી સલામતી જોખમાઈ હતી, કેમેરા બંધ કરવા પડ્યા

# સી.જી. રોડ પર કેમેરા લગાવવા બાબતે ખર્ચેલ રૂા.૯ કરોડ પાણીમાં ગયા !

## હવે નવા CCTV લગાવવાનો ખર્ચ અલગ : વિપક્ષના નેતા

અમદાવાદ, તા.૨૨

વર્ષ ૨૦૨૦માં અમદાવાદ શહેરના સી.જી.રોડ પર રૂા.૯.૦૦ કરોડના ખર્ચે લગાવેલ ૧૭ સી.સી.ટી.વી. કેમેરાના MAC Address ચાઈના ના હતાં જેને કારણે શહેરની તથા નગરજનોની સલામતી જોખમાઇ હતી. ત્યારે હાલ પણ સી.જી.રોડના સી.સી.ટી.વી. બંધ હાલતમાં છે તેમ જણાવતા અ.મ્યુ.કો.ના વિપક્ષ નેતા શહેઝાદ ખાન પઠાણે વધુમાં કહ્યું કે, અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દ્વારા સને ૨૦૨૦માં સલામતી અને સુરક્ષાના હેતુસર અમદાવાદ શહેરના હાર્દ સમાન પશ્ચિમ ઝોનમાં સી.જી.રોડ પર રૂા.૯.૦૦ કરોડના ખર્ચે કુલ ૧૭ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા હતાં તે તમામ સી.સી.ટી.વી. કેમેરા મેક ઈન ચાઈના હોવાથી તેના MAC Address ચાઈનાના હતાં જે બાબતે તંત્ર અજાણ હતું જેને કારણે ચાઈનાના MAC Address હોવાથી ચાઈનામાં બેઠા બેઠા શહેરની ગતિવિધી તથા અન્ય માહિતી સરળતાથી મેળવી શકાય અને જોઈ પણ શકાય તેથી સી.સી.ટી.વી. કેમેરાના MAC Address ચાઈનાના હોવાની બાબતની તંત્રને જાણ થતાં તાત્કાલિક તમામ સી.સી.ટી.વી કેમેરા બંધ કરી દેવામાં આવ્યા છે જે લાંબા સમયથી બંધ હાલતમાં છે જેને કારણે રૂા.૯.૦૦ કરોડનો ખર્ચ પાણીમાં જવા પામેલ છે આ બાબતે તંત્ર દ્વારા પુરતું ધ્યાન નહી રાખવાના કારણે શહેરની તથા નગરજનોની સલામતી જોખમાઇ છે જે ખુબ જ ગંભીર બાબત છે હવે મોડે મોડે જાગેલ તંત્રને નવા સી.સી.ટી.વી કેમેરા લગાવવાનું યાદ આવ્યું અને તે બાબતે નવા ટેન્ડર પણ કાઢવાની કામગીરી શરૂ કરેલ છે તે નવા ટેન્ડરમાં સી.સી.ટી.વી. કેમેરાના MAC Address ઈન્ડીયાના હોવા જોઈએ તે બાબતની ફરજીયાત જોગવાઈ કરવામાં આવી છે આમ ખાતર પર દિવેલ ! પહેલાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબતે ખર્ચેલ રૂા.૯.૦૦ કરોડ પાણીમાં અને સલામતી બાબતે અક્ષમ્ય બેદરકારી અને નવા સી.સી.ટી.વી કેમેરા લગાવવાનો ખર્ચ અલગ જેથી આવી ગંભીર બાબતને ધ્યાનમાં લઈ ટેકનોલોજીને લગતાં તમામ સાધનો બાબતે પુરતી તકેદારી રાખવા બાબતે તંત્ર દ્વારા તાકીદે યોગ્ય કાર્યવાહી કરવા કોંગ્રેસ પક્ષની માંગણી છે.

# અમદાવાદ શહેરને ઓલમ્પિક સિટી બનાવવા સિટી માસ્ટર પ્લાન તૈયાર થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

ભારત દેશમાં આગામી ૨૦૩૬માં ઓલમ્પિકના આયોજનના ભાગરૂપે અમદાવાદ શહેરને ઓલમ્પિક સીટી બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા VISION AHMEDABAD 2036 & VIKSIT AHMEDABAD ૨૦૪૭નો સીટી માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવનાર છે. જેના માટેસર્વેકરાવવા તેમજ સર્વે આધારીત કોમ્પ્રીહેન્સીવ રીપોર્ટ બનાવવાના કામ માટે ક્લોવીટી એન્ડ કોસ્ટ બેઝ સિલેક્શન (OCBS) મુજબ કન્સલ્ટનટની નિમણૂક કરવામાં આવશે.

ઓલમ્પિક સિટી માટે માસ્ટર પ્લાન અંતર્ગત ભવિષ્યના પ્લાનનું આયોજન કરવાનું રહેશે. ત્રણ તબક્કામાં સીટી માસ્ટર પ્લાન તૈયાર કરવાનો રહેશે. પ્રથમ તબક્કામાં બેઝ લાઈન અને પરિસ્થિતિનું એનાલિસિસ કરવામાં આવશે. જેમાં અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રીયલ અને કોમર્શિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, આરોગ્ય, હવામાન અને આબોહવા, સ્પોર્ટ્સ તેમજ કનેક્ટિવિટી અંતર્ગત ઊંડાણપૂર્વક એનાલિસિસ કરવામાં આવશે. બીજા તબક્કામાં શહેરના ભવિષ્યના ઈન્ફ્રાસ્ટ્રકરથી લઈને વિકાસ માટે કામગીરી કરવાની રહેશે જેમાં ૨૦૪૭ સુધીની વસ્તીને ધ્યાનમાં લઈને અમદાવાદ શહેરના વિકાસ અને હેતુ વગેરેને પૂર્ણ કરવા તરફ આયોજન કરાશે.

ઈન્ફ્રાસ્ટ્રકચર, પ્લેસ મેકિંગ, બ્રિજ અંડર સ્પેસ, પાર્કિંગ, રોડ નેટવર્ક પ્લાનિંગ, કીડ્સ પ્લે એરિયા, ફન પાર્ક ગેમ ઝોન, તળાવો આઈકોનિક રોડ વગેરેને પણ ધ્યાનમાં લેવામાં આવશે. ત્રીજા તબક્કામાં ૨૦૩૬ અંતર્ગત જે વિઝન તૈયાર કરવામાં આવ્યું છે તેમાં જે પ્રોજેક્ટ પોલિસી વગેરેમાં ગેપ રહેલો છે તેને કેવી રીતે દૂર કરી શકાય તે અંગે પ્લાન તૈયાર કરવાનો રહેશે. શહેરના ડિઝાઈનનું પ્લાનિંગ, શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને ટ્રાન્સપોર્ટેશનના ડિઝાઈનના અમલીકરણ માટે પણ ડિઝાઈન નક્કી થશે. અલગ અલગ પ્રકારનો ડેટા તૈયાર કરવામાં આવશે અને શહેરના નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર થી લઈને વિકાસ માટે પ્લાન તૈયાર થશે.

# પશ્ચિમ રેલવે અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ વચ્ચે દોડાવશે સુપર ફાસ્ટ સ્પે. ટ્રેન

## બુકિંગ ૨૨ જાન્યુઆરીથી બધા પીઆરએસ કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૨

મુસાફરોની સુવિધા અને ધસારાને ધ્યાનમાં લઈને પશ્ચિમ રેલ્વે દ્વારા અમદાવાદ અને બાંદ્રા રેલવે ટર્મિનસ વચ્ચે ખાસ ભાડા પર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લીધો છે.જેમાં અમદાવાદ બાંદ્રા સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૪ જાન્યુઆરી ૨૦૨૫ શુક્રવારના રોજ અમદાવાદથી રાત્રે ૮ વાગ્યે ઉપડશે અને બીજે દિવસે સવારે ૪.૨૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૫ જાન્યુઆરી ૨૦૨૫, શનિવારના રોજ બાંદ્રા ટર્મિનસથી ૫.૩૫ વાગ્યે ઉપડશે અને તેજ દિવસે ૧૩.૪૫ વાગ્યે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન બન્ને દિશામાં વડોદરા, ઉધના, વલસાડ, વાપી, દહણું રોડ અને બોરીવલી રેલ્વે સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે. આ બંનો ટ્રેન માટે બુકીંગ ૨૨ જાન્યુઆરી ૨૦૨૫થી બધા પીઆરએસ કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સ્ટોપેજ સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો રેલ્વેની વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

# ગોમતીપુર સહિત અમદાવાદ શહેરની ૫૦૦૦થી વધારે સ્ટ્રીટ લાઈટો બંધ !

## શહેરને અંધારપટમાંથી મુક્ત રાખવા મ્યુ.કાઉન્સિલરની મ્યુ.કમિશનરને અપીલ

અમદાવાદ, તા.૨૨

ગોમતીપુર વોર્ડ સહિત અમદાવાદની ૪૦૦૦થી વધારે સ્ટ્રીટ લાઈટો બંધ થવા બાબતે જરૂરી કામગીરી કરી શહેરને અંધારપટમાંથી મુક્ત રાખવા ગોમતીપુર વોર્ડના મ્યુ.કાઉન્સિલર ઈકબાલ શેખે મ્યુ.કમિશનરને રજૂઆત કરી છે. ઈકબાલ શેખે જણાવ્યું હતું કે, કોર્પોરેશન હસ્તકના લાઈટ વિભાગ દ્વારા સિટેલૂમ ઈન્ડિયા લિમિટેડને સ્ટ્રીટ લાઈટના પાંચ વર્ષનો O & M ૦૨ જાન્યુઆરી-૨૫માં પૂરો થયા બાદ પણ હજુ સુધી નવા ટેન્ડર માટે પ્રક્રિયા શરૂ કરવાની હતી પરંતુ આ પ્રક્રિયા હાથ ના ધરાંતા શહેરના અનેક વિસ્તારમાં અંધારપટની સ્થિતિ સર્જાવાની શકયતા ઉભી થઈ છે. તા.૦૨/૦૧/૨૫ પછીથી તા.૨૧/૦૧/૨૫ સુધી ગોમતીપુર વોર્ડમાં તેમજ શહેરમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેવા અંગેની ફરીયાદો પણ વધવા પામેલ છે. ઝોનવાઈઝ અંદાજે ૪૪૪૦થી વધારે સ્ટ્રીટ લાઈટો બંધ પશ્ચિમ ઝોનમાં ૯૦૦થી વધારે, મધ્ય ઝોનમાં ૫૭૦થી વધારે, દક્ષિણ ઝોનમાં ૯૬૦થી વધારે, ઉત્તર ઝોનમાં ૬૧૦થી વધારે, પુર્વ ઝોનમાં ૭૦૦થી વધારે, નવા પશ્ચિમ ઝોનમાં ૪૫૦થી વધારે સ્ટ્રટ લાઈટો બંધ છે. સામાન્ય રીતે કોઈપણ કામગીરી કે સેવાઓ આપતી એજન્સીઓની મુદ્દત પુરી થવાના છ માસ પહેલા નવા ટેન્ડરની પ્રક્રિયા શરૂ કરવાની રહે છે. પરંતુ લાઈટ વિભાગના વહીવટી તંત્ર દ્વારા કોઈ અગમ્ય કારણોસર શહેરની સ્ટ્રીટ લાઈટના વીજપોલના O & Mની કામગીરી સમયસર હાથ ન ધરી અમદાવાદના ૪૮ વોર્ડમાં બે લાખથી વધારે સ્ટ્રીટ લાઈટના પોલ માટે આપેલ કોન્ટ્રાકટની અવધિ પુર્ણ થતાં શહેરમાં સ્ટ્રીટ લાઈટ બંધ થાય તો ચાલુ કરવા કોણ જાય તેવી સમસ્યા ઉભી થઈ છે. વધુમાં, ચાલુ શિયાળાની ઋતુમાં દિવસ પણ વહેલો આથમતો હોઈ વહેલું અંધારૂ થઈ જાય છે. જેથી શહેરમાં જાહેર સ્થળોએ ચોરીઓ થવાની શકયતા પણ વધી જાય છે. તો આ બાબતે કોર્પોરેશનના નિયંત્રણ હેઠળના લાઈટ વિભાગ દ્વારા સ્ટ્રીટ લાઈટના વીજ પોલ અંગેના ટેન્ડરની પ્રક્રિયા શરૂ કરી ગોમતીપુર વોર્ડ તેમજ શહેરને અંધારપટમાંથી મુકત રાખવા અપીલ છે.

# ફલાવર શો વધુ બે દિવસ લંબાવાયો

અમદાવાદ, તા.૨૨

AMC દ્વારા અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર યોજવામાં આવેલો ફલાવર શો ખૂબ પ્રસિદ્ધ થયો છે. દેશ વિદેશના લોકો સહિત રોજના હજારો લોકો આ ફલાવર શો જોવા મુલાકાત લઈ રહ્યા છે. ત્યારે આંતરરાષ્ટ્રીય ફલાવર શો ૨૦૨૫ને વધુ બે દિવસ માટે લંબાવવાનો નિર્ણય કોર્પોરેશન દ્વારા લેવામાં આવ્યો છે. આગામી ૨૫ - ૨૬ જાન્યુઆરી એમ વધુ બે દિવસ માટે નાગરિકો માટે ચાલુ રહેશે. છેલ્લા ૨૦ દિવસમાં ફલાવર શોની ૧૦ લાખ લોકો મુલાકાત લઈ ચૂક્યા છે અને રૂા.૮ કરોડથી વધુની આવક થઈ છે.

# મિલકતના બાકી લેણાં પર પહેલો દાવો સુરક્ષિત લેણદાર તરીકે બેંકનો જ હોઈ શકે, કેન્દ્ર કે રાજ્ય સરકારનો નહીં : હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

બેંક મારફતે હરાજીમાં લીધેલી મિલકતો અને તેના ઉપર સરકારી સત્તાઓ દ્વારા બાકી લેણાં બાબતે મિલકતો ઉપર હકક અધિકારના દાવા બાબતના એક કેસમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિર્ઝર દેસાઈએ એક મહત્વનો ચુકાદો આપ્યો હતો કે, કોઈપણ બાકી લ્હેણાંના દાવામાં કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈપણ દાવા કરતાં સુરક્ષિત લેણદારોનો દાવો પહેલો બને એટલે કે, તે પહેલી પ્રાથમિકતા ધરાવે છે. આમ, હાઈકોર્ટે સીક્યોર્ડ ક્રેડિટર્સની પ્રાથમિકતા સ્પષ્ટ કરી હતી.

હાઈકોર્ટે એમ પણ સ્પષ્ટ કર્યું હતું કે, બેંકો પાસેથી જાહેર હરાજીથી મિલકતો ખરીદનાર બોનાફાઈડ પરચેઝર પાસેથી સરકાર કે સંબંધિત ડિપાર્ટમેન્ટ બાકી લ્હેણાં કે બોજાની વસૂલાત ના કરી શકે. આ સાથે વિભાગો દ્વારા કરવામાં આવેલી નોંધો રદ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

હાઈકોર્ટ સમક્ષ થયેલી જુદી-જુદી રિટ અરજીમાં એવો કાયદાકીય મુદ્દો ઉપસ્થિત થયો હતો કે, બેંકો પાસેથી ડીઆરટી મારફતે જાહેર હરાજી મારફતે મિલ્કતો ખરીદનાર કેટલાક બોનાફાઈડ પરચેઝર મિલ્કત ખરીદયા બાદ જયારે રવન્યુ એન્ટ્રીમાં નામ ફેરફાર કરાવવા અને તેઓનું નામ તબદિલ કરાવવા ગયા ત્યારે ખબર પડી કે, આ મિલકત પર સેલ્સ ટેક્સ ડિપાર્ટમેન્ટ, જીએસટી ડિપાર્ટમેન્ટ અથવા રાજય કે કેન્દ્ર સરકારના આવા કોઈ વિભાગનો બોજો કે બાકી લ્હેણાંની વસૂલાત આગળના મિલ્કતધારક દ્વારા બાકી બોલે છે અને તેથી તેઓને રેવન્યુ રેકોર્ડમાં મ્યુટેશન એન્ટ્રી સુધારવાની સત્તાવાળાઓએ ના પાડી દીધી હતી. બીજીબાજુ, કેન્દ્ર અને રાજય સરકારના ડિપાર્ટમેન્ટ દ્વારા બાકી લ્હેણાં માટે દાવો કરાયો હતો. બીજીબાજુ, બેંકોનો દાવો પ્રાથમિકતાના ધોરણે હોય એવા કાનૂની મુદ્દા સાથે બોનાફાઈડ પરચેઝર હાઈકોર્ટમાં આવ્યા હતા. જેઓના તરફથી એડવોકેટ પથિક આચાર્ય અને અજય આર મહેતાએ જણાવ્યું હતું કે, અરજદારો બોનાફાઈ પરચેઝર છે અને તેમણે તો પબ્લીક ઓકશનમાં મિલકતો ખરીદી છે, તેથી તેમને આગળના મિલ્કતધારકો દ્વારા ઉભા કરાયેલા બોજા કે દેવા સાથે કોઈ લેવાદેવા નથી. વળી, સરફેસી એકટની કલમ-૨૬ ઈની જોગવાઈ મુજબ પણ મિલકત પર સુરક્ષિત લેણદારોનો પ્રભાવ અસુરક્ષિત લેણદારો કરતાં પહેલો અને વધુ પ્રભાવી રહે છે. અરજદારો જાહેર હરાજીથી સીકયોર્ડ ક્રેડિટર્સ એવી બેંકો પાસેથી મિલ્કતો ખરીદી છે અને તેથી આગળના પુરોગામી મિલ્કતધારકોના બોજા કે દેવાને લઈ અરજદાર કે જેઓ બોનાફાઈડ પરચેઝર છે તેઓના નામ રેવન્યુ એન્ટ્રીમાં દાખલ કરવાનો સત્તાવાળાઓ ઈન્કાર કરી શકે નહી.

અદાલતે ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું હતું કે, અરજદારોએ પબ્લીક ઓકશનમાં મિલ્કતો ખરીદી છે અને પૈસા ચૂકવતાં બેંકો તરફથી વેચાણ સર્ટિફિકેટ ઈશ્યુ કરાયુ છે. તેથી મિલ્કતના બોજા કે બાકી લ્હેણાં પર પહેલો દાવો સુરક્ષિત લેણદાર તરીકે બેંકનો જ હોઈ શકે, નહી કે, કેન્દ્ર કે રાજય સરકારનો. તેથી તમામ રિટ અરજીઓ મંજૂર કરવામાં આવે છે અને વિવાદીત મિલ્કતો પર રાજય સરકાર કે તેના સત્તાવાળાઓનો જે કોઈ બોજો કે, એટેચમેન્ટ હોય તે રદ કરી અરજાદર મિલ્કતધારકોના નામ રેવન્યુ રેકોર્ડમાં ચઢાવવા હુકમ કરવામાં આવે છે કારણ કે, મિલકત પર પહેલો અધિકાર અને દાવો બેંકોનો ઠરે છે.

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ વિવિધ માગણીઓ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો

# ગુજરાતમાં ડિમોલિશનની કાર્યવાહીથી બેઘર બનેલા અસરગ્રસ્તોને પુનઃવસન માટે સહાય આપવા ધારાસભ્યની મુખ્યમંત્રીને અપીલ



અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં થઈ રહેલી ડિમોલિશનની કાર્યવાહીથી ગરીબ અને અત્યંત નબળા વર્ગના લોકો બેઘર બન્યા છે. આ લોકોને રહેઠાણ મળવા જોઈએ ત્યારે જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા દ્વારા આ મુદ્દા સહિત વિવિધ માગણીઓ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર થકી રજૂઆત ગ્યાસપુર ખાતે સી.સી.ટી.પી પ્લાન્ટ બનાવવામાં આવ્યો જેના પ્રોજેક્ટમાં એસોસિએશન દ્વારા રૂા.૧૦.૯૮ કરોડ જમા કરવામાં આવ્યા હતા. બાકી રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ લાવવાની હતી. પરંતુ સંજોગો અવસાત કેન્દ્ર સરકારની ગ્રાન્ટ લેપ્સ થઈ ગઈ અને તેનુ નાણાંનું ભરણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પર આવી

## ● અમદાવાદમાં બંધ ફેક્ટરીઓથી બેરોજગાર બનેલા ૧.૫થી ૨ લાખ લોકો માટે જરૂરી પગલા લેવા માંગ ● લારી-ગલ્લા તથા પાથરણાંવાળા માટે સ્ટ્રીટ વેન્ડર પોલિસી અમલી બનાવવા રજૂઆત

કરવામાં આવી છે.

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ રજૂઆતામાં જણાવ્યું છે કે, રાજ્યમાં ગરીબ અને મધ્યમ વર્ગ કે જેઓ પોતાના પાકા મકાનો કે જમીન ધરાવતાં ન હોઈ તેવા નાગરીકો કાચા-પાકા મકાન બનાવીને આશરો/ઘર/ઝુંપડા બનાવીને જીવન ગુજારતા હોય છે, આવા દબાણો એ કાયમી પાકા દબાણો હોતા નથી. આવા મોટાભાગના નાગરિકો મજુરી કરતાં હોય છે. આવા નાગરિકોને રહેવા માટે પોતાની જમીન કે મકાન ન હોવાથી તેઓ દ્વારા સરકારી ખુલ્લી જમીન પર ઝુંપડાઓ બાંધીને વરસાદ, તડકો અને ઠંડીથી બચવા આશરો બાંધેલ હોય છે તે જિલ્લા તંત્ર દ્વારા આગોતરી કોઈ પણ પ્રકારની જાણ કર્યા સિવાય ગરીબ અને અત્યંત નબળા વર્ગના રહેવાના ઝુંપડાઓ તોડીને રઝળતાં કરી દેવામાં આવે છે. આથી, ડીમોલિશનની કાર્યવાહીથી થનાર અસરગ્રસ્તો પ્રત્યે માનવતા દાખવીને તેઓને પુનઃ વસન કરવા માટે જરૂરીયાત મુજબ રાહતદરે પ્લોટોની ફાળવણી કરી મકાન બાંધવા માટે સહાય મંજુર થાય તે માટે મુખ્યમંત્રીની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા ભલામણ સહ અપીલ છે.

ઈમરાન ખેડાવાલાએ વધુમાં કહ્યું કે, અમદાવાદ શહેરના સરખેજ-વેજલપુર-જુહાપુરામાં નવો ઓવરબ્રિજ બની રહ્યો છે, તેના કારણે રહેઠાણનાં મકાનો અને દુકાનો કપાતમાં આવે છે, તે અસરગ્રસ્તોને કોઈ સહાય આપવામાં આવતી નથી. આથી, ઓવરબ્રિજના કારણે કપાતમાં આવતાં રહેઠાણના મકાનો અને દુકાનો કપાતમાં જાય છે તેમને સહાય અને વળતર આપવા માટે યોગ્ય કાર્યવાહી થવા વિનંતી છે.

રાજ્યમાં અને ખાસ કરીને અમદાવાદ શહેરમાં લારી-ગલ્લા પાથરણાંવાળા માટે સ્ટ્રીટ વેન્ડર પોલીસી અમલમાં ન હોવાથી ચોક્કસ જગ્યા ફાળવવામાં આવેલ નથી, જેના કારણે આવા ધંધાર્થીઓ રાત-દિવસ, વરસાદ-તાપ-ટાઢમાં પરિવારનું ગુજરાન ચલાવવા લારી-ગલ્લા લઈને ઉભા રહે છે, તેમને કોર્પોરેશન દબાણ સમજીને ઉપાડી જાય છે, ત્યારે આવા ધંધાર્થીઓ લોનના હપ્તાઓ પણ ભરી શકતા નથી અને પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ થઈ જાય છે. તેથી લારી-ગલ્લા-પાથરણાવાળાઓ માટે સ્ટ્રીટ વેન્ડર પોલીસી અમલ બનાવીને ચોક્કસ જગ્યા નિયત કરવામાં આવે તે માટે યોગ્ય કાર્યવાહી થવા ભલામણ સહ વિનંતી છે.

ખેડાવાલાએ જણાવ્યું કે, અમદાવાદના દાણીલીમડા, બહેરામપુરા, ખોડિયારનગર તથા નારોલ સુએઝ ફાર્મમાં આવેલી નાની મોટી એવી ૫૩૪ ફેક્ટરીઓ આવેલ છે. સપ્ટેમ્બર ૨૦૨૩માં CETP અમલમાં આવ્યો ત્યારબાદ ગયુ. AMC નોડલ એજન્સી હોવાના કારણે તે ભારણ સહન કર્યું અને હવે તે AHSPA જોડેથી વસુલવાની વાત છે. તેના બદલે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવી જોઈએ. હાઈકોર્ટમાં PIL ચાલુ હોવાના કારણે સપ્ટેમ્બર ૨૦૨૩ પહેલા પણ ૯ મહિના ફેક્ટરીઓ બંધ થઈ ગઈ હતી. પ્લાન્ટનું GPCB દ્વારા કલોઝર જુન-૨૦૨૪થી આવી ગયુ હતું. ત્યારથી અત્યાર સુધી આ પ્લાન્ટ બંધ છે. જેના કારણે અહીંયા નાના મોટા ઉદ્યોગો બંધ થઈ ગયા છે તેના કારણે ૧.૫થી ૨.૦૦ લાખ લોકો સીધા બેરોજગાર થઈ ગયા છે.

ઘણી બધી ફેક્ટરીઓ બેંકની NPA થઈ ગઈ છે તથા બેરોજગારીના કારણે મજૂરો પણ આત્મહત્યા સુધીના પ્રયાસ કરે છે.

જેથી ફેક્ટરી માલિકો અને ફેક્ટરી કામદારોની ક્રમશઃ માંગ છે કે (૧) ફેક્ટરીઓ બાકી નીકળતા નાણા ભરવા તૈયાર છે પણ રાહતની અપેક્ષા છે કારણ કે ફેક્ટરીઓ કેટલાય સમયથી બંધ છે. (૨) AHSPAના મેનેજમેન્ટ પર મેમ્બરોને વિશ્વાસ નથી તો ફેક્ટરી માલિકો મેનેજમેન્ટમાં આવે. (૩) ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા મળેલ કલોઝર રીવોક કરી આપવા. (૪) રાજ્ય સરકાર દ્વારા મંજુર થયેલ ગ્રાન્ટ વહેલી તકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જમા થવાની અપેક્ષા છે આ તમામ માંગ ધ્યાને લઈ પગલા લેવા ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની મુખ્યમંત્રીને અપીલ છે.

૨૦૧૩માં બનેલ કાંકરેજ પાસેનો બ્રિજ જર્જરિત હાલતમાં !

# રાજ્યમાં હાટકેશ્વર બાદ હવે બનાસ નદી પરના બ્રિજનું કૌભાંડ બહાર આવ્યું

## રેલવે તંત્રે વિજિલન્સ તપાસ બાદ કોન્ટ્રાક્ટર સામે ફરિયાદ નોંધાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૨

હાટકેશ્વર બ્રિજના કોન્ટ્રાક્ટર અજય ઈન્ફ્રા.ના ભ્રષ્ટાચારનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. જેમાં કાંકરેજના ઉંબરી પાસે બનાસ નદી ઉપરનો પુલ તકલાદી નિકળ્યો હતો. ત્યારે પુલ નબળો હોવાથી અહીં ટ્રેન ૧૦ કિલોમીટરની સ્પીડે હંકારવી પડે છે.

મળતી માહિતી મુજબ રેલવેને નબળા બ્રિજને કારણે ૧૦૦ કરોડનું નુકસાન સર્જાયું છે. સૂત્રોના જણાવ્યા આધારે કાંકરેજના ઉંબરી પાસે બનાસ નદી ઉપર ૧૦ વર્ષમાં બ્રિજના સળિયા દેખાવા લાગ્યા હતા. જેમાં પિલ્લરમાંથી કોંક્રીટ પણ નિકળવા લાગ્યું હતું. જર્જરીત બ્રિજ ગમે ત્યારે ધસી પડે એવી શક્યતા દેખાઈ રહી છે. આ ઘટનાને લઈ રેલવેએ વિજિલન્સ તપાસ બાદ ફરિયાદ નોંધાવી હતી. જેમાં વર્ષ ૨૦૧૩માં બ્રિજ બનાવવામાં આવ્યો હતો. ત્યારે આટલા વર્ષોમાં જ બ્રિજની સ્થિતી જર્જરિત જેવી થતા અને બ્રિજની નબળી કામગીરીના કારણે મોટી દૂર્ઘટનાનું સંકટ સર્જાયું છે. આ તમામ બાબતે વિજિલન્સ તપાસ બાદ રેલવે વિભાગે અજય ઈન્ફ્રા. મહેસાણા સામે ફરિયાદ નોંધાવી છે. આ ઘટનામાં નદીમાં પુર આવતા નબળો બ્રિજ હોવાની પોલ ખુલી ગઈ હતી. દરમિયાન પુલ નબળો હોવાના કારણે ટ્રેન ૧૦ કિલોમીટરની સ્પીડે હંકારવી પડે છે તેમ રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું. પુલની આ ઘટનાને લઈ વધુ એક વખત અજય ઈન્ફ્રાનો ભ્રષ્ટાચાર સામે આવ્યો છે. આ પ્રકારે એક જ કોન્ટ્રાક્ટરના આવા કારનામાની વિગતો બહાર આવતા લોકોમાં રોષ ઉભો થવા સાથે આવા કોન્ટ્રાક્ટર સામે કડક કાયદેસર કાર્યવાહી કેમ કરાતી નથી તેવા પ્રશ્નો પણ ઉભા થવા પામ્યા છે.

# લેબેનોનમાં હિઝબુલ્લાહના ટોચના કમાન્ડર અને નેતા શેખ મોહંમદઅલી હમાદીની ઘરની બહાર કરપીણ હત્યા



(એજન્સી) બૈરૂત, તા.૨૨

હિઝબુલ્લાહ જૂથના સિનિયર નેતા શેખ મોહંમદઅલી હમાદીની એમના ઘરની બહાર અજાણ્યા હુમલાખોરોએ ગોળીબાર કરીને હત્યા કરી નાંખી હતી. પૂર્વ લેબેનોનની બેકા વેલી વિસ્તારમાં હત્યા થઈ હતી.

હિઝબુલ્લાહના સ્થાનિક કમાન્ડર હમાદી એમના ઘરની બહાર ડ્રાઈવિંગ પેસેજમાં ઊભા હતા ત્યારે અચાનક ધસી આવેલા હુમલાખોરોએ એમના પર છ ગોળીઓ છોડી હતી. નજીકની હોસ્પિટલમાં એમને લઈ જવાયા હતા પરંતુ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. લેબેનોનના સત્તાવાળાઓએ તપાસ શરૂ કરી છે. તેઓ અમેરિકી એજન્સી એફ.બી.આઈ.ની મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની યાદીમાં હતા. તેમણે ૧૫૩ ઉતારૂઓ ભરેલાં એક વિમાનનું અપહરણ કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી. ગાઝામાં અત્યારે યુદ્ધવિરામ જાહેર થયો છે ત્યારે હિઝબુલ કમાન્ડરની હત્યાથી લેબેનોનમાં પરિસ્થિતિ તંગ બની છે.

# અમેરિકા કામચલાઉ ધોરણે ગાઝાના રહેવાસીઓને ઈન્ડોનેશિયા સ્થળાંતર કરી શકે છે



(એજન્સી) તા.૨૨

અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટીમ ચાલુ સંઘર્ષ દરમિયાન નુકસાન પામેલા ઘરોના પુનર્નિર્માણને સરળ બનાવવા માટે 'કામચલાઉ' ધોરણે ગાઝાથી કેટલાક પેલેસ્ટિનિયનોને ઈન્ડોનેશિયા ખસેડવાનું વિચારી રહી છે.

મિડલ ઈસ્ટ મોનિટરે NBCને ટાંકીને જણાવ્યું હતું કે આ યોજના ગાઝામાં પુનર્નિર્માણ પ્રયાસો માટે માર્ગ મોકળો કરવામાં મદદ કરશે. વધુમાં, NBCએ અહેવાલ આપ્યો છે કે મધ્ય પૂર્વના નવા રાજદૂત સ્ટીવ વિટકોફ હમાસ અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધવિરામ કરારની સ્થિરતા સુનિશ્ચિત કરવામાં મદદ કરવા માટે ગાઝાની યાત્રા પર વિચાર કરી રહ્યા છે. વિટકોફનો ઉદ્દેશ્ય ઈઝરાયલી વસ્તી અને બે મિલિયન વિસ્થાપિત પેલેસ્ટિનિયનો બંને માટે લાંબા ગાળાની સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે, આ ધ્યેય ગયા અઠવાડિયે અંતિમ સ્વરૂપ પામેલા ત્રણ-પગલાના કરાર સાથે જોડાયેલો છે. એક સ્ત્રોતે સૂચવ્યું કે ગાઝાના લોકોને રહેવાની સ્થિતિમાં સુધારો કરવો અને આશા પૂરી પાડવી મહત્વપૂર્ણ છે, કારણ કે આમ કરવામાં નિષ્ફળતા વધુ અશાંતિ તરફ દોરી શકે છે.

આ સોદો કરવા માટે ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે વિટકોફની ચર્ચાઓ મહત્વપૂર્ણ હતી, એક યુએસ અધિકારીએ નેતન્યાહૂને કહ્યું હતું કે, 'જો તમે સોદો કરવા તૈયાર નથી, તો મને જણાવો, અને હું વિમાનમાં બેસીશ અને હું ઘરે જતો રહીશ.' વિટકોફે રાષ્ટ્રપતિ ટ્રમ્પના તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન ઈઝરાયલ માટે મજબૂત સમર્થન પર ભાર મૂક્યો હતો.

# તબીબી સારવાર માટે ખાલી કરાયેલા ગાઝાવાસીઓને ભય છે કે, તેમને ક્યારેય ઘરે પાછા જવા દેવામાં આવશે નહીં'



(એજન્સી) તા.૨૨

ઈઝરાયેલી કબજાવાળા દળો દ્વારા ઈરાદાપૂર્વકની કાર્યવાહીને કારણે ગાઝામાં માનવતાવાદી કટોકટી નિર્ણાયક સ્તરે પહોંચી છે જે નબળા સમુદાયોને સહાયના પ્રવાહમાં અવરોધ ઉભો કરે છે. સમીર પ્રોજેક્ટના તળિયાના કાર્યકરો હલા સબાહ અને લીના દાજાનીએ ખુલાસો કર્યો છે કે કેવી રીતે ઈઝરાયેલની નાકાબંધી અને લશ્કરી નીતિઓ વ્યવસ્થિત રીતે જરૂરી પુરવઠાના પુરવઠામાં વિક્ષેપ પાડે છે, માત્ર જીવનરક્ષક સહાયને સૌથી વધુ જરૂરિયાતવાળા લોકો સુધી પહોંચતા અટકાવે છે, પરંતુ તે શોષણ અને નફાખોરીનું વાતાવરણ પણ બનાવે છે, જે સામાન્ય ગઝાનની મુશ્કેલીઓમાં વધુ વધારો કરે છે. સબ્બાહ અને દાજાનીએ મદદ અટકાવી, ચોરાઈ અને વધુ પડતી કિંમતે વેચી દેવાના ભયાનક ઉદાહરણો યાદ કર્યા, ઈઝરાયેલની નીતિઓ આવી યુદ્ધ નફાખોરીને સીધી રીતે પ્રોત્સાહિત કરે છે. સબાહ સમજાવે છે, 'સહાયક ટોળકી દ્વારા સહાય વહન કરતી ટ્રકોને ઘણીવાર અટકાવવામાં આવે છે.' આ લૂંટને પડકારવાના પ્રયાસો ઘણીવાર ડ્રોન હુમલા સહિત જીવલેણ જવાબો સાથે મળે છે. આંતરરાષ્ટ્રીય સહાય સંસ્થાઓએ પણ બિનકાર્યક્ષમતા માટે તપાસનો સામનો કરવો પડ્યો છે; ઉદાહરણ તરીકે, લોટના ટ્રક લોડને વિતરણ કરવામાં આવે તે પહેલાં અઠવાડિયા સુધી સંગ્રહિત કરવામાં આવે છે, જે ભૂખ્યા પરિવારોને ભયંકર પરિસ્થિતિમાં મૂકે છે. શોષણ ગાઝાના બાળકો માટે તબીબી સ્થળાંતર માટે મૂળભૂત પુરવઠાની બહાર વિસ્તરે છે. યુએન ઓફિસ ફોર ધ કોઓર્ડિનેશન ઓફ હ્યુમેનિટેરિયન અફેર્સ (ઓસીએચએ) એ જાહેર કર્યું છે કે ગયા વર્ષે મે મહિનામાં ઈઝરાયેલી દળોએ રાફાહ ક્રોસિંગ પર કબજો કર્યો ત્યારથી ગાઝાની બહાર માત્ર ૪૪૬ દર્દીઓને તબીબી સારવાર માટે ખસેડવામાં આવ્યા છે, જેમાં ૨૬૬ બાળકો સામેલ છે. ઓબટોબર ૨૦૨૩માં ગાઝા પર ઈઝરાયેલ દ્વારા ચાલુ લશ્કરી આક્રમણથી, માત્ર ૫,૦૦૦થી વધુ લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા છે. ટીકાકારો દલીલ કરે છે કે આ આંકડો મહત્ત્વપૂર્ણ માનવતાવાદી સહાય પર ઈઝરાયેલની પકડ દર્શાવે છે. અંદાજિત ૧૨,૦૦૦ પેલેસ્ટીનીઓને વિદેશમાં તબીબી સ્થળાંતરની તાત્કાલિક જરૂર છે, સહાય સમૂહો વિનાશક પરિણામોની ચેતવણી આપે છે કારણ કે હોસ્પિટલો સતત બોમ્બમારા હેઠળ અને લગભગ કોઈ સંસાધનો વિના કામ કરવા માટે સંઘર્ષ કરે છે. દાજાનીએ વધુમાં વર્ણવ્યું કે કેવી રીતે કેટલીક તબીબી સંસ્થાઓ જરૂરિયાતને આધારે નહીં પરંતુ તેમની ભંડોળ ઊભુ કરવાની ક્ષમતાના આધારે ઉપાડને પ્રાથમિકતા આપે છે, જે સિસ્ટમમાં નૈતિક સમાધાનો દર્શાવે છે. 'શરૂઆતમાં કદાચ તેના સારા ઈરાદા હતા, પરંતુ તે સૌથી વધુ કમાણી કરનાર બાળકને પસંદ કરવા વિશે બની ગયું છે. તેમને બહાર લાવો, તેમની પાસેથી બને તેટલા પૈસા મેળવો, તેમની સારવારની અવગણના કરો, પછી આગામી બાળક પર જાઓ.' 'વાયરલ' કેસો માટે એનજીઓ વચ્ચેની સ્પર્ધા આ સમસ્યાને વધુ જટિલ બનાવે છે. દાજાનીના જણાવ્યાં મુજબ, સંસ્થાઓ તેમની ઑનલાઈન હાજરી અને ભંડોળ ઊભુ કરવાના પ્રયાસો વધારવા માટે હાઈ-પ્રોફાઈલ કેસ માટે હરીફાઈ કરે છે. કેટલાક કિસ્સાઓમાં, એનજીઓ પર એકબીજાના પ્રયત્નોને નબળો પાડવાનો અને બાળકોનો પોતાનો દરજ્જો અને ભંડોળ ઊભુ કરવાની શક્તિ વધારવા માટે 'દાવો' કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ હરીફાઈને કારણે એવા સંજોગો ઉભા થયા છે કે જ્યારે પહેલેથી જ ઊંડી મુશ્કેલીમાં ફસાયેલા પરિવારો તેમના બીમાર બાળકોને બચાવવાનો શ્રેય કઈ સંસ્થા લેશે તેના નાટકમાં ફસાઈ ગયા છે.

# ઈઝરાયેલ પેલેસ્ટીની કેદીઓની સાથે માણસ જેવો વ્યવહાર કરતું નથી : મુક્ત કરાયેલ વરિષ્ઠ નેતા ખાલિદા જરાર



(એજન્સી) તા.૨૨

મુક્ત કરાયેલા પેલેસ્ટીની નેતા, રાજકારણી અને કાર્યકર્તા ખાલિદા જરારે જણાવ્યું કે ઈઝરાયેલ સત્તાવાળાઓ પેલેસ્ટીની કેદીઓ સાથે માણસો જેવો વ્યવહાર કરતા નથી. તેમણે જેલની સ્થિતિને "૧૯૬૭માં વેસ્ટ બેંકના કબજા પછીની સૌથી ખરાબ અને મુશ્કેલ" ગણાવી છે. સોમવારે સવારે, ઈઝરાયેલે યુદ્ધવિરામ અને કેદીઓની અદલાબદલી કરાર હેઠળ ૯૦ પેલેસ્ટીની કેદીઓને મુક્ત કર્યા, જેણે ગાઝા પટ્ટી પરના તેના નરસંહાર યુદ્ધને સ્થગિત કર્યું, જેમાં ૭ ઓક્ટોબર, ૨૦૨૩ સુધીમાં ૪૭,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા. આ વિસ્તાર પર કબજો કર્યો અને બરબાદ કરી નાખ્યો.

જરાર, જેને વહીવટી અટકાયત હેઠળ રાખવામાં આવ્યા હતા, તેમને ડિસેમ્બર ૨૦૨૩માં મુક્ત કરવામાં આવ્યા હતા. ગાઝામાં પેલેસ્ટીની સમૂહ હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલી ત્રણ મહિલા ઈઝરાયેલીઓને મુક્ત કરવામાં આવી ત્યારે આ બન્યું. વહીવટી અટકાયત એ એક નીતિ છે જે ઈઝરાયેલી સત્તાવાળાઓને ચાર્જ અથવા ટ્રાયલ વિના વ્યક્તિઓને અટકાયતમાં લેવાની મંજૂરી આપે છે.

પોપ્યુલર ફ્રન્ટ ફોર ધ લિબરેશન ઓફ પેલેસ્ટીનના નેતા, જેમની ઘણી વખત ધરપકડ કરવામાં આવી છે, તેમણે જણાવ્યું કે ઈઝરાયેલની જેલની સ્થિતિ "હવે જેટલી કઠોર ક્યારેય નથી રહી, પછી ભલે તે વારંવારના હુમલા હોય કે પછી ટીયર ગેસનો સતત ઉપયોગ."

ડૉ. મહેબુબ કુરેશી યોગગુરૂએ વિશ્વની આઠમી અજાયબીમાના એક એવા ઈજિપ્તના ગિઝા પિરામિડની અંદર અને બહાર સતત સાત કલાક ખોરાક અને પાણી લીધા વગર યોગ કરીને વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડ લંડનમાં વર્લ્ડ રેકોર્ડ નોંધાવી સમગ્ર વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું છે. ભાવનગરના વતની અને હાલ અમદાવાદ રહેતા પી.આર.ટ્રેનિંગ કોલેજ અમદાવાદના અધ્યાપક ડૉ. મહેબુબ કુરેશીએ તા.૨૧/૦૧/૨૦૨૫ના રોજ વિશ્વની આઠમી અજાયબી એવા ઈજિપ્તના ગિઝા પિરામીડની અંદર અને બહાર સતત સાત કલાક ખોરાક અને પાણી લીધાં વગર વર્લ્ડ બેસ્ટ યોગિક એક્સરસાઈઝ, સ્ટેન્ડિંગ આસન, સીટિંગ આસન, સ્લીપિંગ આસન, બેક સ્લીપીંગ આસન, પ્રાણાયામ અને મેડિટેશન કરીને વિશ્વ રેકૉર્ડ નોંધાવેલ છે. તેમના જજ તરીકે વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડ ઈજિપ્તના પ્રેસિડેન્ટ ડૉ. ઈજ્જત હસન હતા. વર્લ્ડ રેકોર્ડ નોંધાતા ઈજિપ્તના પિરામિડની સામે જ વર્લ્ડ રેકોર્ડ એવોર્ડ ડૉ. ઈજ્જત હસન અને અધિકારીઓની હાજરીમાં એનાયત કરી દેવામાં આવ્યો હતો. ડૉ કુરેશીએ ૨૦૧૯મા ગ્રેટ વોલ ઓફ ચાઈના (ચીન) પર ૫ દેશોની યોગ શિબિર કરીને વર્લ્ડ ફર્સ્ટ મુસ્લિમ યોગગુરૂનો વર્લ્ડ રેકોર્ડ નોંધાવેલ હતો. તેઓએ ૨૫ વર્ષથી દેશ વિદેશમાં વિનામૂલ્યે યોગ શિબીર કરી અત્યાર સુધીમાં ૩,૪૦,૦૦૦ લોકોને યોગ કરાવેલ છે. કોરોના સમયે ૫૦૦ લોકોને યોગ દ્વારા સાજા કર્યા જેબદલ તેમને વર્લ્ડ બૂક ઑફ રેકોર્ડ લંડન તરફથી વર્લ્ડ સ્ટાર એક્સેલેન્સ ઈન્ટરનેશનલ એવોર્ડ આપવામાં આવેલ હતો. આ અનોખી વિશિષ્ટ સિદ્ધિ બદલ વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડ લંડનનાં પ્રેસિડેન્ટ સંતોષ શુક્લાજીએ બિરદાવ્યા હતા.




-:અધિસુચના:-

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯
જુઓ નિયમ ૨૬ (૯)
નગર રચના યોજના નં.૪૨૯(ગોધાવી-મણીપુર)
આખરી યોજના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ-૩ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯ ના નિયમ ૨૬(૯) માં જોગવાઈ કર્યા પ્રમાણે મેં આજે તા.૨૧/૦૧/૨૦૨૫ ને મંગળવારના રોજ નગર રચના અધિકારી તરીકે નગર રચના યોજના નં.૪૨૯(ગોધાવી-મણીપુર) ના આખરી યોજનાના મારા નિર્ણયો જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૪ હેઠળ ફરમાવ્યા મુજબ નગર રચના યોજનામાં સમાવિષ્ટ કરેલ જમીનોના દરેક માલિકને તેમની મિલકત અંગે નગર રચના અધિકારી તરીકેના મારા નિર્ણયોની એક નકલ મોકલવામાં આવી રહેલ છે. ઉપરોક્ત નિર્ણયોથી નારાજ થયેલ કોઇ વ્યક્તિ/માલિકો અપીલ બોર્ડ સમક્ષ અપીલ થઇ શકે તેવા નિર્ણયોની બાબતમાં રાજ્ય કક્ષાના બોર્ડ ઓફ અપીલ (પ્રમુખશ્રી, બોર્ડ ઓફ અપીલની કચેરી,ગાંધીનગર, C/O મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, સેક્ટર-૧૦એ, રોડ નં.૩, ગાંધીનગર) ને મારા નિર્ણયોની નકલ મળ્યેથી એક (૧) માસમાં (અપીલ મેમોરેન્ડમની ત્રણ નકલો સહિત) અપીલ કરી શકશે. અને અપીલ મેમોરેન્ડમની મુળ નકલ ઉપર જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ ચોંટાડવી જોઇશે.

ઉપરોક્ત આખરી યોજનાની સંપુર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય તમામ દિવસોએ નીચેના સરનામે કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે તેમજ તે સમજાવવાની જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

તા.૨૧/૦૧/૨૦૨૫
સ્થળ: અમદાવાદ

નગર રચના અધિકારી
નગર નિયોજક-૨
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧
અમદાવાદ

કચેરીનું સરનામું:-
નગર રચના અધિકારીશ્રીની કચેરી,
નગર નિયોજક-૨,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદ
હિમાલયા બિઝનેસ સેન્ટર, ઓફિસ નં.૨૭ થી ૩૦, બીજો માળ,
બી.આર.ટી.એસ. સ્ટેન્ડની પાછળ, આર.ટી.ઓ. સર્કલ,
સુભાષબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૨૭

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૪૭૮/૨૦૨૫

# સંરક્ષણ કરારો અંગે ટ્રમ્પનું MAGA અભિયાન એ મોદીની મેક ઈન ઈન્ડિયા યોજનાઓને નબળી પાડી શકે છે

## સીધી શસ્ત્ર ખરીદી કરીને નવી દિલ્હી ટેક્નોલોજી પ્રાપ્ત કરવાની અને તેની ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત બનાવવાની તક ગુમાવી રહ્યું છે

(એજન્સી) તા.૨૨

વિશ્વભરમાં ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિ તરીકેના નવા કાર્યકાળ વિશેના મંતવ્યો મોટાભાગે નકારાત્મક રહ્યા છે, મુખ્યત્વે તેમના એવા દાવાને કારણે કે તેઓ તમામ આયાત પર ૧૦%થી ૨૦% ની વચ્ચે ટેરિફ લાદશે. ૨૦૧૯માં પ્યુ રિસર્ચ સેન્ટર દ્વારા કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે ૩૨ દેશોમાં ૬૪% ઉત્તરદાતાઓને ટ્રમ્પ જ્યારે યુએસ પ્રમુખ તરીકે તેમના પ્રથમ કાર્યકાળમાં હતા ત્યારે વિશ્વની બાબતોમાં યોગ્ય કામગીરી કરવા માટે વિશ્વાસનો અભાવ હતો. પશ્ચિમ યુરોપમાં તેમને ઓછા રેટિંગ મળ્યા, જેમાં ૭૪% જર્મન અને ૭૪% ફ્રેન્ચ નાગરિકોએ કહ્યું હતું કે તેમને ડોનાલ્ડ ટ્રમ્પમાં વિશ્વાસ નથી. જો કે, ભારતમાં, ૬૬% ઉત્તરદાતાઓએ તેમનામાં વિશ્વાસ વ્યક્ત કર્યો. આ આશ્ચર્યજનક નથી કારણ કે નરેન્દ્ર મોદીને ટેકો આપતા ઘણા હિન્દુત્વવાદીઓ ટ્રમ્પને એક શક્તિશાળી નેતા તરીકે જોતા હતા જે ભારતીય વડા પ્રધાન દ્વારા પ્રચારિત મૂલ્યોનું વૈશ્વિક પ્રતિબિંબ લાગતું હતું. જાહેર પ્લેટફોર્મ પર, ટ્રમ્પ મોદી સાથે ગાઢ સંબંધ ધરાવે છે તેવું લાગે છે. ટ્રમ્પના નવા કાર્યકાળ દરમિયાન ભારત-અમેરિકા સંબંધો મજબૂત થવાની આશા રાખનારાઓમાં ભારતના સંરક્ષણ ક્ષેત્રના ઘણા લોકો પણ છે. પરંતુ તેઓએ હકીકતને અવગણી રહ્યા છે કે જ્યારે યુએસ સાથે શસ્ત્રોના સોદા ટ્રમ્પના એવા દાવાને બળ આપશે કે તેઓ અમેરિકાને ફરીથી મહાન બનાવી રહ્યા છે, તે તેમના મોદીના મેક ઈન ઈન્ડિયા અભિયાનને નબળી પાડી શકે છે. આ સમજવા માટે, ભારત-અમેરિકા સંબંધોની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને તેણે ભારતના શસ્ત્રોની ખરીદીને કેવી રીતે આકાર આપ્યો તે સમજવું જરૂરી છે. ૧૯૫૪માં, ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ એશિયામાં ચીનને રોકવા માટે દક્ષિણપૂર્વ એશિયા સંધિ સંગઠન લશ્કરી જોડાણમાં ભાગીદાર બનવા માટે અમેરિકાના આગ્રહો સામે હાર માની નહીં. તેના બદલે, પાકિસ્તાન એક વિશ્વસનીય લશ્કરી ભાગીદાર બન્યું હતું. ૧૯૬૨માં ચીનના હુમલાથી નહેરુ જેવા શાંતિવાદીએ તેમના વૈચારિક સાથી, હાલના નિષ્ક્રિય સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાક સંઘના નિકિતા ખ્રુશ્ચેવને ટેક્નોલોજી ટ્રાન્સફર રૂટ દ્વારા MIG ૨૧ ફાઇટર પ્લેન બનાવવા માટે હાથ લંબાવ્યો હતો. ૧૯૭૧માં પરિસ્થિતિ વધુ તંગ બની ગઈ જ્યારે બાંગ્લાદેશના નિર્માણ અંગે પાકિસ્તાન સાથે યુદ્ધ થયું ત્યારે યુએસ પ્રમુખ રિચાર્ડ નિક્સને તેમના દેશના સાતમા કાફલાને ભારતને ચેતવણી તરીકે બંગાળની ખાડી તરફ જવાનો આદેશ આપ્યો. લિયોનીદ બ્રેઝનેવના નેતૃત્વમાં યુએસએસઆરએ આ પ્રદેશમાં પોતાનો કાફલો મોકલીને યુએસના ખતરાનો સામનો કર્યો. મોસ્કો તેના વીટો પાવરનો ઉપયોગ કરીને સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની સાથે ઊભું રહ્યું હતું. ૧૯૭૧માં, બંને રાષ્ટ્રોએ તેમના વ્યૂહાત્મક સહયોગને આગળ વધારવા માટે એક સંધિ પર હસ્તાક્ષર કર્યા. ભારત-સોવિયેત ભાગીદારી હેઠળ, ભારતે ટેન્ક, ફ્રિગેટ્સ, મિસાઈલો અને ફાઇટર એરક્રાફ્ટનું ઉત્પાદન કરવાનું શરૂ કર્યું. આ ટેક્નોલોજી મોડેલના ટ્રાન્સફરથી ભારતને સ્વદેશી કુશળતા પ્રાપ્ત કરવાનો અને ખર્ચમાં નોંધપાત્ર બચત કરવાનો લાભ મળ્યો છે. ભારતે T૭૨ ટેન્કનું ઉત્પાદન શરૂ કર્યું, ત્યારબાદ તેનું અપગ્રેડેડ વર્ઝન, T૯૦ આવ્યું. ભારતે અત્યાર સુધીમાં ૧,૦૦૦ T૯૦ ટેન્કનું ઉત્પાદન કર્યું છે. ચોથી પેઢીના ફાઇટર એરક્રાફ્ટ સેગમેન્ટમાં, ભારતે ૨૫૦ SU૩૦નું ઉત્પાદન કર્યું છે. યુએસ F-૧૬ એરક્રાફ્ટની કિંમત તેના કરતા બમણી છે. તેનાથી વિપરીત, ભારત સાથે યુએસના સંબંધો ઓછા રહ્યા. ૧૯૯૮માં, ભારતે પરમાણુ પરીક્ષણો કર્યા પછી, વોશિંગ્ટને નવી દિલ્હી પર પ્રતિબંધો લાદ્યા હતા. ભારતના તેના જૂના MIG ૨૧ કાફલાને બદલવા માટે સ્વદેશી હળવા લડાયક વિમાનનું ઉત્પાદન કરવાના કાર્યક્રમને ફટકો પડ્યો કારણ કે માર્ટિન મેરિએટા, જે એક અમેરિકન કંપની છે, તે ફ્લાઇટ કંટ્રોલ સિસ્ટમ વિકસાવવાની તેની પ્રતિબદ્ધતાથી પાછળ હટી ગઈ હતી. જ્યારે સંરક્ષણ સાધનો અને પ્લેટફોર્મની વાત આવે છે, ત્યારે દેશ પાસે ત્રણ



વિકલ્પો હોય છે. તે સ્વદેશી ડિઝાઈનનું ઉત્પાદન કરી શકે છે, સિસ્ટમની સીધી આયાત કરી શકે છે, અથવા ટેક્નોલોજી ખરીદી શકે છે અને ઉત્પાદન કરી શકે છે. સ્વતંત્રતા પછીના વર્ષોમાં ભારતની નબળી સંશોધન અને વિકાસ ક્ષમતાને ધ્યાનમાં રાખીને, નહેરૂએ સમજદારીપૂર્વક ભારત માટે શ્રેષ્ઠ વિકલ્પ આયાત કરવાનો નહીં પરંતુ જો વિશ્વસનીય ભાગીદાર હોય તો ખરીદીને બનાવી શકાય તેના પર ભાર મૂક્યો અને યુએસએસઆરએ તેમાં તેની ભૂમિકા પ્રશંસનીય રીતે ભજવી હતી. ૧૯૯૯માં કારગિલ યુદ્ધ ભારત માટે એક મહત્ત્વપૂર્ણ ક્ષણ હતી જ્યારે યોગ્ય સર્વેલન્સ રડારના અભાવે સશસ્ત્ર પાકિસ્તાની ઘુસણખોરોને કારણે તે સંપૂર્ણપણે આશ્ચર્યચકિત થઈ ગયું હતું. સ્વદેશી રડાર વિકસાવવાના ભારતના પ્રયાસો નિષ્ફળ ગયા હતા. આ રીતે ભારતે ૨૦૦૨માં અમેરિકા પાસેથી ૧૪.૬ કરોડ ડોલરમાં ગન-લોકટિંગ રડાર ખરીદવાનું શરૂ કર્યું. આનાથી ભારતની સંરક્ષણ સંપાદન નીતિ બદલાઈ ગઈ છે. રશિયા પાસેથી સિંગલ-સોર્સ ખરીદીના વિકલ્પને બદલે, નવી દિલ્હીએ અમેરિકા, ફ્રાન્સ અને ઈઝરાયલ સહિત પશ્ચિમી દેશો પાસેથી ખરીદી કરી હતી. ૨૦૦૫ સુધીમાં, અમેરિકા હવે એ વિચારથી સાવધ હતું કે ભારત પણ પરમાણુ શક્તિ છે. મનમોહન સિંહ ભારતના વડાપ્રધાન તરીકે હોવાથી, દેશોએ નાગરિક પરમાણુ ઉર્જા કાર્યક્રમમાં સહયોગ કરવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા. આનાથી પરમાણુ ટેક્નોલોજી, ઈંધણ અને સાધનોનું ટ્રાન્સફર શક્ય બન્યું. ૨૦૦૭માં નવી દિલ્હીએ શરૂઆતમાં ટેક્નોલોજી ટ્રાન્સફર દ્વારા સ્વદેશી મધ્યમ બહુ-રોલ લડાયક વિમાન ખરીદવા અને પછી તેનું ઉત્પાદન કરવા માટે વૈશ્વિક ટેન્ડર બહાર પાડ્યું ત્યારે તે સ્પષ્ટ થઈ ગયું કે અમેરિકાએ ભારતને ટેક્નોલોજી ટ્રાન્સફર નકારવાનો પોતાનો વિરોધ છોડી દીધો હતો. અમેરિકાએ તેના F-૧૬ અને F/A-૧૮ હોર્નેટ જેટ માટે બોલી લગાવી હતી, તે એન્જિન અને સક્રિય ઈલેક્ટ્રોનિકલી સ્કેન કરેલા એરે રડાર માટે સ્વદેશી ઉત્પાદન ટેક્નોલોજી સાથે ભાગ લેવા તૈયાર હતું. પરંતુ નરેન્દ્ર મોદી સરકારે ફ્રાન્સ પાસેથી રાફેલ વિમાન ખરીદવાનું પસંદ કરતાં ૨૦૧૫માં જેટ માટે ખરીદી અને બનાવવાનો કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો હતો. ભારતે ૨૦૦૬ પછી અમેરિકા પાસેથી ઘણા શસ્ત્રો ખરીદ્યા છે, જેમાં P-૮૧ મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ જેવા $૩.૨ બિલિયનના સોદાનો સમાવેશ થાય છે. નવી દિલ્હીએ અમેરિકા પાસેથી C-૧૭ ગ્લોબમાસ્ટર એરક્રાફ્ટ અને CH-૪૭ ચિનૂક હેલિકોપ્ટર અને M-૭૭૭ હોવિત્ઝર પણ ખરીદ્યા છે. આ ખરીદીઓ વિદેશી લશ્કરી વેચાણ રૂટ હેઠળ સીધી અમેરિકા પાસેથી કરવામાં આવી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ તેમના નવા કાર્યકાળમાં ભારત સાથે જે કરાર પૂર્ણ કરવા આતુર છે તેમાં MQ-૮B પ્રિડેટર ડ્રોન, મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ અને લેન્ડ એટેક મિસાઈલોની ખરીદીનો સમાવેશ થાય છે. આ હસ્તાંતરણોમાં તે માત્ર સીધી ખરીદી છે, તે ટેક્નોલોજી ટ્રાન્સફર કર્યા વિનાનો કરાર છે. સંરક્ષણ સંપાદન જટિલ છે કારણ કે તેમાં અમુક વૈશ્વિક સપ્લાયર્સ સરકારોનો એકાધિકાર સાથે પ્રભુત્વ ધરાવે છે. આ પ્લેટફોર્મ સીધી ખરીદી સાથે ભારત ટેક્નોલોજી પ્રાપ્ત કરવાની અને તેની ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત બનાવવાની તક ગુમાવી રહ્યું છે.

# વિવેક રામાસ્વામીની અચાનક વિદાય અને અનેક મુકદમા, ટ્રમ્પ અને મસ્કના DOGEનું અત્યાર સુધીનું પ્રદર્શન કેવું રહ્યું છે ?

## DOGE 'સરકારી અમલદારશાહીને તોડી પાડવા, વધારાના નિયમો ઘટાડવા, નકામા ખર્ચ ઘટાડવા અને ફેડરલ એજન્સીઓનું પુનર્ગઠન' કરવા માટે કામ કરશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE) સ્થાપિત કરવા માટે એક્ઝિક્યુટિવ ઓર્ડર પસાર કર્યા પછી તરત જ તેના સંભવિત સહ-મુખીઓમાંના એક, વિવેક રામાસ્વામીએ રાજીનામું આપવાની જાહેરાત કરી. તેમની રાજીનામું એવી અફવાઓ વચ્ચે આવ્યું છે કે તેઓ ઓહિયોમાં ગવર્નર પદ માટે ચૂંટણી લડવાનો ઈરાદો ધરાવે છે. ગયા વર્ષે નવેમ્બરમાં ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલ રામાસ્વામી, ટેસ્લા અને X CEO એલોન મસ્ક સાથે DOGEનું નેતૃત્વ કરવાના હતા. મસ્ક વિભાગનો એક ભાગ છે. રામાસ્વામીની રાજીનામું સાથે DOGE માટે મુશ્કેલીઓનો અંત આવ્યો નહીં. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોએ DOGE સામે દાવો દાખલ કર્યો, જેમાં આરોપ લગાવવામાં આવ્યો કે નવો રચાયેલ વિભાગ ફેડરલ સલાહકાર સમિતિઓને સંચાલિત કરતા કાયદાનો ભંગ કરી રહ્યો છે. મીડિયાના જણાવ્યા અનુસાર, અમેરિકન પબ્લિક હેલ્થ એસોસિએશન, અમેરિકન ફેડરેશન ઓફ ટીચર્સ અને સિટીઝન્સ ફોર રિસ્પોન્સિબિલિટી એન્ડ એથિક્સ ઈન વોશિંગ્ટન તરફથી અન્ય મુકદ્દમાઓ પણ દાખલ કરવામાં આવ્યા છે. સંગઠનો કહે છે કે DOGE પાસે 'મસ્ક અને રામાસ્વામી દ્વારા પ્રસ્તાવિત મોટા કાપની વાત તો છોડો કોઈપણ પુનર્ગઠન કરવા માટે મર્યાદિત સત્તાવાર સત્તા છે,'. નવેમ્બર ૨૦૨૪માં મસ્ક દ્વારા શેર કરાયેલ DOGE પરની X પોસ્ટ અનુસાર, વિભાગ 'સરકારી અમલદારશાહીને તોડી પાડવા, વધારાના નિયમો ઘટાડવા, નકામા ખર્ચાઓ ઘટાડવા અને ફેડરલ એજન્સીઓનું પુનર્ગઠન કરવા' માટે કામ કરશે. ૨૦ જાન્યુઆરીના રોજ ટ્રમ્પે ઔપચારિક રીતે યુનાઈટેડ સ્ટેટ્સ ડિજિટલ સર્વિસનું નામ બદલીને યુનાઈટેડ સ્ટેટ્સ DOGE સર્વિસ (USDS) રાખ્યું જેથી ટ્રમ્પના 'સરકારી કાર્યક્ષમતા અને ઉત્પાદકતાને મહત્તમ કરવા માટે ફેડરલ ટેક્નોલોજી અને સોફ્ટવેરનું આધુનિકીકરણ' કરવાના જણાવેલા એજન્ડાને અમલમાં મૂકી શકાય. USDS હેઠળ બનાવવામાં



આવેલ એક કામચલાઉ સંસ્થા US DOGE સર્વિસ ટેમ્પરરી ઓર્ગેનાઈઝેશન, તેના વિસર્જન પહેલાં ૪ જુલાઈ ૨૦૨૬ સુધી એજન્ડાનો અમલ કરશે. આ આદેશમાં વિવિધ સરકારી એજન્સીઓમાં 'DOGE ટીમો' બનાવવાની પણ હાકલ કરવામાં આવી છે-જેમાં ઓછામાં ઓછા ચાર કર્મચારીઓનો સમાવેશ થાય છે, જેમાં એક ટીમ લીડ, એક એન્જિનિયર, એક HR નિષ્ણાત અને એક વકીલનો સમાવેશ થાય છે. તેમાં સોફ્ટવેર આધુનિકીકરણ ઝુંબેશ માટેની જોગવાઈઓ પણ છે, જે 'સરકારી-વ્યાપી સોફ્ટવેર, નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માહિતી ટેક્નોલોજી (IT) સિસ્ટમ્સની ગુણવત્તા અને કાર્યક્ષમતા સુધારવા' માટે સરકારી એજન્સીઓમાં લાગુ કરવામાં આવશે. વિભાગની સત્તાવાર જાહેરાત પછી મસ્કે X પર હુમલો કરતા કહ્યું કે 'DOGE સરકારી કાર્યક્ષમતામાં ઘણો સુધારો કરશે, તમારા ટેક્સ ડોલર બચાવશે અને પ્રચંડ ફુગાવાનો અંત લાવશે'. બીજી બાજુ, DOGE X હેન્ડલે જુદા જુદા સમયે એક જ વેબપેજનો સ્ક્રીનશોટ પોસ્ટ કર્યો હતો જેથી બતાવી શકાય કે યુએસ કર્મચારી વ્યવસ્થાપન કાર્યાલયમાં ચીફ ડાયવર્સિટી ઓફિસર્સ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ હવે અસ્તિત્વમાં નથી. ગયા વર્ષે નવેમ્બરથી, DOGE નિયમિતપણે તેના X હેન્ડલમાંથી વિવિધ સરકારી ખર્ચ અને અનુદાન વિશે પોસ્ટ કરે છે, ઘણીવાર કથિત રીતે નકામા ખર્ચ પેટર્ન પર પ્રશ્ન ઉઠાવે છે.

# શું ટ્રમ્પ અમેરિકામાં રહેતા ૧.૩૩ કરોડ બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરી શકશે ?

## ટ્રમ્પની બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢવાની નીતિ અમેરિકી અર્થતંત્રને ૨૦૦૮ના નાણાકીય કટોકટી કરતાં પણ વધુ નુકસાન પહોંચાડશે

(એજન્સી) તા.૨૨

શું યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના રાષ્ટ્રપતિ પ્રચાર દરમિયાન વચન આપ્યા મુજબ અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટું સામૂહિક દેશનિકાલ કરી શકશે ? ટ્રમ્પમાં ચોક્કસપણે હિંમત છે, પરંતુ પ્રશ્ન એ છે કે, શું રાષ્ટ્રપતિ તરીકે તેમની પાસે ૧.૩૩ કરોડ બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સને સામૂહિક દેશનિકાલ કરવા માટે સંસાધનો છે ? અમેરિકા દાયકાઓથી સરહદ પર પકડાયેલા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરી રહ્યું છે. ટ્રમ્પનો સામૂહિક દેશનિકાલનો ધ્યેય સરહદ પર ગેરકાયદેસર પ્રવેશ કરનારાઓને રોકવા અથવા દેશનિકાલ કરવાનો નથી. તેમણે દેશભરના સમુદાયોમાં બિનદસ્તાવેજીકૃત રહેઠાણોને ઓળખવા અને તેમની ધરપકડ કરવા, અટકાયત કરવા અને દેશનિકાલ કરવા માટે મોટા પાયે આંતરિક અમલીકરણ પહેલ હાથ ધરવાનું વચન આપ્યું છે. ટ્રમ્પને પણ આ પ્રક્રિયા અમાનવીય લાગશે, જેની તેઓ ચિંતા કરતા નથી. વધુ મહત્ત્વની વાત એ છે કે, આ પ્રક્રિયાના કારણે નિરાશાજનક નિષ્ફળતા મળશે જે ટ્રમ્પની ઊર્જાનો નાશ કરશે અને તેમના બીજા કાર્યકાળને ઘટાડશે. ટૂંકમાં ટ્રમ્પ ગમે તેટલા પ્રયાસ કરે પણ યુ.એસ.માં રહેતા ૧.૩૩ કરોડ બિનદસ્તાવેજીકૃત લોકોને દેશનિકાલ કરી શકશે નહીં. રાષ્ટ્રપતિ પદના શપથ પછી ટ્રમ્પે સરહદ પર રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી. આનાથી પેન્ટાગોનને સરહદ પર વધારાના અમલીકરણ માળખા બનાવવા માટે અને ટ્રમ્પની 'મેક્સિકોમાં રહો' નીતિને ફરીથી શરૂ કરવા માટે ભંડોળ પૂરું પાડવામાં આવશે.

**તેનું આંતરિક અમલીકરણ :** યુ.એસ.માં રહેતા આવા લોકોને શોધવા, અટકાયતમાં રાખવા અને દેશનિકાલ કરવા માટે ટ્રમ્પની યોજના ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) દ્વારા દરોડા વધારવાની છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીના ટ્રમ્પના વડા ટોમ હોમન કહે છે કે, અમે ICE પર બાઈડેન વહીવટીતંત્ર દ્વારા લગાવવામાં આવેલા પ્રતિબંધને દૂર કરીશું અને કામ કરીશું. ICEએ યુએસ હોમલેન્ડ સિક્યુરિટીની એક શાખા છે જેને આંતરિક અમલીકરણ હાથ ધરવાનું કામ સોંપવામાં આવ્યું છે : બિનદસ્તાવેજીકૃત લોકોને ઓળખવા, ધરપકડ કરવા, પરિવહન કરવા, અટકાયત કરવા અને દૂર કરવા અને કાર્યસ્થળો પર દરોડા પાડવા માટે તે કુખ્યાત છે. બાઈડેન વહીવટીતંત્રે આ દરોડા પર પ્રતિબંધ મૂક્યો હતો. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન ICEના પ્રયાસોના પુરાવા દર્શાવે છે કે, દર વર્ષે દર વર્ષે દરોડા પાડવામાં આવ્યા હતા. ટ્રમ્પે તેમના પહેલા અને અનુગામી ડેમોક્રેટિક રાષ્ટ્રપતિઓ, જેમ કે બરાક ઓબામા અને જો બાઈડેન કરતાં ઓછા બિનદસ્તાવેજીકૃત લોકોને દેશનિકાલ કર્યા હતા. ICE અધિકારીઓ સ્વીકારે છે કે, ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન દેશનિકાલમાં ઘટાડો થયો હતો.

**બિનદસ્તાવેજીકૃત લોકોને શોધવાના પડકારો :** બે તૃતીયાંશથી વધુ બિનદસ્તાવેજીકૃત લોકો એક દાયકાથી વધુ સમયથી યુ.એસ.માં રહે છે. તેમના પરિવારના સભ્યો (બાળકો, જીવનસાથી, ભાઈ-બહેન) છે જે કાં તો યુએસ નાગરિક છે અથવા કાયદેસર રહેવાસી છે. તેઓ બેંક ખાતા ધરાવે છે. ઘણા લોકો પાસે સામાજિક સુરક્ષા નંબર હોય છે, સામાન્ય રીતે તેઓ એવા વ્યવસાયોમાં કામ કરે છે જ્યાં તેઓ સામાજિક સુરક્ષા અને મેડિકેડ કરમાં ફાળો આપે છે. મોટી સંખ્યામાં લગભગ ૪૦% પોતાના ઘરો ધરાવે છે. જ્યારે આશ્રયસ્થાનોમાં રહેતા બિનદસ્તાવેજીકૃત લોકોને ઓળખવા સરળ છે અને જેમની સંખ્યા ઓછી છે ત્યારે તેમના પોતાના ઘરોમાં અથવા ભાડાના રહેઠાણમાં રહેતા લોકોને ઓળખવા લગભગ અશક્ય છે. કાનૂની ઈમિગ્રન્ટ્સ અથવા સુરક્ષિત દરજ્જા ધરાવતા લોકોની ધરપકડ અને અટકાયત કરવાનું જોખમ છે. અમેરિકન ઈમિગ્રેશન કાઉન્સિલ (AIC)એ અંદાજ લગાવ્યો છે કે, સરકારે ૧.૩ કરોડ બિનદસ્તાવેજીકૃત લોકોને ઓળખવા, ધરપકડ કરવા, અટકાયતમાં રાખવા અને દેશનિકાલ કરવા માટે ૨૨,૦૦૦થી ૪,૦૯,૦૦૦ નવા કાયદા અમલીકરણ એજન્ટો અને સ્ટાફને રાખવા પડશે. ICE સ્ટાફની વર્તમાન સંખ્યા ફક્ત ૨૦,૦૦૦ છે. તે ICE સ્ટાફના કદમાં ૧૧થી ૨૦ ગણો વધારો કરવા જેવું છે. દર વર્ષે દસ લાખ ધરપકડ કરવા માટે પણ ૩૦,૦૦૦ નવા કાયદા અમલીકરણ એજન્ટો અને સ્ટાફની ભરતી કરવાની જરૂર પડશે. જેનો ખર્ચ : ૩૧,૫૦૦ કરોડ ડૉલરથી ૧ લાખ કોરડ ડૉલર છે. અલબત્ત, આટલા મોટા પાયે સામૂહિક દેશનિકાલ માટે અટકાયત કેન્દ્રો બનાવવા, અટકાયત કેન્દ્રોમાં સ્થાનિક પરિવહનની વ્યવસ્થા કરવા અને બિનદસ્તાવેજીકૃત લોકોને દેશનિકાલ ન થાય ત્યાં સુધી તેમની વ્યવસ્થા કરવામાં મોટા રોકાણોની જરૂર પડશે. ICEએ દેશનિકાલ માટે તેની ફલાઈટ ક્ષમતા ૫૦૦ ગણી વધારવી પડશે. પરંતુ જો બિનદસ્તાવેજીકૃત લોકો તેમના મૂળ દેશને ઓળખવાનો ઈનકાર કરે છે અથવા જો મૂળ દેશ મોટી સંખ્યામાં બિનદસ્તાવેજીકૃત લોકોને સ્વીકારવાનો ઈન્કાર કરે છે, તો અમલીકરણના નાણાંની કોઈ રકમ દેશનિકાલના લક્ષ્યને પૂર્ણ કરવામાં મદદ કરશે નહીં.

મોટાભાગના બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સ એવા સ્થળોએ રહે છે જ્યાં શહેર (અને રાજ્ય) સરકારોએ ICE સહિત ફેડરલ અમલીકરણ એજન્સીઓને સ્થાનિક અમલીકરણ હાથ ધરવા



માટે મદદ કરવાનો ઈનકાર કર્યો છે. ૨૦૧૭માં જ્યારે ટ્રમ્પ પ્રથમ વખત રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા હતા, ત્યારે એવી આશંકા હતી કે આ શહેરોને તેમના કાયદા બદલવાની ફરજ પાડવામાં આવશે. એવું બન્યું નહીં; હકીકતમાં આવા શહેરોની સંખ્યા વધી છે. ICE અધિકારીઓએ હોમલેન્ડ સિક્યુરિટી વિભાગને આપેલા તેમના અહેવાલમાં ફરિયાદ કરી છે કે, તેઓ સરહદ અમલીકરણ પર ધ્યાન આપી શકતા નથી કારણ કે, તેઓ આવા શહેરોમાં સ્થાનિક અમલીકરણની લડાઈ લડી રહ્યા હતા.

ઈમિગ્રન્ટ્સના રક્ષણ માટે આવા શહેરોની પ્રતિબદ્ધતા એટલી હતી કે, તેઓએ આવા ધમકીઓનો સામનો કરવા છતાં પણ ફેડરલ અમલીકરણ એજન્સીઓ સાથે સહયોગ કરવાનો ઈન્કાર કર્યો. એટલું જ નહીં, મેયરોએ તેમને કાયદેસર રીતે પડકાર આપ્યો હતો. શું ટ્રમ્પ તેમના બીજા કાર્યકાળમાં આ શહેરોને ધમકાવી શકશે ?

**દેશનિકાલનો આર્થિક ખર્ચ :** બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સ યુએસ વસ્તીના ૩.૩% અને તેના કાર્યબળના ૫%થી વધુ છે. આ સરેરાશ ભલે વધુ હોય છતાં તેઓ ચોક્કસ ક્ષેત્રોમાં બિનદસ્તાવેજીકૃત લોકોની અસરને ઓછી કરે છે. ખેતરો, આતિથ્ય ક્ષેત્ર, આરોગ્યસંભાળ અને બાળ સંભાળમાં મોટાભાગના કામદારો બિનદસ્તાવેજીકૃત છે. બાંધકામમાં ૧૨%થી વધુ કામદારો બિનદસ્તાવેજીકૃત છે. સામૂહિક દેશનિકાલ એવા વ્યવસાયોને અસર કરશે જેમાં બિનદસ્તાવેજીકૃત કામ કરે છે અને મોટા પાયે મજૂરની અછત ઊભી કરશે. જો ટ્રમ્પ આ ખર્ચ ચૂકવવા તૈયાર હોય તો પણ પ્રશ્ન એ જ રહે છે કે, તે આવી કામગીરી કેવી રીતે કરશે. તેમના પ્રથમ કાર્યકાળમાં ટ્રમ્પે ઈમિગ્રેશન પર ૪૭૨ જેટલા નીતિ નિર્દેશો પસાર કર્યા હતા. આ ઉદ્દેશ્ય ઈમિગ્રન્ટ સમુદાયોને બરબાદ કરવાનો, ભય ફેલાવવાનો, નાગરિક અશાંતિ પેદા કરવાનો અને તે ક્ષેત્રોને હચમચાવી નાખવાનો છે જેમાં ઈમિગ્રન્ટ્સ મોટી સંખ્યામાં કામ કરે છે. આનાથી બિનદસ્તાવેજીકૃત લોકો દ્વારા પૂરી પાડવામાં આવતી ચીજવસ્તુઓ અને સેવાઓમાં ફુગાવો થશે, જેનાથી યુએસ અર્થતંત્રને ભારે આંચકો લાગશે. અમેરિકન ઈમિગ્રેશન કાઉન્સિલના અંદાજ મુજબ, ૧.૩૩ કરોડ લોકોના મોટા પાયે દેશનિકાલથી GDPમાં ૪.૨%થી ૬.૮% સુધીનું નુકસાન થશે. ૨૦૦૭-૨૦૦૮ના નાણાકીય સંકટને કારણે GDPને સરખામણીમાં ઓછું નુકસાન થયું હતું. ટ્રમ્પ આ મુદ્દા પર કેટલું આગળ વધવા તૈયાર છે તે ટૂંક સમયમાં જ ખબર પડશે.

# શું ટ્રમ્પ પનામા કેનાલ દ્વારા વિસ્તરણવાદી ચીનને દારૂગોળો પૂરો પાડી રહ્યા છે ?

## પનામા કેનાલ પર ડોનાલ્ડ ટ્રમ્પનું આક્રમક વલણ ખતરનાક ઉદાહરણ સ્થાપિત કરવાનું જોખમ ધરાવે છે, તે ચીનને તેની પ્રાદેશિક મહત્વાકાંક્ષાઓને ન્યાયી ઠેરવવા માટે એક બ્લુપ્રિન્ટ આપી શકે છે, ટીકાકારો કહે છે કે, ટ્રમ્પનું વલણ તાઈવાન અને દક્ષિણ ચીન સમુદ્રમાં બેઈજિંગના વિસ્તરણવાદને પ્રોત્સાહન આપી શકે છે અને ચીનને લશ્કરી સંયમના દાયકાઓથી અમેરિકાના ઉપદેશને નબળો પાડી શકે છે

(એજન્સી) તા.૨૨

ડોનાલ્ડ ટ્રમ્પે યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા ત્યારે, તેમના શપથ ગ્રહણ ભાષણમાં ચીનનો સ્પષ્ટ ઉલ્લેખ હતો. ટ્રમ્પના વહીવટ અને બેઈજિંગ વચ્ચે ફોન કોલ્સ અને પડદા પાછળની ચર્ચાઓના અહેવાલો હોવા છતાં, રાષ્ટ્રપતિએ સ્પષ્ટ કર્યું કે ચીન તેમના નિશાના પર છે. પનામા કેનાલ, જેનો ટ્રમ્પે દાવો કર્યો હતો કે તે 'ચીની નિયંત્રણ હેઠળ છે', તે ૮૨ કિલોમીટર લાંબા જળમાર્ગ પરના તેમના દાવા માટે એક સાધન બની ગયું. ટ્રમ્પે કહ્યું કે અમેરિકાએ 'મૂર્ખતાપૂર્વક' પનામા કેનાલ પનામાને આપી દીધી છે. જોકે, ચીનનો સામનો કરવા માટે ટ્રમ્પ દ્વારા પનામા કેનાલનો ઉપયોગ તેના પડોશ અને તેનાથી આગળના વિસ્તારોમાં બેઈજિંગની વિસ્તરણવાદી મહત્વાકાંક્ષાઓને પ્રોત્સાહન આપી શકે છે. ટ્રમ્પે અજાણતાં જ દાયકાઓથી ચાલી આવતી ચીનને સંયમ શીખવવાની અમેરિકન નીતિનો વિરોધ કર્યો હશે અને તેના વિસ્તરણવાદી વલણને એક પ્રકારની કાયદેસરતા આપી હશે. પનામા કેનાલ પર ટ્રમ્પનો દાવો બેઈજિંગને, જે તાઈવાન અને દક્ષિણ ચીન સમુદ્રના કાંઠાના દેશો સાથે વધુને વધુ અધીર અને લશ્કરી રીતે અડગ બની રહ્યું છે, તેના વિસ્તરણવાદી દાવાઓને મજબૂત બનાવવાની તક અને કાયદેસરતા આપી શકે છે. ટીકાકારો અને નિષ્ણાતો દલીલ કરે છે કે ટ્રમ્પ દ્વારા બળજબરીથી પણ પનામા કેનાલ પર કબજો કરવાની ધમકીઓએ તાઈવાન પર સંયમ રાખવાના અમેરિકાના લાંબા સમયથી ચાલતા આહવાનની વિશ્વસનીયતાને નબળી પાડી છે.

**રશિયા અને ચીનથી અમેરિકા કેવી રીતે અલગ છે, નિષ્ણાતોનું મંતવ્ય**

શપથ ગ્રહણના અઠવાડિયા પહેલા ટ્રમ્પ દ્વારા પનામા કેનાલ પર દાવો કરવાની માંગણીએ નિષ્ણાતોમાં પહેલેથી જ ચિંતા ઉભી કરી હતી, જેના કારણે તેઓ પ્રશ્ન કરવા લાગ્યા હતા કે તે ચીન અને રશિયાના પગલાંથી કેવી રીતે અલગ હશે. આ મહિનાની શરૂઆતમાં ન્યૂ યોર્ક સિટી સ્થિત પત્રકાર ગેરાલ્ડો રિવેરાએ X પર લખ્યું હતું કે, 'રશિયાના પુતિને યુક્રેન પર આક્રમણ કર્યું અને કહ્યું કે તે યોગ્ય રીતે તેમનું છે. ચીન તાઈવાનને જોડવા માટે હિંસાની ધમકી આપે છે. ટ્રમ્પ પનામા અને ગ્રીનલેન્ડને કબજે કરવા માટે બળનો ઉપયોગ કરવાની શક્યતાને નકારી કાઢતા નથી. તેઓ તેમનાથી કેવી રીતે અલગ છે ?', હા, ટ્રમ્પે તો એમ પણ કહ્યું હતું કે તેઓ પનામા કેનાલને ફરીથી મેળવવા માટે બળનો ઉપયોગ કરવામાં અચકાશે નહીં, જેનો તેમણે આરોપ લગાવ્યો હતો કે તે ચીનીઓ દ્વારા નિયંત્રિત છે અને આરોપ લગાવ્યો હતો કે લેટિન અમેરિકન રાષ્ટ્ર પનામાએ ૧૯૭૭ના ટોરિજોસ-કાર્ટર સંધિઓના 'આપણા સોદાના હેતુ અને ભાવના'નું ઉલ્લંઘન કર્યું છે. સંધિઓ હેઠળ, અમેરિકાએ ૧૯૯૯ સુધીમાં પનામાને નહેરનું નિયંત્રણ સોંપી દીધું. આ સંધિઓએ નહેરની તટસ્થતાની ખાતરી આપી અને જો જરૂરી હોય તો તેનો બચાવ કરવા માટે અમેરિકાને હસ્તક્ષેપ કરવાની મંજૂરી આપી. ટ્રમ્પે અગાઉ પનામા પર જળમાર્ગનો ઉપયોગ કરવા માટે 'અમેરિકન જહાજોને વધુ પડતો ચાર્જ' કરવાનો આરોપ મૂક્યો હતો. ટ્રમ્પે સંધિઓને 'મૂર્ખાઈ' પણ કહી હતી જેણે પ્રદેશમાં અમેરિકાના પ્રભાવને ઓછો કર્યો હતો. ન્યુ યોર્ક શહેર સ્થિત પત્રકાર રિવેરા દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતા, કે ટ્રમ્પ લશ્કરી શક્તિના આધારે સાર્વભૌમ પ્રદેશ પર વિસ્તરણવાદી દાવા કરે છે, તેવો જ એક અન્ય વોશિંગ્ટન ડીસી સ્થિત પત્રકાર દ્વારા પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**શું ટ્રમ્પના રિમાર્ક્સ ચીનને બળનો ઉપયોગ કરવાની તક આપશે?**

CNN એન્કર જીમ સ્યુટ્ટોએ ગ્રીનલેન્ડ અને પનામા અંગે ટ્રમ્પના કાર્યો અને રેટરિકના સંભવિત પરિણામો પર પ્રકાશ પાડ્યો હતો. જીમ સ્યુટ્ટોએ X પર લખ્યું કે, 'ગ્રીનલેન્ડ અને પનામા માટે ટ્રમ્પના પ્રતિબંધો અને લશ્કરી ધમકીઓથી ચીન અને રશિયાને સંદેશ એ છે કે જો યુએસ બીજા રાષ્ટ્રના સાર્વભૌમ પ્રદેશ પર કબજો કરવા માટે બળ અને ષડયંત્રનો ઉપયોગ કરી શકે છે, તો તેઓ તાઈવાન અને યુક્રેન માટે પણ આવું જ કરી શકે છે, અને તેઓ તે દાવાઓ સ્વીકારવાની નવી અમેરિકન ઈચ્છા વાંચી શકે છે,'. વર્ષોથી, યુ.એસ.એ ચીનને તાઈવાન પર પોતાનો દાવો રજૂ



કરવામાં 'સંયમ' રાખવા અને લોકશાહી રીતે શાસિત ટાપુને તેના નિયંત્રણ હેઠળ લાવવાના હેતુથી લશ્કરી ધમકીઓને છોડી દેવા હાકલ કરી હતી. આ મહિનાની શરૂઆતમાં મીડિયાના એક અહેવાલ મુજબ, ચીની ટીકાકારો ચેતવણી આપે છે કે ટ્રમ્પની અપરંપરાગત યુક્તિઓ યુએસ વિશ્વસનીયતાને નબળી બનાવી શકે છે, સશક્ત બનાવી શકે છે અને 'ચીન માટે રસ્તો ખોલી શકે છે'. હોંગકોંગ સ્થિત પ્રોફેસર વાંગ જિઆંગ્યુએ વેઈબો પર પોસ્ટ કરતા ટાંક્યું હતું કે, 'જો ગ્રીનલેન્ડ યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ભેળવવામાં આવે છે, તો ચીને તાઈવાન લેવું જ પડશે,'. પનામા કેનાલ પર દાવો કરવા ઉપરાંત, ટ્રમ્પે તેમના શપથ ગ્રહણ પહેલા કેનેડા અને ઉત્તર એટલાન્ટિકમાં ડેનિશ શાસિત ગ્રીનલેન્ડ ટાપુ પર પણ દાવો કર્યો છે. શાંઘાઈમાં ફુદાન યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડીઝના પ્રોફેસર ઝાઓ મિંગહાઓએ જણાવ્યું હતું કે પનામા કેનાલને લઈ જવાની ટ્રમ્પની ધમકીઓને ગંભીરતાથી લેવાની જરૂર છે. મિંગહાઓને મીડિયા દ્વારા ટાંકવામાં આવ્યું હતું કે, 'આ ઉપરાંત, આપણે ટ્રમ્પના ટ્રાન્સનેશનલિઝમ વિશે વિચારવાની જરૂર છે, જેના વિશે તેઓ પણ ગંભીર છે. ચીનમાં ઘણા લોકો હજુ પણ ટ્રમ્પને તાઈવાન પ્રશ્ન જેવા ખૂબ જ મુશ્કેલ મુદ્દાઓ પર પણ સોદાબાજ તરીકે માને છે'' હાલમાં, કેનાલમાંથી પસાર થતા લગભગ ૭૦% જહાજો અમેરિકન વેપારમાં સામેલ છે.

**શું ચીન ખરેખર પનામા કેનાલ પર નિયંત્રણ ધરાવે છે ?**

પેસિફિક અને એટલાન્ટિક વચ્ચે મુસાફરી કરતા જહાજોના અંતરને ઘટાડવા માટે અમેરિકાએ ૧૯૦૪ અને ૧૯૧૪ની વચ્ચે પનામા નહેરનું નિર્માણ કર્યું. આ જળમાર્ગે અમેરિકા અને યુરોપના પૂર્વીય દરિયાકાંઠાને એશિયામાં મોકલવામાં આવ્યા. આ સુરક્ષાને ટ્રમ્પે ચીનની હાજરી અને સંડોવણીનો દાવો કરીને નહેર પરના પોતાના દાવાનો આધાર બનાવ્યો છે. ટ્રમ્પના દાવાઓને પનામા સરકાર દ્વારા જોરદાર રીતે નકારી કાઢવામાં આવ્યા. મીડિયાના અહેવાલ મુજબ ચીન નહેરનું નિયંત્રણ કે સંચાલન કરતું નથી, પરંતુ હોંગકોંગ સ્થિત સીકે હચિસન હોલ્ડિંગ્સની પેટાકંપની લાંબા સમયથી નહેરના કેરેબિયન અને પેસિફિક પ્રવેશદ્વારો પર બંદરોનું સંચાલન કરે છે જોકે, એ પણ એક હકીકત છે કે પનામા ૨૦૧૭માં ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI)માં જોડાનાર પ્રથમ લેટિન અમેરિકન દેશ બન્યો અને બેઈજિંગ આ ક્ષેત્રમાં વધતી જતી હાજરી ધરાવે છે. પનામામાં ચીનની સંડોવણી ૨૦૧૬માં શરૂ થઈ હતી જ્યારે બેઈજિંગની સરકારી માલિકીની કંપની COSCOએ વિસ્તૃત નહેર દ્વારા તેનું પ્રથમ જહાજ મોકલ્યું હતું. હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, તે જ વર્ષે, ચીનના લેન્ડબ્રિજ ગ્રુપે માર્ગારીટા ટાપુ પર પનામાનું સૌથી મોટું એટલાન્ટિક બંદર ૯૦ કરોડ ડોલરમાં હસ્તગત કર્યું. મીડિયાના અહેવાલ મુજબ, ૨૦૧૮માં, બે ચીની કંપનીઓએ પનામામાંથી પસાર થતી નહેર પર ચોથો પુલ બનાવવા માટે $૧.૪૨ બિલિયનનો કરાર જીત્યો. ફક્ત ટ્રમ્પ જ નહીં, તેમના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોએ પણ આ મહિનાની શરૂઆતમાં પનામા નહેર ખરીદવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. રૂબિયોએ જણાવ્યું હતું કે નહેર સોંપવામાં સક્ષમ બનાવેલી દલીલ 'ઉલ્લંઘન' છે.

### હાલોલ જીઆઇડીસી ખાતે ૨૮ જેટલી કંપનીઓમાં મોટાપાયે પ્લાસ્ટિકનું ઉત્પાદન

# રાજ્યમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક સામે એક્શન ૧૨ કરોડથી વધુનું ૬૫૦ ટન પ્લાસ્ટિક જપ્ત

## ૨૦ માઈક્રોનની બેગ પર ૧૨૦ માઈક્રોનનો સિમ્બોલ : કાર્યવાહી વખતે પોલીસ સાથે ટોળાની બબાલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક સામેની કડક ઝુંબેશ રૂપે મોટા પાયે કાર્યવાહી કરાઇ છે. જેમાં હાલોલ GIDCમાં પ્લાસ્ટિકનાં એકમો ઉપર કાર્યવાહી હાથ ધરી છે. હાલોલ જીઆઈડીસીમાંથી ૬૫૦ ટન પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. સિંગલ યુઝ પ્લાસ્ટિક હાલોલ નગર પાલિકાએ જપ્ત કર્યું હતું. નગર પાલિકા દ્વારા ૧૨ કરોડથી વધુની કિંમતનું પ્લાસ્ટિક ૨૮ કંપનીઓમાંથી જપ્ત કર્યું હતું. હાલોલમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનું મોટા પાયે ઉત્પાદન થઇ રહ્યું છે. અને તે રાજ્યની બહાર જતું હતું. આ પ્રકારના મોટા રેકેટમાં પેકિંગ ઉપર વધુ માઈક્રોનની જાડાઈ દર્શાવવામાં આવતું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. ૨૦ માઈક્રોનની બેગ ઉપર ૧૨૦ માઈક્રોનનો સિમ્બોલ લગાવવામાં આવતો હતો. અગાઉ જીઆઈડીસીમાં ટોળાએ પોલીસકર્મીઓ સાથે બબાલ પણ કરી હતી. હાલોલ ખાતેની જીઆઈડીસીમાં વિવિધ ૨૮ જેટલી કંપનીઓમાં મોટાપાયે પ્લાસ્ટિકનું ઉત્પાદન થતું હોઇ નગરપાલિકા દ્વારા તે અંગે સઘન તપાસ હાથ ધરવાની કાર્યવાહી કરાઇ હતી. જેમાં ૬૫૦ ટન પ્લાસ્ટિક મળી આવતા જપ્ત કરાયું હતું. આ જથ્થાની કિંમત રૂા.૧૨ કરોડથી વધુ હોવાની ગણતરી કરાઇ છે. ત્યારે નગર પાલિકા દ્વારા જીઆઈડીસીમાં આવેલા એકમો પર તપાસ હાથ ધરતા કેટલાક એકમોનાં માલિકો દ્વારા ટોળું એકત્ર કરી અધિકારીઓની કામગીરીમાં અવરોધ ઉભો કર્યો હતો. તેમજ પોલીસ પર પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાનાં વીડિયોનાં આધારે હાલોલ પોલીસે ૩૫ લોકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર મામલે પોલીસ દ્વારા મહાવીર જૈન તેમજ વિકાસ લાઠી, દિનેશ ઠક્કર, બીટ્ટુ લાઠી, હિતેશ ઉર્ફે દિલ્લી જૈન, કિશોર જૈન અને તેમના ભાઈ મહાવીર જૈન, મહાવીર જૈનનો પુત્ર, દિનેશ વાપી, મહાવીર તીખી અને તેના ભાઈ અંકુર જૈન, સહિત ૧૯ લોકોની ઓળખ થવા પામી છે. ત્યારે હાલોલ પોલીસે આ તમામ લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ પર્યાવરણને નુકસાન પહોંચાડતા ગેરકાયદેસર એકમો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાલિકાની આ કાર્યવાહીને લઇ ચર્ચા પણ વ્યાપક રીતે થઇ રહી છે.

### નવી દિલ્હીમાં પ્રજાસતાક દિનની પરેડમાં ગુજરાતની અભૂતપૂર્વ ઝાંખી રજૂ થશે

# ‘આનર્તપુરથી એક્તાનગર સુધી-વિરાસતથી વિકાસના અદ્‌ભૂત સંગમ’ની થીમની ઝાંખી

## માહિતી ખાતાની પ્રસ્તુત ઝાંખીમાં વડનગર, સ્ટેચ્યુ ઓફ યુનિટી વગેરેનું અનેરૂં નિદર્શન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨




નવી દિલ્હીમાં પ્રજાસ્તોક દિનની પરેડમાં આ વખતે ગુજરાતની ઝાંખીમાં ૧૨-મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના ‘કીર્તિ તોરણ’થી લઈને ૨૧-મી સદીના ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ના રાજ્યના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે રાજ્યની ‘આત્મનિર્ભરતા’’ના વિવિધ વિકાસના પ્રકલ્પોનું અસરકારક નિદર્શન કરવામાં આવ્યું છે.

૭૬-મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. ‘‘સ્વર્ણિમ ભારત : વિરાસત અને વિકાસ’’ શીર્ષક અંતર્ગત ગુજરાત રાજ્ય દ્વારા ૭૬-મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત જે ઝાંખીની રજૂઆત થઇ રહી છે; તે ખરા અર્થમાં ન માત્ર રાજ્ય કિન્તુ રાષ્ટ્રની સાંસ્કૃતિક ધરોહર અને વિકાસના અભૂતપૂર્વ સંમિશ્રણને અસરકારકતાથી સાકારિત કરી રહી છે. ગુજરાતની ઝાંખીમાં ૧૨-મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના સોલંકીકાળના ‘કીર્તિ તોરણ’થી લઈને ૨૧-મી સદીની અજાયબી સ્વરૂપ ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે રાજ્યની ‘આત્મનિર્ભરતા’’ના વિવિધ વિકાસના પ્રકલ્પોનું અસરકારક નિદર્શન કરવામાં આવ્યું છે. આ ઝાંખીમાં પ્રારંભે સોલંકીકાળનું વડનગર સ્થિત ૧૨-મી સદીનું રાજ્યના સાંસ્કૃતિક પ્રવેશદ્વાર સમું ‘કિર્તી તોરણ’ છે; તો છેડે ૨૧-મી સદીની શાસનની ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતી સરદાર પટેલની ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ને દર્શાવવામાં આવી છે. આ બંને વિરાસતોની વચ્ચે ગુજરાતમાં અલગ-અલગ ક્ષેત્રોમાં થયેલા શાનદાર વિકાસની પ્રતિકૃતિઓ છે. જેમાં સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ‘આત્મનિર્ભર ભારત’ના ગુજરાતના વિવિધ પ્રકલ્પોને દર્શાવવામાં આવ્યા છે. સાબરમતી રિવરફ્રન્ટના બે છેડાના જોડતો ‘અટલ બ્રિજ, દ્વારિકા અને શિવરાજપુર બીચ ખાતે સાકારિત થનારા ‘અન્ડર વૉટર સ્પોર્ટ્સ’ની પ્રવૃત્તિઓની સાથે કચ્છી માટી-આભલાની કલાકૃતિઓ આ ઝાંખીને ચાર ચાંદ લગાવી રહ્યા છે.

આ ઝાંખીના પૃષ્ઠ ભાગમાં સંરક્ષણ-ટેકનોલોજી ક્ષેત્રે વડોદરામાં ‘તાતા એડવાન્સડ સિસ્ટમ લિમિટેડ’ના મારફતે તૈયાર થનારા વાયુદળના સી-૨૯૫ એરક્રાફ્ટના યુનિટ અને તેની નીચે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટના બે છેડાના જોડતો તકનીકી નમૂનારૂપ ‘અટલ બ્રિજ’, સેમી કંડક્ટરના ઉત્પાદનમાં ગુજરાતમાં થનારા જંગી રોકાણ સ્વરૂપે સેમી કંડક્ટર ચીપ અને તેની સાથે જોડાયેલા વિવિધ ઉપકરણો અને તેની નીચે ઓટોમોબાઈલ-મેન્યુફેક્ચરીંગ હબ તરીકે પ્રસ્થાપિત થઇ રહેલો ગુજરાતનો ઓટો-મશીન ઉદ્યોગ દર્શાવવામાં આવ્યો છે.

સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંખીના નિર્માણમાં માહિતી સચિવ અવંતિકાસિંઘ ઔલખ, માહિતી નિયામક કિશોર બચાણી, અધિક નિયામક અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડૉ.સંજય કચોટ અને નાયબ માહિતી નિયામક જીગર ખુંટ યોગદાન આપી રહ્યાં છે.

### શહીદ વીરો માટે દરેક નાગરિકોને બે મિનિટ પોતાનું કામ થંભાવી દેવાનું રહેશે

# રાજ્યમાં ૩૦મી જાન્યુઆરી ‘‘શહીદ દિન’’ નિમિત્તે બે મિનિટનું મૌન પાળવા સૂચના

## સાયરન કે સેનાની તોપ ફોડી ૧૧ વાગે ઉભા રહી મૌન પાળવા સૂચના જારી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે, તેવા શહીદ વીરોની સ્મૃતિમાં તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૫ને ગુરુવારના રોજ "શહીદ દિને" સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી દેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદ વીરોને માન અર્પણ કરાશે. જે અંતર્ગત સમગ્ર રાજ્યમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા સરકાર દ્વારા જણાવાયું છે. વધુમાં સામાન્ય વહીવટ વિગાત દ્વારા જારી સૂચના અનુસારે ગુરૂવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ જે સ્થળે સાયરન કે સેનાની તોપની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડી કે તોપ ફોડી બે મિનિટ માટે મૌન પાળવા સૂચના અપાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જ્યાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી મૌન પાળશે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શક્ય હોય ત્યાં સુધી થોભે તે જોવા વિનંતી કરવામાં આવી છે. બે મિનિટ બાદ મૌનનો સમય પૂરો થાય એટલે ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવાનું રહેશે. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઇ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરાઇ છે. દેશના ગૃહ મંત્રાલય દ્વારા શહીદ દિનનું મહત્વ સમજાય અને યોગ્ય રીતે મનાવાય તે માટે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ-કોર્પોરેશન વિગેરેમાં સ્વતંત્રતા અંગેના વકતવ્ય, સંવાદ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવાયું છે.

### AMC નવેસરથી શરૂઆત કરે તેવી પ્રબળ શક્યતા

# અમદાવાદમાં નાગરિકો ફરી હિલિયમ બલૂનની મજા માણી શકે તેવી હિલચાલ

## છેલ્લા કેટલાક વર્ષોથી બંધ સર્વિસ શરૂ કરવાની દિશામાં કામ શરૂ કરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

વર્ષો પહેલાં કાંકરિયામાં લોકો હિલિયમ બલૂનમાં સવાર થઈને સમગ્ર અમદાવાદ જોઈ શકતા હતા તે એક્ટિવિટી પુનઃ શરૂ કરવા માટેના પ્રયત્ન થઈ રહ્યા છે. અમદાવાદમાં હિલિયમ બલૂન પુનઃ શરૂ કરવા માટેની વિચારણા અમદાવાદ મહાનગરપાલિકાની રિક્રિએશન કમિટીમાં કરવામાં આવી છે. આ અંગે હિલિયમ બલૂન કેમ બંધ કરવું પડ્યું અને તેના ટેકનિકલ આસ્પેક્ટને ધ્યાનમાં રાખીને હવે નવેસરથી હિલિયમ બલૂન શરૂ કરવા માટે પ્રયત્નો હાથ ધરાયા છે. જો કે આ વખતે હિલિયમ બલૂન માટેનું લોકેશન કયું હશે તે નક્કી નથી. રિક્રિએશન કમિટિના બ્રિફિંગમાં જણાવાયા અનુસાર કાંકરિયા ખાતે શરૂ થયેલ હિલિયમ બલૂન છેલ્લા કેટલાક વર્ષોથી બંધ કરવામાં આવેલ છે. અમદાવાદની હવાની ઝડપ તેમજ આબોહવાને ધ્યાન લેતાં કાંકરિયામાં આ બલૂન માટે યોગ્ય જગ્યા નહીં હોવાનું સામે આવ્યું છે. ત્યારે હવે આ પ્રકારની કામગીરી માટે કયું સ્થળ યોગ્ય છે તેની તપાસ કરવામાં આવશે. અમદાવાદમાં રિવરફ્રન્ટ અથવા તો કાંકરિયામાં હિલિયમ બલૂન શરૂ થશે. અગાઉ જે સ્થળ પર હિલિયમ બલૂન રાખવામાં આવ્યું હતું તે સ્થળ પર પવનની ગતિ સાનુકૂળ ન હોવાનું આજે કમિટીમાં જણાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૪માં એપ્રિલ માસમાં આવેલા વાવાઝોડાએ અમદાવાદમાં ભારે નુકસાન વેર્યું હતું. જેમાં કાંકરિયામાં આવેલા હિલિયમ બલૂનને પણ નુકસાન થયું હતું અને બલૂન ઝાડ સાથે અથડાવાથી ફાટી ગયું હતું. લાંબા સમય બાદ નવો બલૂન લાવવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૪ના એપ્રિલમાં આવેલા વાવાઝોડા પહેલાં પણ પ્રથમ હિલિયમ બલૂનને નુકસાન થયું હતું જેના કારણે બલૂનને અનેક વખત પંચર રિપેર કરવાની ફરજ પડી હતી. આજથી ૧૪ વર્ષ પહેલાં વર્ષ ૨૦૧૦માં હિલિયમ બલૂન પ્રોજેક્ટની શરૂઆત કાંકરિયા ખાતે કરવામાં આવી હતી. પીપીપી ધોરણે શરૂ કરવામાં આવેલા આ બલૂન પાછળ આશરે રૂા.૧૦ કરોડનો ખર્ચ કરાયો હતો. આ બલૂન દ્વારા થતી આવકનો ૧૦% હિસ્સો કોર્પોરેશનને આપવામાં આવતો હતો. ૨૫ ડિસેમ્બર ૨૦૧૦માં હિલિયમ બલૂનને વિદેશથી લાવવામાં આવ્યું હતું. બલૂન શરૂ થયા બાદ સમયાંતરે તેમાં કોઈને કોઈ ખામીઓ સામે આવતી રહી હતી અને શરૂ થયા બાદ પણ ઘણી વખત તે બંધ રાખવું પડતું હતું. લોકાર્પણના થોડા જ વર્ષમાં હિલિયમ બલૂનની હવા નીકળી જતા તેને બંધ પણ કરવામાં આવ્યું હતું. હિલિયમ બલૂન એક વખત તૂટે તો તેને રિપેર કર્યા બાદ તેમાં હિલિયમ ગેસ ભરવામાં જ રૂા.૫૦ લાખ જેટલો મોટો ખર્ચ થતો હતો. જેને પગલે પ્રોજેક્ટ ચલાવનાર કોન્ટ્રાક્ટર દ્વારા આ પ્રોજેક્ટ બંધ કરી દેવાયો હતો. ત્યારે હવે ફરીથી આ પ્રોજેક્ટને શરૂ કરવા માટે હિલચાલ શરૂ થઈ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રેવન્યુ શેરિંગ સાથે કોન્ટ્રાક્ટરને હિલિયમ બલૂનની જગ્યા ફાળવી હતી. આ જગ્યા પર હવે કેન્ડી વર્લ્ડ શરૂ કરવામાં આવનાર છે જ્યારે હિલિયમ બલૂનને સાબરમતી રિવરફ્રન્ટ પર શરૂ કરી શકાય કે કેમ તે અંગે વિચારણા કરવા અધિકારીઓને સૂચના અપાઈ છે.

# ગેરકાયદેસર રીતે આયુષ્યમાન કાર્ડ જારી કરવાના કૌભાંડમાં પકડાયેલા બે આરોપીઓની જામીન અરજી હાઈકોર્ટે ફગાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

ખ્યાતિ હોસ્પટલના કૌભાંડ બાદ ગેરકાયદે રીતે આયુષ્યમાન કાર્ડ જારી કરવાના કૌભાંડમાં પકડાયેલા પીએમજેએવાય યોજનાના આરોગ્ય વિભાગના તબીબી અધિકારી ડૉ.શૈલેષ આનંદ અને અન્ય ડોક્યુમેન્ટ્સ અપલોડ કરનાર ઈમરાન જાબીરહુસૈન કારીગરની જામીન અરજી ગુજરાત હાઈકોર્ટે પણ આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. જસ્ટિસ એમ.આર.મેંગડેએ કૌભાંડની ગંભીરતા ધ્યાને લઇ બંને આરોપીઓને જામીન આપવાનો સાફ ઈક્કાર કરી દીધો હતો.

જામીન અરજીનો વિરોધ કરતાં સરકારી વકીલે રજૂઆત કરી હતી કે, ડૉ. શૈલેષ આનંદ ખ્યાતિકાંડ બાદ બીજા દિવસે બદલી થઈને ખેડા જિલ્લાના વસોના સીએચસી સેન્ટરમાં બદલી થઈ હતી. જ્યારે મિલાપ પટેલ ગાંધીનગરની પીએમજેએવાય ઓફિસમાં કોન્ટ્રાક્ટ પર પ્રોજેક્ટ ઓપરેટર તરીકે કામ કરતો હતો. અને નિખિલ પારેખ એન્સર કંપનીના ગુજરાતના હેડ તરીકે કામ કરતો હતો. આરોપીઓનું આયુષ્યમાન ભારત વોટ્સએપ ગ્રુપ ચાલતુ હતુ. તેના મારફતે મિલાપ અને ડૉ. શૈલેષ આનંદ તેમના સંપર્કમાં આવ્યા હતા.

ડૉ. શૈલેષ આનંદની સૂચનાથી જ મિલાપ પટેલ તે ગ્રુપમાં જોડાયો હતો. બાદમાં મિલાપ પટેલ અને શૈલેષ આનંદ સાથે મળીને આયુષ્યમાન કાર્ડના એપ્રુવલ આપતા હતા. છેલ્લા એક વર્ષથી બંને જણાં કમીશન લઈ બારોબાર એપ્રુવલ આપી દેતા હતા. આ સાથે જ આયુષ્માન કાર્ડના રેફરન્સ નંબરને વેરીફાઇ કરવાનું કામ એન્સર કંપનીના ગુજરાત હેડ નિખિલ પારેખનું હતું. નિખિલ તેના માસ્ટર આઈડી અન્ય લોકોને આપી રૂપિયા મેળવતો હતો. નોંધનીય વાત તો એ છે કે, ડૉ.શૈલેષ આનંદ તેના સહઆરોપી મિલાપને એક કાર્ડ દીઠ રૂા. ૫૦૦ કમીશન આપતો હતો તેમજ નિખીલે મિલાપને માસ્ટર આઈડી અને પાસવર્ડ આપ્યું હતું. આરોપીએ સરકારી અધિકારી હોવાછતાં પોતાની ફરજ અને સત્તાનો દૂરપયોગ કરી માત્ર પૈસાની લાલચમાં ગંભીર ગુનો આચર્યો છે અને અન્ય આરોપીઓને પણ ગુનામાં મદદગારી કરી છે. આ જ પ્રકારે આરોપી ઈમરાન જાબીરહુસૈન કારીગર પણ ખોટી રીતે દસ્તાવેજો અપલોડ કરી ગુનામાં મદદગારી કરવામાં પકડાયો છે. કૌભાંડની ગંભીરતા અને આરોપીઓની ભૂમિકા જોતાં તેઓને કોઇપણ સંજોગોમાં જામીન આપી શકાય નહી. સરકારપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે બંને આરોપીઓના જામીન ફગાવ્યા હતા.

## બાપુનગરમાં ગટર ઊભરાવવાની સમસ્યાથી પરેશાન સ્થાનિકો આમરણાંત ઉપવાસ પર ઉતર્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

શહેરના બાપુનગર વિસ્તારમાં આવેલા અનિલ સ્ટાર્ચ મિલ રોડ પર સંજય નગરથી બાપુનગર તરફ જવાના રોડ પર ગટરનું પાણી બહાર રોડ ઉપર આવી ગયું છે. સ્થાનિક રહીશો ગટરના પાણીમાં ચાલવા માટે મજબૂર થયા છે. વાહનચાલકો, વૃદ્ધો અને વિદ્યાર્થીઓને પણ વધુ તકલીફ પડી રહી છે. કેટલાય સમયથી સ્થાનિકો દ્વારા અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરવામાં આવી છતાં કોઈ નિરાકરણ આવતું નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનની મશીનરી ત્યાં મુકવામાં આવી છે, મોટા મશીનો શોભાના ગાંઠિયા સમાન રાખવામાં આવ્યા છે. તંત્ર દ્વારા નિરાકરણ ન લાવવામાં આવતા હવે સ્થાનિક લોકો આમરણાંત ઉપવાસ પર ઉતર્યા છે. પ્રશ્નનું નિરાકરણ ના આવે ત્યાં સુધી આમરણાંત ઉપવાસ કરશે. સ્થાનિકો મુજબ આ વિસ્તારમાં ૩૦૦ મીટર સુધી ગટરના પાણી રસ્તાઓ પર વહી રહ્યા છે. દુર્ગંધથી ત્યાંથી પસાર થતા લોકો અને રહેવાસીઓ ખૂબ જ પરેશાન થઈ ગયા છે દરરોજ તેઓને ગંદકીનો સામનો કરવો પડી રહ્યો છે તેમ છતાં પણ અધિકારીઓ કે કોઈ કોર્પોરેટરો જોવા આવી રહ્યા નથી.

### ૬ મહિનામાં કેટલાક બાળકોને શ્વાન કરડી ગયા

# શહેરના ખાનપુર ભિસ્તીવાડમાં ઘણા મહિનાથી શ્વાનોનો ત્રાસ

## શ્વાનોને પકડવામાં આવે તેવી લોકમાંગ

અમદાવાદ, તા.૨૨

અમદાવાદના પૂર્વ વિસ્તારમા આવેલું ખાનપુર ભિસ્તિવાડ માં છેલ્લા ઘણા મહિનાથી કૂતરાઓનો ત્રાસ વધી ગયો છે. છેલ્લા, ૬ મહિનામા ઘણાં નાના બાળકોને કુતરા કરડીયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મા ઓનલાઇન કમ્પ્લેન કરવા છતાં પણ આવા કુતરાઓને પકડવામાં આવતાં નથી. અને કમ્પ્લેન બંધ કરી દેવામાં આવે છે. તેવી ફરિયાદો સ્થાનિકોમાં ઉઠવા પામી છે. ત્યારે આ અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવે અને શ્વાનોને વિસ્તારમાંથી દૂર કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# જમિયત ઉલમા દ.ગુ. તરફથી ખાસ મીટિંગ યોજાઇ

કોસંબા, તા.૨૨

તા.૧૨/જાન્યુઆરી/ રવિવારે સાંજે જમિયત ઉલમા દક્ષિણ ગુજરાત તરફથી હઝરત મૌલાના સૈયદ અરશદ મદની સાહબનાં સુરત જિલ્લામાં આગમન અને પ્રોગ્રામ સંબધિત એક મુશાવરતી મજલિસ કીમ ચાર રસ્તા ખાતે રોયલ પાર્કમાં આવેલ જમિયતની ઓફિસ પર ગુજરાત જમિયતના જોઇન્ટ સેક્રેટરી જનાબ અનવર ભાઈ શેખની સરપરસ્તી હેઠળ રાખવામાં આવી હતી.

આ મિટિંગમાં હઝરત મૌલાના સૈયદ અરશદ મદની સાહબના આગમન પર એમના સ્વાગતથી લઈને યોજવામાં આવનાર પ્રોગ્રામના સ્થળ, તારીખ અને સમય બાબતે અને એને લગતી કામગીરી અને જવાબદારીઓ તેમજ બીજા બધા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. અચાનકની આ ઈમરજન્સી બેઠક માટે જનાબ હૈદર અલી હામદ હથોડા સાહેબ : જનરલ સેક્રેટરી જમિયત ઉલમા, સુરત એ બધા જિમ્મેદારોને ફોન કરી તાત્કાલિક આ બેઠકનું આયોજન કર્યું હતું. જમિયતની અલગ અલગ યુનિટથી જીમ્મેદારો, મેમ્બરો અને કાર્યકરોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

બધા હાજર-જનોનાં ઈત્તિફાકે રાયથી જનાબ મૌલાના ઈસ્માઈલ સરકારઃ વાઇસ પ્રેસિડેન્ટઃ જમિયત ઉલમા. ગુજરાતને મશ્વરાનાં અમીર નક્કી કરવામાં આવ્યાં અને એમની અમારત અને કિયાદત હેઠળ મિટિંગમાં બધા ઉમૂર નક્કી કરવામાં આવ્યા હતા. જમિયત ઉલમા. સુરત, જમિયત ઉલમા. માંડવી, જમિયત ઉલમા. પલસાણા, જમિયત ઉલમા. માંગરોલ, જમિયત ઉલમા. ઓલપાડ, જમિયત ઉલમા. અંકલેશ્વર અને જમિયત ઉલમા. કોસંબા, તરસાડી દ્વારા તમામ પ્રકારની કામગીરી અને જીમ્મેદારી માટે મુકમ્મલ સાથ સહકાર આપવા માટે બાહેધરી આપવામાં આવી હતી.આ મિટિંગમાં મૌલાના કુતબુલ્લાહ નદવી સાહેબ પ્રેસિડેન્ટઃ જમિયત ઉલમા. અંકલેશ્વર શહેર, અબુ ભાઈ દીવાન લાજપોર જનરલ સેક્રેટરી : જમિયત ઉલમા, સુરત જિલ્લા, મુસા ભાઈ પાંચભાયા સાહેબ, સાજીદ ભાઈ ઉનિયા સાહેબ, ઈમરાન ભાઈ બોધાન સાહેબ, મુહમ્મદ ભાઈ જે. પી. સાહેબ, ઐયુબ ભાઈ પટેલ મહુવેજ સાહેબ, સુલેમાન ડોબા સાહેબ, આમિર ભાઈ પઠાણ સાહેબ, યાહ્યા ભાઈ પઠાણ સાહેબ, સલીમ ભાઈ પિપોદરા સાહેબ, રફીક ભાઈ પિપોદરા સાહેબ, સૈયદ અબ્દુલ મુકીત સાહેબ, બિલાલ ભાઈ બલેશ્વર, ઈસ્માઈલભાઈ બલેશ્વર, શબ્બીરભાઈ મલેક ઓલપાડ, મૌલાના ઉમર અશરફ સાહેબ, મૌલાના નઝીર મલેક સાહેબ, અશફાક ભાઈ કાનુ, જનાબ સુલેમાન ભાઈ આંકરોડ, ઈબ્રાહીમ ભાઈ આંકરોડ, વલી મુહમ્મદ ભાઈ હથોડા સાહેબ અને મૌલાના અયાઝ દાદરી સાહેબ જેવા જીમ્મેદારોએ હાજરી આપી હતી.

પ્રોગ્રામનાં અંતે જનાબ મૌલાના કુતબુલ્લાહ નદવી સાહેબ પ્રેસિડેન્ટ : જમિયત ઉલમા. અંકલેશ્વર શહેર એ બધાં હાજર-જનોનો આભાર વ્યક્ત કરી હમેશાં માટે આવી જ રીતે હોસ્લાં, ઉમંગ અને ઉત્સાહ સાથે જમિયતનાં તકાદા પર સદા તત્પર રહેવા માટે આહવાન કર્યું હતું.

જમિઅત ઉલમાએ હિંદ દ્વારા તા.૭/૨/૨૦૨૫ શુક્રવારે આઇ.સી.સી. ક્રિકેટ મૈદાન, પાલોદ કીમ ચાર રસ્તા માંગરોળ ખાતે સાંજે પાંચ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી એક સંવિધાન સંરક્ષણ સંમેલન હઝરત મૌલાના સૈયદ અરશદ મદની સાહબની આગેવાનીમાં આયોજન કરાયું છે. જેમાં હઝરત મૌલાના ગુલામ મુહમ્મદ વસ્તાનવી તથા હઝરત મૌલાના શૈખ મુહમ્મદ હનીફ લુહારની તથા અન્ય ઉલેમાઓ ઉપસ્થિત રહેશે.

# મોડાસામાં મહિલા જન જાગૃતિ સંમેલનનું આયોજન કરાયું



તા.૨૧/૦૧/૨૦૨૫ના રોજ સુન્ની મુસ્લિમ ઘાંચી જમાત તથા ઘાંચીવાડ મહિલા મંડળના ઉપક્રમે મહિલા જન જાગૃતિ સંમેલનનું આયોજન ગોષીયા હોલ, જમાલ વાવ, મોડાસા ખાતે રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન ડોક્ટર પ્રોફેસર મહેરૂન્નિસાબેન દેસાઈ (પ્રમુખ અમવા ટ્રસ્ટ, અમદાવાદ)એ મહિલાઓને સંગઠિત બની સમાજના દુષણો દારૂ-જુગાર વગેરેને દૂર કરવા પ્રયત્ન કરવા આહ્વાન કર્યું હતું. કાર્યક્રમના અન્ય મુખ્ય મહેમાન હસિનાબેન મન્સૂરી (ઓફિસર, મહિલા બાળ વિકાસ કચેરી, જિલ્લા અરવલ્લી)એ સરકારની મહિલાલક્ષી યોજનાની વિષદ છણાવટ કરી હતી. અમદાવાદથી આવેલ અન્ય મુખ્ય મહેમાન સનોબર પઠાણ (અમવા ટ્રસ્ટ, અમદાવાદ), મહિલા મંડળના પ્રમુખ ફાતમાબેન ભૂરા તથા સેક્રેટરી સમિમબેન બાકરોલિયાએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. ગામના મહિલા આગેવાનો તથા મહિલાઓએ ઉત્સાહપૂર્વક હાજર રહી કાર્યક્રમને જવલંત સફળતા અપાવી હતી. મૌલાના મોઈનુલ હકએ જણાવ્યું હતું કે, મહિલાઓ દિની તાલીમ લે અને દિની તાલીમ બાળકોને આપે તેનાં ઉપર ભાર મૂકવાથી પરિવારમાં સુધારા લાવી શકાય છે.

## ગુજરાત હાઈકોર્ટ અને બોમ્બે હાઈકોર્ટના ASG દેવાંગ વ્યાસે રાજીનામું આપ્યું

અમદાવાદ, તા.૨૨

ગુજરાત હાઈકોર્ટ અને બોમ્બે હાઈકોર્ટના એડિશનલ સોલિસિટર જનરલ (એએસજી) દેવાંગ વ્યાસે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. બાર વર્ષ સુધી બોમ્બેમાં પ્રાઈવેટ પ્રેક્ટિસ કરવા માટે તેમણે આ પદ છોડી દીધું હોવાનું કહેવાય છે. વ્યાસ ભારતના કેન્દ્ર સરકારને લગતા કેસોનું પ્રતિનિધિત્વ કરવા માટે આ મહત્ત્વપૂર્ણ પદ પર નિયુક્ત થયેલા સૌથી યુવા વકીલ હતા. વ્યાસને બાર વર્ષ પહેલાં ગુજરાત હાઈકોર્ટ માટે એએસજી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમનો કાર્યકાળ છેલ્લે જૂન ૨૦૨૩માં લંબાવવામાં આવ્યો હતો. દરમિયાન, જુલાઈ ૨૦૨૩માં પૂર્વ એએસજી અનિલ સી સિંહનો ૯ વર્ષનો કાર્યકાળ સમાપ્ત થયા પછી તેમને બોમ્બે હાઈકોર્ટ માટે પણ એએસજી તરીકે વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો.


### જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ એન્ડ નોટરી મોહંમદયુસુફ એસ.અન્સારી, રહે :- ૧૧૭/૫/૧૯/૫, સુગરાબીબીની ચાલી, કામદાર મેદાન પાસે, ગોમતીપુર, અમદાવાદ-૨૧ના તે અમો અમારા અસીલ અંસારી અબ્દુલસત્તાર નિજામુલહક, રહે :- ચોકસીની ચાલી, ગોમતીપુર, અમદાવાદનાઓની સુચના અને ફરમાઈશથી જાહેર જનતાને આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે,....

અમારા અસીલના લગ્ન યાને નિકાહ સને ૧૯૭૯માં અંસારી નુરજહાં અબ્દુલસત્તાર સાથે ઈસ્લામી શરીયત અને રીતરીવાજ મુજબ સગા સંબંધીઓની હાજરીમાં થયા હતા અને લગ્ન બાદ અમારા અસીલની ધર્મ પત્નીએ કુલ ચાર સંતાનોને જન્મ આપેલ જેમાં નં.(૧) પુત્ર નામે જમીલ અહેમદ અબ્દુલસત્તાર અંસારી, નં.(૨) પુત્ર નામે નિશાર અહેમદ અબ્દુલસત્તાર અંસારી, નં(૩) પુત્ર નામે ચાંદમોહંમદ અબ્દુલસત્તાર અંસારી, નં.(૪) પુત્રી નામે કહેકશાઅંજુમ અબ્દુલસત્તાર અંસારી, છે.

અમારા અસીલની પત્ની નામે અંસારી નુરજહાં અબ્દુલસત્તાર તેમજ તેમના ચારેય બાળકો છેલ્લા ૨૨ વર્ષથી અમારા અસીલથી અલગ રહે છે અને અમારા અસીલની કોઈ દરકાર લેતા નથી કે તેમનું ભરણપોષણ પણ કરતા નથી કે તેમની પત્ની, પત્ની તરીકેની કોઈ જવાબદારી નીભાવતા નથી અને અમારા અસીલની પત્ની તેમજ ચારેય બાળકો એટલે કે ઉપર મુજબ ત્રણે પુત્રો અને એક પુત્રી તે અમારા અસીલના જરા પણ કહ્યામાં નથી જેથી અમારા અસીલ તેમની જોડે હવે કોઈ આર્થિક, સામાજિક, નાણાકીય કે કોઈપણ પ્રકારના સંબંધો રાખવા માંગતા ના હોઈ આજરોજ આવા સંબંધોનો અંત આણી દીધેલ છે તેમજ અમારા અસીલે તેમની પત્નીનો અને તેમના ત્રણે પુત્રો અને પુત્રીને તેઓની તમામ સ્થાવર અને જંગમ મિલકતોમાંથી આજરોજ બેદખલ કરી દીધેલ છે જેથી હવે પછી અમારા અસીલની સ્થાવર અને જંગમ મિલકતોમાં તેમની પત્નીને અને તેમના ત્રણે પુત્રો અને પુત્રીનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો કે અલાખો રહેશે નહીં જેથી અમારા અસીલની પત્ની અને તેમના ત્રણે પુત્રો અને પુત્રી સાથે કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારનો આર્થિક, સામાજિક કે નાણાકીય કે કોઈપણ પ્રકારનો વ્યવહાર કે તેવી કોઈ લેવડદેવડ કરવી કરાવવી નહીં તેમ છતાં જો કોઈ વ્યક્તિ તેઓની જોડે આવો કોઈ વ્યવહાર કરશે કરાવશે તો તેની તમામ જવાબદારી તેઓની પોતાની રહેશે જેની જાહેર જનતાએ અચૂક અને ગંભીર નોંધ લેવી.

અ.સત્તાર

સ્થળ :- અમદાવાદ

અમારી સુચના અને ફરમાઈશથી

તા. ૨૨/૦૧/૨૦૨૫ (મોહંમદયુસુફ એસ.અન્સારી એડવોકેટ એન્ડ નોટરી)

મારી મારફતે

# બાંદ્રા વરલી સી લિંકને મરીન ડ્રાઈવ સાથે જોડતા નવા કોસ્ટલ રોડને ખુલ્લો મૂકશે બૃહદ મુંબઈ મહાનગરપાલિકા, ૨૬ જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રીના હસ્તે થશે લોકાર્પણ, દક્ષિણ તરફનો આ રસ્તો મરીન ડ્રાઈવ અને બાંદ્રા વરલીની સી લિંકને જોડતો નવો કોસ્ટલ રોડ

(એજન્સી) મુંબઈ, તા.૨૨

બીએમસીના મહત્વાકાંક્ષી રોડ પ્રોજેક્ટનું આવતા સપ્તાહે ઉદ્‌ઘાટન કરવાની તૈયારીઓ થઈ રહી છે. બાંદ્રા વરલી સી લિંકને મરીન ડ્રાઈવ સાથે જોડતા દક્ષિણ તરફના નવા કોસ્ટલ રોડને ખુલ્લો મૂકવા માટે બૃહદ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા તૈયારીઓ ચાલુ કરવામાં આવી છે અને તારીખ ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના હસ્તે કોસ્ટલ રોડ સત્તાવાર રીતે લોકાર્પિત કરવામાં આવશે.



અત્યારે બીએમસી દ્વારા રસ્તો ખુલ્લો મૂકવાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે જેમાં દિશા સૂચવતા લખાણ તેમજ લાઈટ વ્યવસ્થા વગેરે ગોઠવવાની છેલ્લી ઘડીની કામગીરી ચાલી રહી છે. આ મહત્ત્વાકાંક્ષી કોસ્ટલ રોડના અન્ય બે ભાગ વરલી અને હાજીઅલી

## મહાનગર મુંબઈના બે મહત્ત્વના વિસ્તારોને જોડતો દક્ષિણ તરફનો માર્ગ આવતા સપ્તાહે ખુલ્લો કરવાની BMC દ્વારા તૈયારીઓ થઈ રહી છે અને અત્યંત મહત્ત્વાકાંક્ષી કોસ્ટલ રોડનું સત્તાવાર ઉદ્‌ઘાટન ૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના હસ્તે થશે

વિસ્તારના ભાગનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. આવતા મહિના સુધીમાં એ બે આડ રસ્તાનું કામ પણ પૂરૂં થઈ જવાની ધારણા છે. મરીન ડ્રાઈવ અને બાંદ્રા વરલી સી લિંકને જોડતા રસ્તા અને અગાઉ ટ્રાફિક માટે ૧૩ સપ્ટેમ્બરના રોજ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ દક્ષિણ તરફનો નવો માર્ગ છે અગાઉ વાહનચાલકોએ બાંદ્રા વરલી સી લિંક રોડ પરથી ઉત્તર તરફ જવું પડતું હતું અને એ પછી વરલીના અબ્દુલ ગફાર ખાન માર્ગ સુધી પહોંચી શકતા હતા પરંતુ હવે આ નવો કોસ્ટલ રોડ શરૂ થઈ ગયો છે જે બંને વિસ્તારોને જોડી દેશે એટલે ઉત્તરના માર્ગ તરફ થઈને જવું નહીં પડે અને આ સીધું જોડાણ કરતો રસ્તો છે જે ઉત્તરથી દક્ષિણ મુંબઈને સીધું જોડી દેશે. મહાનગરપાલિકાના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે કોસ્ટલ રોડની કામગીરી આખરી તબક્કામાં છે તથા કલર કામ પ્રકાશ વ્યવસ્થા અને નિશાનીઓ મૂકવાની કામગીરી હવે ચાલી રહી છે. મુખ્યમંત્રી પ્રજાસત્તાક દિને ઉદ્‌ઘાટન કરે એ પછી બીજા દિવસે આ રસ્તો ટ્રાફિક માટે ખુલ્લો કરવામાં આવશે કેમ કે હાજીઅલી વિસ્તારનો રસ્તો જે વરલીથી લોટસ જેટી સુધીનો છે અને બીજા બે આડ રસ્તા જે પ્રભાદેવીથી બાંદ્રા અને પ્રભાદેવીથી મરીન ડ્રાઈવ સુધીના છે તેનું પણ કામ ચાલી રહ્યું છે અને ફેબ્રુઆરીમાં પૂરૂં થઈ જશે.

એ જ રીતે બ્રીચ કેન્ડીના પ્રિયદર્શીની પાર્ક થી શરૂ થતો અને વરલીના સી લિંકના છેડા સુધી પહોંચતો ૭:૩૦ કિલોમીટરનો સીધો એકધારો માર્ગ પણ મે મહિના સુધીમાં પરિપૂર્ણ થઈ જશે જેની કામગીરી અત્યારે ઝડપથી ચાલી રહી છે અને ટાટા ગાર્ડન પાછળના એ માર્ગ નું કામ આખરી તબક્કામાં છે. સમગ્ર કોસ્ટલ રોડ પ્રોજેક્ટ માટે મુખ્ય હબ સમાન આ કેન્દ્ર બની રહેશે જે એટીએમ સિસ્ટમ એટલે કે એડવાન્સ ટ્રાફિક મેનેજમેન્ટનો ચાવીરૂપ અને મહત્ત્વનો હિસ્સો બનશે. આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કોસ્ટલ રોડ પરના ટ્રાફિકનું સંચાલન કરવામાં આવશે અને નિરીક્ષણ રાખવામાં આવશે. ૧૦.૫૮ કિલોમીટરનો કોસ્ટલ રોડ મરીન ડ્રાઈવ ખાતેના પ્રિન્સેસ સ્ટ્રીટ ફલાય ઓવરથી વરલીના સી લિંકના રોડના છેડા સુધી પહોંચે છે. જ્યાં મહત્ત્વના સ્થળો હાજીઅલી તથા પેડર રોડ અને વરલી સી ફેસ પાસે મહત્ત્વના સ્થળો પર મલ્ટી લેવલ ઈન્ટરચેન્જની પણ સુવિધા ધરાવે છે.

# બંગાળી ભાષી મુસ્લિમોને સંવેદનશીલ મુદ્દાઓ પર બાંગ્લાદેશી ગણાવી દેવામાં પોલીસે સાવચેતી રાખવી જરૂરી

(એજન્સી) નવી દિલ્હી,તા.૨૨

અભિનેતા સેફઅલી ખાન પર હુમલામાં ગણતરીના દિવસોમાં પોલીસે તપાસમાં નોંધપાત્ર સફળતા મેળવી અને મુંબઈ પોલીસની માહિતીની આધારે ૧૭ જાન્યુઆરીના રોજ છત્તીસગઢ પોલીસે આકાશ કૈલાશ કનોજ્યા (૩૧) દુર્ગ રેલવે સ્ટેશનથી ઝડપી લીધો હતો. દરમ્યાન ૧૯ જાન્યુઆરીના રોજ મુંબઈ પોલીસે આ કેસમાં થાણે વિસ્તારમાંથી મોહમ્મદ શરીફુલ ઈસ્લામ ઉર્ફે વિજયદાસ (૩૦)ની ધરપકડ કરી હતી. સત્તાવાળાઓએ એવો આક્ષેપ કર્યો છે કે, એ બાંગ્લાદેશી નાગરિક છે જો કે તેનો કોઈ પાછલો ગુનાહિત ઈતિહાસ નથી.

શું શકીફુલ બાંગ્લાદેશી નાગરિક છે એવો પોલીસ પાસે નકલ પુરાવો છે? મીડિયાનો દાવો છે કે સત્તાવાળાઓ પાસે આરોપી બાંગ્લાદેશી હોવાનો સાબિત કરતો નક્કર પુરાવો નથી. જો પોલીસ પાસે તેની બાંગ્લાદેશી ઓળખ કે મૂળનો પુરતો પુરાવો ન હતો તો માત્ર અફવાના કારણે મીડિયાને આ તાત્કાલિક આ માહિતી આપવાની ઉતાવળ શું કામ કરી?

બાંગ્લાદેશીઓની મુદ્દાની સંવેદનશીલતા જોતા કોઈ શકમંદની ઓળખ જાહેર કરતા પહેલા તમામ હકીકતોની સઘન રીતે ચકાસણી થઈ જવી જોઈએ એટલે પોલીસે આ બાબતમાં સંયમ રાખવો જોઈએ. હમણા દિલ્હી પોલીસે ઝૂંપડપટ્ટીઓમાં રહેતા કથિત ગેરકાનૂની બાંગ્લાદેશી વસાહતીઓ પર ધોષ બોલાવી રહી છે. કલાકો સુધી એમની અટકાયત કરી પૂછપરછ કરવામાં આવી છે. એમાંના ઘણાં કહે છે કે, માત્ર બંગાળી મુસ્લિમ હોવાના નાતે બાંગ્લાદેશ સાથે કોઈ સંબંધ ન હતો છતાં પોલીસ અમારી હેરાનગતી કરી રહી છે. એટલે આવી બાબતોમાં ખુબ કાળજી સાથે સચોટપણે કામગીરી થવી જોઈએ એવું પોલીસની કાર્યવાહી બાદ ઉજાગર થાય છે. છેલ્લા થોડા સમયથી ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સંબંધો તંગ બન્યા ત્યારથી બાંગ્લાદેશી શબ્દ સંવેદનશીલ બની ગયો છે. ચૂંટણીઓમાં એ કોઈ પણ સ્તરની હોઈ મતદારોનું ધ્રુવીકરણ કરવા ખાસ આ શબ્દોનો ઉપયોગ થતો આવ્યો છે. એટલે આની પશ્ચાદભુમિમાં જતા એવો સવાલ ઉભો થઈ શકે કે શું રાજકીય દબાણમાં અને ખાસ કરીને દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ નજીક છે અને કેટલાક રાજકીય પક્ષો આ મુદ્દાનો ગેરલાભ ખાટવા માગે છે એટલે ત્યારે પોલીસે આરોપી શરીફુલ ઈસ્લામને બાંગ્લાદેશી ગણાવી દીધો છે?

ધારો કે, આરોપી બાંગ્લાદેશી જ છે તો સવાલ એ થાય છે કે એ ભારતમાં કઈ રીતે પ્રવેશી ગયો? આંતરાષ્ટ્રીય સરહદ સરક્ષિત રાખવાની જવાબદારી કોની? આ પરિસ્થિતિ એ સુચવે છે કે, ભારત-બાંગ્લા સરહદ પર ઘુસણખોરી રોકવામાં BSF અને અન્ય સુરક્ષા એજન્સીઓ સંભવતઃ નિષ્ફળ ગયા છે. રાજકીય નેતાઓ તો વાતો કર્યા કરે છે પણ ઘુસણખોરી રોકવાની જેમની જવાબદારી છે એમની સામે પગલા કેમ લેવાતા નથી? આવું કોઈ પકડાય ત્યારે તેના પ્રવેશના સમયે તથા સીમા પરનો એ વિસ્તાર તેની ઓળખ કરીને ઉંડી તપાસ કરવી જોઈએ જેથી કરીને આ માહિતીને આધારે એ સમયે અને એ વિસ્તારમાં તૈનાત સુરક્ષા જવાનોની કોઈ ચૂક થઈ હોય તો એમની જવાબદારી નક્કી કરી શકાય. અત્યારે તો કમનસીબી એ છે કે, રાજકીય નેતાઓ અને સરકારી એજન્સીઓ કોઈપણ બંગાળી ભાષી મુસ્લિમોને બાંગ્લાદેશીમાં ખપાવી દે છે અને કોમવાદી તંગદિલી ઉભી થાય છે એટલું જ નહી બંગાળી મુસ્લિમોને કારણ વિના બાંગ્લાદેશી હોવાની છાપ લાગતી રહે છે અને અપમાનીત થતા રહે છે.

આ ગંભીર ચિંતાની વાત છે એટલે રાજકીય વર્ગ, પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ ખૂબ જ જવાબદારી અને ભારે સંયમથી કામ લેવું પડશે. એ હકીકત છે કે કાયદેસરના દસ્તાવેજ વિના દેશમાં ઘુસી જતા ગેરકાનુની વિદેશી નાગરિકો દેશની સુરક્ષા પર ગંભીર ખતરો ઉભો કરે છે એટલે



સરકારે અત્યંત ગંભીરતા સાથે આ મુદ્દો હાથમાં લેવો જોઈએ એટલે જે લોકો ગેરકાયદે ઘુસે છે એવા લોકો જેવી ભાષા કે સમાન ધર્મો હોવાથી સાચા ભારતીયોની નાગરિકોની પજવણી ન થાય એ સુનિશ્ચિત કરવું જોઈએ. દેશની સુરક્ષાના નામે સાચા નિર્દોષ નાગરિકો સામે ભેદભાવ અને એમને ખોટી રીતે નિશાન બનાવવાના ભોગે સુરક્ષાનું જતન થઈ ન શકે.

# સૈફ અલી ખાન ભોપાલમાં ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની પૈતૃક સંપત્તિ ગુમાવી શકે છે, મધ્યપ્રદેશ હાઈકોર્ટે તેમની મિલકતને શત્રુની મિલકત જાહેર કરવાની નોટિસને પડકારતી અરજી ફગાવી દીધી

(એજન્સી) ભોપાલ, તા.૨૨

મધ્યપ્રદેશ હાઈકોર્ટે ભોપાલમાં પટૌડી પરિવારની મિલકતને શત્રુની મિલકત જાહેર કરવાના સરકારી નોટિસ સામે દાખલ કરેલી બોલીવુડ અભિનેતા સૈફ અલી ખાનની અરજીને ફગાવી દીધી છે. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મધ્યપ્રદેશ હાઈકોર્ટના ન્યાયાધીશ વિવેક અગ્રવાલની સિંગલ બેન્ચે અભિનેતા સૈફ અલી ખાનની અરજીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે તેના આદેશમાં નિર્દેશ આપ્યો હતો કે,તે અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરી શકે છે. જો કે, સૈફ અલી ખાન કે તેમના પરિવારે હજુ સુધી કોઈ કાર્યવાહી કરી નથી. સૂત્રોના જણાવ્યાં અનુસાર, પટૌડી પરિવાર પાસે ભોપાલમાં ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની મિલકત છે. સૈફ અલી ખાન અને શર્મિલા ટાગોરના પરિવારની મિલકત કોહેફિઝાથી ભોપાલના ચિકલોડ સુધી ફેલાયેલી છે. આ બધું ૨૦૧૪માં શરૂ થયું હતું, જ્યારે શત્રુ સંપત્તિ વિભાગના કસ્ટોડિયને ભોપાલમાં સ્થિત પટૌડી પરિવારની મિલકતોને શત્રુની મિલકત જાહેર કરતી નોટિસ જારી કરી હતી. ભારત સરકારના ૨૦૧૬ના વટહુકમને કારણે વિવાદ વધુ ઘેરો બન્યો, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે પટૌડી પરિવારની મિલકત પર વારસદારનો કોઈ અધિકાર રહેશે નહીં.



### આબિદા સુલતાન ૧૯૫૦માં પાકિસ્તાન ગયાં હતાં

૧૯૬૦માં ભોપાલ નવાબ હમીદુલ્લાહ ખાનના મૃત્યુ પછી, તેમની પુત્રી આબિદા સુલતાનને મિલકતની વારસદાર માનવામાં આવી હતી. જોકે, આબિદા સુલતાન ૧૯૫૦માં જ પાકિસ્તાન ગયા હતા, જેના કારણે ભારત સરકારે તેમની બીજી પુત્રી, સાબિયા સુલતાનને મિલકતની વારસદાર જાહેર કરી હતી. સૈફ અલી ખાને ૨૦૧૫માં હાઈકોર્ટમાં આ નોટિસને પડકારી હતી અને મિલકત પર સ્ટે મેળવ્યો હતો. પરંતુ ૧૪ ડિસેમ્બર,૨૦૨૫ના રોજ, હાઈકોર્ટે તેમની અરજી ફગાવી દીધી હતી, જેનાથી સ્ટે ઉઠાવી લેવામાં આવ્યો હતો. શત્રુ મિલકત એ એવી મિલકત છે જે ભારતના ભાગલા સમયે પાકિસ્તાન ગયા હતા અને બાદમાં ભારતીય નાગરિકતા છોડી દીધી હતી. પટૌડી પરિવારની મિલકત આ શ્રેણીમાં આવે છે, કારણ કે આબિદા સુલતાન પાકિસ્તાનમાં સ્થાયી થવાનું નક્કી કર્યું હતું. ભારત સરકારના વટહુકમ પછી, જે લોકોએ પટૌડી પરિવાર પાસેથી મિલકત ખરીદી છે તેમને ડર છે કે જો મિલકત સરકારના નિયંત્રણમાં આવશે, તો તેમને અતિક્રમણ કરનાર જાહેર કરવામાં આવશે. સૈફ અલી ખાને ૨૦૧૫માં એક અરજી દાખલ કરી હતી, જેમાં તેમના પૂર્વજોની મિલકત પર દાવો કરવામાં આવ્યો હતો. તાજેતરના નિર્ણયમાં, હાઈકોર્ટે ખાન પરિવારને મિલકત પાછી મેળવવા માટે અપીલ ટ્રિબ્યુનલનો સંપર્ક કરવા માટે ૩૦ દિવસનો સમય આપ્યો હતો. સમયમર્યાદા સમાપ્ત થઈ ગઈ છે, અને નવાબ પરિવાર દ્વારા કોઈ દાવો રજૂ કરવામાં આવ્યો નથી. હવે, કાનૂની પ્રક્રિયા અનુસાર, સરકાર આ મિલકતો પર અધિકાર ધરાવી શકે છે. ભોપાલ જિલ્લા વહીવટીતંત્ર ગમે ત્યારે મિલકતો કબજે કરવા માટે કાર્યવાહી શરૂ કરી શકે છે. આ મિલકતોની કિંમત લગભગ ૧૫,૦૦૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે, જેમાં ઐતિહાસિક ઈમારતો અને ભોપાલ રજવાડાને લગતી જમીનોનો સમાવેશ થાય છે. જો સૈફ અલી ખાન અને તેનો પરિવાર અપીલ અધિકારી સમક્ષ પોતાનો કેસ રજૂ નહીં કરે, તો સરકાર આ મિલકતો પર સંપૂર્ણ અધિકાર ધરાવી શકે છે.

# શું સૈફ અલી ખાન પર થયેલો હુમલો હિન્દુત્વવાદી નફરતના એજન્ડાનો ભાગ છે?

**ન્યુઝ GT પોઈન્ટ** ઓળખ પરેડ વગર બાંગ્લાદેશીને આરોપી જાહેર કરી દીધો! દિલ્હી ચૂંટણી બાદ ''બોગસ તપાસ''ને કારણે આરોપીને શંકાનો લાભ જાહેર થાય તો નવાઈ નહીં

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

બોલીવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર તેમના બાંદ્રા નિવાસસ્થાને થયેલા હુમલાએ વ્યાપક ચિંતા ફેલાવી છે, ઘણા લોકો અનુમાન કરી રહ્યા છે કે, શું તે ફિલ્મ ઉદ્યોગના અગ્રણી મુસ્લિમ વ્યક્તિઓને લક્ષ્ય બનાવતા વ્યાપક નફરત અભિયાનનો ભાગ હોઈ શકે છે. પોલીસ તપાસમાં હજુ સુધી કોઈ ચોક્કસ હેતુની પુષ્ટિ થઈ નથી, ત્યારે કેટલાક લોકો માને છે કે, આ ઘટના બોલીવૂડમાં પ્રભાવશાળી મુસ્લિમ હસ્તીઓ પ્રત્યે વધતી જતી દુશ્મનાવટ સાથે જોડાયેલી હોઈ શકે છે. જો કે, અત્યાર સુધી કોઈ સત્તાવાર નિવેદનમાં હુમલાને કોઈ નફરત-સંચાલિત એજન્ડા સાથે જોડવામાં આવ્યો નથી. પોલીસે સૈફ અલી ખાન પરના હુમલાના સંદર્ભમાં બે શંકાસ્પદોની ધરપકડ કરી છે. એક, આકાશ કૈલાશ કનોજિયા જે છત્તીસગઢના દુર્ગ રેલવે સ્ટેશન પર મુંબઈથી આવેલી ટ્રેનમાંથી ઉતરતી વખતે પકડાયો હતો. બીજો શંકાસ્પદ, મુહમ્મદ શરીફુલ ઈસ્લામ જેને વિજય દાસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે બાંગ્લાદેશી નાગરિક હોવાનું માનવામાં આવે છે અને મહારાષ્ટ્રના થાણેમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ હાલમાં ઈસ્લામ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, પરંતુ તેમણે કનોજિયાની સંડોવણી અંગે વધુ વિગતો કે અપડેટ્સ આપ્યા નથી. પોલીસે સૂચવ્યું છે કે, સૈફ અલી ખાનના ઘર પર થયેલા હુમલા પાછળનો હેતુ ચોરીનો હતો, પરિવારના કોઈપણ સભ્યોની હત્યા કે નુકસાન કરવાનો ઈરાદો ન હતો. જો કે, આ એક મુખ્ય પ્રશ્ન ઊભો કરે છે કે, પોલીસ તપાસ મુજબ અગાઉ કોઈ ગુનાહિત રેકોર્ડ ન ધરાવતી વ્યક્તિ સૈફના મકાનના ૧૧મા માળે ચોરી કરવા માટે ચઢવાની ચરમસીમાએ કેમ જશે? નીચેના માળે અન્ય, વધુ સુલભ રહેઠાણો હોવાથી, શંકાસ્પદ વ્યક્તિ આ ચોક્કસ એપાર્ટમેન્ટને નિશાન બનાવે તે અસામાન્ય લાગે છે. આ ઘટના પાછળના સાચા હેતુઓ વિશે વધુ અટકળો થઈ રહી છે. સૈફ અલી ખાન પર શંકાસ્પદે જે રીતે હુમલો કર્યો તે તેના ઈરાદા અને ક્ષમતાઓ વિશે વધુ પ્રશ્નો ઊભા કરે છે. અગાઉ કોઈ ગુનાહિત ઈતિહાસ ન હોવા છતાં શંકાસ્પદે સૈફની કરોડરજ્જુને ગંભીર ઈજા પહોંચાડવા માટે હેક્સા-બ્લેડનો ઉપયોગ કર્યો હતો, જે સૂચવે છે કે, તે સારી રીતે તાલીમ પામેલો અને પ્રેરિત હોઈ શકે છે. મૂંઝવણભરી વાત એ છે કે, શંકાસ્પદ વ્યક્તિ તે રૂમની બારીમાંથી ભાગી જવામાં સફળ રહ્યો જ્યાં સૈફે તેને ધક્કો માર્યો હતો અને દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. આ સૂચવે છે કે, વ્યક્તિએ બહુમાળી ઈમારતોમાં ફરવા અને ઝડપથી ભાગી જવાની વિશેષ તાલીમ લીધી હશે. આ ઘટનામાં નફરતના ગુનાની શક્યતાને નકારી શકાય નહીં, ખાસ કરીને બોલીવૂડ સહિતની મુસ્લિમ હસ્તીઓ પર જોખમો વધી રહ્યા છે. અહેવાલો સૂચવે છે કે, શંકાસ્પદ મુહમ્મદ શરીફુલ ઈસ્લામે સૈફ અલી ખાન પાસેથી ૧ કરોડ રૂપિયાની માગણી કરી હતી, જે એક સામાન્ય ચોરી માટે અસામાન્ય રીતે વધુ રકમ લાગે છે. આ માગણી હુમલા પાછળના સાચા હેતુ વિશે પ્રશ્નો ઊભા કરે છે, જે સૂચવે છે કે, આ લૂંટ નહીં પણ અન્ય કોઈ કાવતરૂં હોઈ શકે છે. આ માગણીનું સ્વરૂપ,



ઉદ્યોગમાં મુસ્લિમ હસ્તીઓ સામે લક્ષિત ધમકીઓના વ્યાપક સંદર્ભ સાથે જોડાયેલું છે. મુસ્લિમ બોલીવૂડ કલાકારોને ધમકીઓ આપવામાં આવી હોય તેનો આ પહેલો કિસ્સો નથી. ઉદાહરણ તરીકે અભિનેતા સલમાન ખાનને ૨૦૦૫થી ધમકીઓ મળી રહી છે, જે રાજસ્થાનના જોધપુરમાં કાળા હરણના ગેરકાયદેસર શિકારમાં તેમની સંડોવણી સાથે સંબંધિત છે. વર્ષોથી આ ધમકીઓ ચાલુ રહી છે, જે ઉદ્યોગમાં અગ્રણી મુસ્લિમ હસ્તીઓ સામે લક્ષિત ધમકીના ચિંતાજનક પેટર્નને પ્રકાશિત કરે છે. આ વલણ એ ચિંતાઓને વધુ મજબૂત બનાવે છે કે, સૈફ અલી ખાન પર તાજેતરમાં થયેલો હુમલો ઉત્પીડનના વ્યાપક અભિયાનનો ભાગ હોઈ શકે છે. ઓક્ટોબર ૨૦૨૪માં સલમાન ખાનને લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકી મળી હતી, જેમાં આ દુશ્મનાવટનો અંત લાવવા માટે પાંચ કરોડ રૂપિયાની માગણી કરવામાં આવી હતી. મુંબઈ ટ્રાફિક પોલીસને વ્હોટ્સએપ સંદેશ દ્વારા આપવામાં આવેલી આ ધમકીમાં ચેતવણી આપવામાં આવી હતી કે, જો પૈસા ચૂકવવામાં નહીં આવે તો અભિનેતાની હાલત મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી બાબા સિદ્દીકી કરતા પણ ખરાબ થશે, જેની બિશ્નોઈ ગેંગના સભ્યો દ્વારા હત્યા કરવામાં આવી હતી. સિદ્દીકીની હત્યાના આરોપીએ સલમાન ખાન સાથેના તેના જોડાણને કારણે તેને નિશાન બનાવ્યો હોવાનું કહેવાય છે. કાળિયાર કેસના સંદર્ભમાં સલમાન ખાનને રાજસ્થાનની એક અદાલતે જામીન આપી દીધા છે. વ્હોટ્સએપ સંદેશ પાછળની વ્યક્તિએ સલમાનને ધમકીને હળવાશથી ન લેવા વિનંતી કરી, જે સતત અને ગંભીર સ્તરની ધાકધમકીનો સંકેત આપે છે. ૧૯૭૨ના વન્યજીવન સંરક્ષણ અધિનિયમની અનુસૂચિ I હેઠળ કાળા હરણનો શિકાર પ્રતિબંધિત છે, પરંતુ આવા કૃત્યોના આરોપી કોઈપણ વ્યક્તિને મૃત્યુની ધમકીઓ આપવી એ ખૂબ જ ચિંતાજનક છે. આવી ધમકીઓ માત્ર તણાવ જ નહીં પરંતુ ગુનાહિત વર્તણૂક માટે રચાયેલી કાનૂની અને ન્યાયિક પ્રક્રિયાઓને પણ નબળી પાડે છે. કાનૂની મુદ્દાઓના પ્રતિભાવ તરીકે હિંસા અને ધાકધમકીનો ઉપયોગ, ખાસ કરીને સલમાન ખાનના કિસ્સામાં, ન્યાય અને જાહેર સલામતી માટેના વ્યાપક પરિણામો વિશે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. ૨૦૦૫માં અભિનેતા આમિર ખાનને એક અનામી વ્યક્તિ તરફથી મૃત્યુની ધમકી મળી, જેના કારણે તેમણે વધારાની સુરક્ષા માટે ૧૦ કરોડ રૂપિયાની બુલેટપ્રૂફ મર્સિડીઝ બેન્ઝ S600 ખરીદી હતી. આ બોલીવૂડના ઉચ્ચ-પ્રોફાઈલ વ્યક્તિઓને લક્ષ્ય બનાવતી ધમકીઓના વ્યાપક વલણનો એક ભાગ હતો. નવેમ્બર ૨૦૨૪માં અભિનેતા શાહરૂખ ખાન પણ મૃત્યુની ધમકી આપવામાં આવી હતી, જે છત્તીસગઢના એક રહેવાસી તરફથી આપવામાં આવી જેણે ૫૦ લાખ રૂપિયાની ખંડણી માંગી હતી. આ આરોપીની ઓળખ વકીલ ફૈઝાન ખાન તરીકે થઈ છે, તેની પાછળથી ધરપકડ કરવામાં આવી. આ ઘટનાઓ બોલીવૂડ સેલિબ્રિટીઓ સામે ધાકધમકીની એક ચિંતાજનક પેટર્નને પ્રકાશિત કરે છે. તાજેતરના આ હુમલાથી માનવાધિકાર રક્ષકોમાં નોંધપાત્ર ચિંતાઓ ઊભી થઈ છે. સલમાન, આમિર અને શાહરૂખ ખાન લાંબા સમયથી હિન્દી ફિલ્મ ઉદ્યોગ પર પ્રભુત્વ ધરાવે છે અને ભારતીય સિનેમામાં અનેક પ્રતિષ્ઠિત ફિલ્મોમાં યોગદાન આપી રહ્યા છે. તેમની સિનેમેટિક સિદ્ધિઓ ઉપરાંત, તેઓ ભારતમાં ખાસ કરીને ભાજપ શાસન હેઠળ, વધતી જતી નફરતની પરિસ્થિતિના પણ ટીકાકાર રહ્યા છે અને તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યું છે. તેમની અપાર લોકપ્રિયતા અને પ્રભાવને કારણે, તેમના નિવેદનોનું નોંધપાત્ર વજન છે, જેના કારણે તેઓ નફરતથી પ્રેરિત જૂથોના નિશાન બન્યા છે. આ પ્રતિક્રિયા સેલિબ્રિટી, વાણી સ્વતંત્રતા અને દેશમાં વધતી જતી અસહિષ્ણુતાને દર્શાવે છે. તેમના આ વલણથી કટ્ટરપંથી હિન્દુ જૂથો નારાજ થયા છે. યોગી આદિત્યનાથ, જે તે સમયે સંસદ સભ્ય હતા, તેમણે પણ ભારતમાં અસહિષ્ણુતાના વાતાવરણ સામે વિરોધ કરનારાઓને ટેકો આપવા બદલ શાહરૂખ ખાનની નિંદા કરી હતી. ભારતના સૌથી મોટા રાજ્ય, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથે એક ખૂબ જ ઉશ્કેરણીજનક નિવેદનમાં શાહરૂખ ખાનની તુલના ૨૦૦૮ના મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદ સાથે કરી હતી. નવેમ્બર ૨૦૧૫માં આમિર ખાને ભારતમાં વધતી જતી અસહિષ્ણુતાની લહેર સામે પણ વાત કરી. નવી દિલ્હીમાં રામનાથ ગોએન્કા એક્સેલન્સ ઈન જર્નાલિઝમ એવોર્ડ્સમાં પોતાના સંબોધન દરમિયાન ખાને ભયના વધતા વાતાવરણ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી અને ખુલાસો કર્યો કે, તેમની પત્ની તેમના બાળકની સલામતી માટે ડરતી હતી અને દેશ છોડીને જવાનું પણ વિચારતી હતી. તેમણે સ્વીકાર્યું હતું કે, અસહિષ્ણુતાના પ્રવર્તમાન વાતાવરણને કારણે તેમનામાં પણ ભયની ભાવના હતી. ટાઈમ મેગેઝિનમાં દેબાશીષ રોય ચૌધરીના જણાવ્યા અનુસાર મોદીની ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સરકાર અને સહયોગી હિન્દુ સર્વોપરિતાવાદી સંગઠનો બોલીવૂડ સામે સાંસ્કૃતિક યુદ્ધ ચલાવી રહ્યા છે. હિન્દી ફિલ્મ ઉદ્યોગના બહુલવાદી અને ઉદારવાદી સિદ્ધાંતોનું પ્રતિનિધિત્વ બોલીવૂડના આ ત્રણ અગ્રણી મુસ્લિમો દ્વારા કરવામાં આવે છે. ભારતના વર્તમાન શાસકો માટે તે લક્ષ્ય બની ગયા છે. ભાજપનો ઉદ્દેશ્ય બહુમતી હિન્દુ વસ્તીને મુસ્લિમ અને ખ્રિસ્તી લઘુમતીઓ સામે એકત્ર કરીને ધર્મનિરપેક્ષ પ્રજાસત્તાકને હિન્દુ રાજ્યમાં પરિવર્તિત કરવાનો છે, જ્યારે આ એજન્ડાને આગળ વધારવા માટે બોલીવૂડના નોંધપાત્ર સાંસ્કૃતિક પ્રભાવને પણ નબળો પાડવાનો છે.

# દિલ્હી આર્ટ ગેલેરીમાંથી એમ.એફ. હુસૈનની 'વાંધાજનક' પેઈન્ટિંગ જપ્ત કરવાનો આદેશ

(એજન્સી) તા.૨૨

દિલ્હીની એક કોર્ટે પદ્મ વિભૂષણ પુરસ્કાર વિજેતા અને પ્રખ્યાત કલાકાર સ્વ. મકબુલ ફિદા હુસૈનના દિલ્હીની એક આર્ટ ગેલેરીમાં પ્રદર્શિત બે ચિત્રો જપ્ત કરવાનો આદેશ આપ્યો છે. દિલ્હી હાઈકોર્ટના વકીલ અમિતા સચદેવાએ હુસૈનના હિન્દુ દેવતાઓના ચિત્રોને 'અપમાનજનક' ગણાવીને કરેલી ફરિયાદ બાદ મંગળવારે ૨૧ જાન્યુઆરીના રોજ કોર્ટનો આ નિર્ણય આવ્યો. એડવોકેટ અમિતા સચદેવાએ કોર્ટને આર્ટ ગેલેરીમાં ૪ ડિસેમ્બર અને ૯-૧૦ ડિસેમ્બરના સીસીટીવી ફૂટેજ સાચવવા વિનંતી કરી હતી. આ પ્રદર્શનમાં હુસૈનના ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. દિલ્હી કોર્ટે ૧૮ ડિસેમ્બરે ફૂટેજનું ઉત્પાદન અને જાળવણી કરવાનો નિર્દેશ આપ્યો હતો. પોતાની ફરિયાદમાં વકીલે આરોપ લગાવ્યો છે કે, ૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મેં 22A, વિન્ડસર પ્લેસ, કનોટ પ્લેસ, નવી દિલ્હી



ખાતે આર્ટ ગેલેરીમાં પ્રદર્શિત વાંધાજનક ચિત્રોના ફોટોગ્રાફ્સ ક્લિક કર્યા અને એમ.એફ. હુસૈન સામેની અગાઉની એફઆઈઆરની તપાસ કર્યા પછી મેં ક્લિક કર્યું. ૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજના ફોટોગ્રાફ્સ. ૨૦૨૪ના રોજ પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જો કે, ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ તપાસ અધિકારી સાથેની મુલાકાત દરમિયાન ચિત્રો દૂર કરવામાં આવ્યા હતા અને ખોટો દાવો કરવામાં આવ્યો હતો કે, ચિત્રો ક્યારેય પ્રદર્શિત કરવામાં આવ્યા ન હતા. પટિયાલા હાઉસ કોર્ટના ન્યાયાધીશ સાહિલ મોંગાએ તપાસ અધિકારીને ચિત્રો જપ્ત કરવાનો નિર્દેશ આપતા કહ્યું, ફરિયાદીએ અરજી દાખલ કરી છે જેમાં IO (તપાસ અધિકારી)ને ચિત્રો જપ્ત કરવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે. તમામ હકીકતો અને સંજોગોને ધ્યાનમાં રાખીને પોલીસના તપાસ અધિકારીને ઉપરોક્ત પેઈન્ટિંગ જપ્ત કરવા અને રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે. દિલ્હી આર્ટ ગેલેરીએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં એક પ્રદર્શનમાં એમ.એફ. હુસૈનના ચિત્રોનો પસંદગીનો સંગ્રહ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. અમે પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છીએ અને વકીલો સાથે સલાહ-સૂચન કરી રહ્યા છીએ. અમે હાલમાં કોઈપણ કોર્ટ કાર્યવાહીમાં પક્ષકાર નથી અને વિકાસ પર નજર રાખવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

# મહાયુતિમાં શું બધું સારૂં નથી? શિંદે સરકારના નિર્ણયો રદ કરવાની CM ફડણવીસની હિલચાલથી શિવસેના સખ્ત નારાજ

## દેવેન્દ્ર ફડણવીસની સરકારે તાજેતરમાં અગાઉની એકનાથ શિંદે સરકારના સંખ્યાબદ્ધ નિર્ણયોની તપાસ કરવાનો હુકમ આપ્યાનું કહેવાય છે

(એજન્સી) મુંબઈ,તા.૨૨

મહારાષ્ટ્રની મહાયુતિ સેનાના ભાગીદારો ભાજપ અને શિવસેના શિંદે) વચ્ચેના સંબંધો તંગ બની રહ્યા છે કેમ કે, દેવેન્દ્ર ફડણવીસની સરકારે અગાઉની એકનાથ શિંદે સરકારના સંખ્યાબદ્ધ પગલા રદ કરવાની હિલચાલ શરૂ કરી હોવાથી શિદે શિવસેના નારાજ થઈ છે. ઉચ્ચ કક્ષાના સુત્રો જણાવે છે કે, મુખ્યમંત્રી બન્યા પછી ફડણવીસે ખાનગી પેઢીઓ પાસેથી ૧૩૧૦ જેટલી જાહેર પરિવહન બસ ખરીદવાના ટ્રાન્સપોર્ટ વિભાગના ૨ હજાર કરોડના પ્રોજેક્ટની તપાસ કરવાનો એવી શંકાથી હુકમ કર્યો છે કે,આ પ્રોજેક્ટની ટેન્ડર પ્રક્રિયામાં નિયમોનો ઉલાળિયો કરવામાં આવ્યો હોઈ શકે છે. હકીકતે આ બસો ભાડે લેવાનો પ્રોજેક્ટ છે, ખરીદવા માટેનો નથી. રસપ્રદ રીતે તપાસમાં એવું ખુલ્યું છે કે, આવી બસો ભાડે લેવા માટે ચોક્કસ ખાનગી પેઢીઓ માટે અધિકારીઓએ



તરફદારીઓ કરી હતી એટલે CM હવે જૂના ટેન્ડર રદ કરી નવા ટેન્ડર બહાર પાડવા માગે છે. આ ઉપરાંત ફડણવીસે રૂા. ૧૨ હજાર કરોડની કિંમતના તબીબ સાધન સરંજામ તથા ૩૦૦ એમ્બુલન્સ ખરીદવાના શિંદે સરકારના ફેંસલાની પણ તપાસ શરૂ કરાવી છે. શિંદે સરકારના આરોગ્ય મંત્રી તાનાજી સાવંત ખરીદી કૌભાંડમાં સંડોવાયેલાનો આક્ષેપ થયો છે કેમ કે, ચોક્કસ કોન્ટ્રાક્ટર અને સપ્લાયરના હિત ખાતર ટેન્ડરની શરતોમાં ફેરફારો કરી દેવયા હતા. એ જ રીતે શિંદે સરકારના શાળાના વિદ્યાર્થીઓના યુનિફોર્મ ખરીદવાની યોજનામાં પણ તપાસ કરવાનો ફડણવીસે આદેશ આપ્યો છે. એ સમયના શાળા શિક્ષણમંત્રી દિપક કેસરકરે સ્કુલ યુનિફોર્મ ખરીદવા એક સેન્ટ્રલ એજન્સીની નિમણુક કરી હતી. આ નિર્ણય પણ હાલની સરકારે બદલાવી દીધો છે. છેલ્લે ગાર્ડીયનમંત્રીઓની નિમણુક માટે પણ શિંદે સેના અને ભાજપ વચ્ચેના સંબંધો વધુ તંગ બન્યા છે. શિંદે સેનાની માંગણી હતી કે, શાળા શિક્ષણમંત્રી દાદા ભુષેને નાસિકમાં અને બીજા મંત્રી ભરત ગોગાવળેને રાયગઢમાં ગાર્ડીયન મંત્રી બનાવવામાં આવે પણ CMએ આ માંગ નકારી કાઢી હતી અને અન્ય બે મંત્રીઓને નિયુક્ત કરી દીધા હતા. એકનાગ શિંદેએ સખ્ત નારાજગી બતાવ્યા બાદ CMએ નિર્ણય પાછો લીધો હતો.

### જંત્રીના સૂચિત દર વધારા સામે રાજ્યભરમાં ભારે વિરોધ બાદ વાંધા માટેની મુદત થઈ પૂર્ણ

# રાજ્યભરમાં સૂચિત જંત્રી સામે નારાજગીના સૂર વચ્ચે ૧૧ હજારથી વધુ વાંધા-સૂચનો સરકારને મળ્યા

### રાજ્યમાંથી ૬૭૦૦ જેટલી જંત્રી દર ઓછા કરવાની રજૂઆત : વાંધા-સૂચનો અભ્યાસ બાદ નવી જંત્રી થશે જાહેર

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં જમીનોના ભાવ નક્કી વિલંબ બાદ નવી જંત્રી જાહેર કરવાની કાર્યવાહી હાથ ધરતા ગત નવેમ્બર ૨૦૨૪માં જંત્રી જાહેર કરી તે માટેના વાંધા-સૂચનો મંગાવવામાં આવ્યા હતા. આ સૂચિત જંત્રી સામે રાજ્યભરમાં ભારે વિરોધ ઉકેલ. સાથે રજૂઆતો પણ કરવામાં આવી રહી હતી. તે દરમિયાન હવે વાંધા-સૂચનોની બે માસની વધારા સાથેની મુદત પૂર્ણ થતાં સરકાર દ્વારા હવે આ વાંધા-સૂચનોની ચકાસણી કરી તે બાદ ફાઈનલ જંત્રી જાહેર કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવશે. સૂચિત જંત્રી દર સામે રાજ્યભરમાંથી ૧૧,૦૦૦થી વધુ વાંધા-સૂચનો આવ્યા છે.

આ અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા જાહેર હિતને ધ્યાને લઈ જમીનના ભાવોનું સરળીકરણ અને તર્કસંગતીકરણ (rationalisation) કરી, વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવીને વાસ્તવિક ભાવો દર્શાવતી, જંત્રી તૈયાર કરવાના દિશા નિર્દેશો અપાતા તેને લઈને આનુસંગિક પરિબળોનું સાપેક્ષ યોગ્ય પૃથ્થકરણ કરી, જરુરી ફેરફાર કરી મળેલ ભાવોને ધ્યાને લઈ, "શહેરી વિસ્તાર" અને "ગ્રામ્ય વિસ્તાર" માટે જિલ્લાવાર અલગ-અલગ ભાગમાં વિવિધ હેતુઓ માટેના ભાવોથી તૈયાર થયેલ મુસદ્દારૂપ જંત્રી અને માર્ગદર્શિકા તા.૨૦/૧૧/૨૦૨૪ના રોજ વાંધા-સુચન માટે પ્રસિધ્ધ કરવામાં આવી હતી. શરૂઆતમાં પ્રસિધ્ધ કરેલ જંત્રી બાબતે વાંધા સૂચનો મંગાવવા માટે ૨૦/૧૨/૨૦૨૪ સુધીની અવધિ રાખવામાં આવી હતી. જે જાહેર હિતને ધ્યાને લઈને તા. ૨૦/૦૧/૨૦૨૫ સુધી લંબાવવામાં આવી હતી. વધુમાં ઓનલાઇનની સાથે ઓફલાઇન પણ વાંધા-સૂચનો સ્વીકારવાની વ્યવસ્થા કરાઇ હતી. આ બે મહિનામાં રાજ્ય સરકારને કુલ ૧૧,૦૪૬ જેટલા વાંધા સૂચનો મળ્યા છે. જેમાંથી ૫૪૦૦ જેટલા શહેરી વિસ્તારમાંથી જ્યારે ૫૬૦૦થી વધુ ગ્રામ્ય વિસ્તારમાંથી આવ્યા છે. જેમાં જંત્રી દર ઓછા કરવા માટે કુલ ૬૭૫૩, જંત્રી દર ખુબ જ ઓછા છે તે વધારવા માટે કુલ ૧૭૫૫, સર્વે નંબર ખોટા વેલ્યુઝોનમાં સમાવેશ કરવા ૯૪, સર્વે નંબરનો સમાવેશ જંત્રીમાં થયેલ ન હોય તેવી ૨૬૮ અને ૨૧૭૬ જેટલા અન્ય વાંધા-સૂચનોની અરજી રાજ્ય સરકારને મળી છે. જેમાંથી સૌથી વધારે અમદાવાદ જિલ્લામાંથી ૨,૧૭૯ અને સૌથી ઓછી તાપી જિલ્લામાંથી કુલ ૦૭ જેટલી વિવિધ વાંધા-અરજી મળી છે. હવે આ વાંધા-સૂચનોના નિકાલ માટે જિલ્લા કક્ષાએ નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી દ્વારા મળેલ સૂચનોની પ્રાથમિક ચકાસણી કરીને જિલ્લા કક્ષાની સમીતિમાં આખરી નિર્ણય માટે મોકલવાની કામગીરી હાથ ધરાશે. જે સમગ્ર પ્રક્રિયા ૧૫ દિવસમાં પૂર્ણ કરીને રાજ્ય સરકારને મોકલવામાં આવશે. ત્યારબાદ સરકાર તે અંગે અભ્યાસ-પરામર્શ કરી અંતે ફાઈનલ જંત્રી જાહેર કરવામાં આવશે.

### ઈજનેરીમાં ૩૯ હજારથી વધુ અને ફાર્મસીમાં ૧૪૦૦ જેટલી બેઠકો પર પ્રવેશ માટે કાર્યવાહી

# ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરી- ફાર્મસીમાં પ્રવેશ માટે ૧૯ એપ્રિલે પરીક્ષા લેવાશે

### પરીક્ષા માટે ૨૭ જાન્યુઆરીથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

નવા શૈક્ષણિક વર્ષ માટે ડિપ્લોમા ઈજનેરી પછી ડિગ્રી ઈજનેરીના બીજા વર્ષમાં તેમજ ડિપ્લોમા ફાર્મસી પછી ડિગ્રી ફાર્મસીના બીજા વર્ષમાં પ્રવેશ માટે ૧૯ એપ્રિલના રોજ પરીક્ષા લેવાનો નિર્ણય કરાયો છે. ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ માટે ઉમેદવારો દ્વારા ૨૭ જાન્યુઆરીથી ૩૦ માર્ચ સુધી રજિસ્ટ્રેશન કરાવી શકાસે. રજિસ્ટ્રેશન પ્રક્રિયા દરમિયાન જ અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવશે. ડિપ્લોમાંથી ડિગ્રી ઈજનેરીમાં ૩૯ હજાર કરતા વધુ બેઠકો અને ફાર્મસીમાં ૧૪૦૦ બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડિપ્લોમા ઈજનેરી પછી ડિગ્રી ઈજનેરીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માટે તેમજ ડિપ્લોમા ફાર્મસી પછી ડિગ્રી ફાર્મસીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ઉપલબ્ધ સરકારી, અનુદાનીત અને સ્વનિર્ભર સંસ્થાની તમામ બેઠકો પર પ્રવેશ માટે ગુજરાત સરકાર દ્વારા ઓફલાઈન પ્રવેશ પરીક્ષા (DDCET-૨૦૨૫) લેવાનું નક્કી કરવામાં આવેલું છે. DDCET-૨૦૨૫ પરીક્ષાના સરળ સંચાલન માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી નોડલ એજન્સી હશે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડિપ્લોમા ઈજનેરી પછી ડીગ્રી ઈજનેરીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માટે રાજ્યની ૧૬ સરકારી ઈજનેરી, ૩ સરકારી અનુદાનિત અને ૧૧૯ સ્વનિર્ભર સંસ્થાઓની આશરે ૩૯૫૦૦ ડિગ્રી ઈજનેરી બેઠકો માટે તેમજ ડિગ્રી ફાર્મસી માટેની ૩ સરકારી ઈજનેરી, ૩ સરકારી અનુદાનિત અને ૯૮ સ્વનિર્ભર સંસ્થાઓની આશરે ૧૪૦૦ ડિગ્રી ફાર્મસી બેઠકોની પ્રવેશ પક્રિયા માટે DDCET-૨૦૨૫ની પરીક્ષા ૧૯ એપ્રિલ, ૨૦૨૫ શનિવારના રોજ યોજાશે.

DDCET- ૨૦૨૫ પરીક્ષા માટેની લાયકાત પણ નક્કી કરવામાં આવેલી છે. જેમાં જે તે પ્રવેશ વર્ષમાં ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડિપ્લોમાં પાસ કરનાર વિદ્યાર્થીઓ તેમજ સરકારી સંસ્થા ખાતે ૫ ટકા બેઠકો માટે સમગ્ર દેશમાંથી માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડિપ્લોમાં પાસ કરનાર વિદ્યાર્થીઓ લાયક ગણાશે. જ્યારે અગાઉના વર્ષોમાં ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડિપ્લોમાં પાસ કર્યું હોય અને ડિગ્રી માં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો, AICTEની જોગવાઈ અન્વયે ગુજરાત રાજ્યમાં આવેલા માન્ય બોર્ડ/યુનિવર્સીટીમાંથી બેચલર ઓફ સાયન્સ અને ડિપ્લોમા વોકેશનલ ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ, હાલના પ્રવર્તમાન નિયમો અન્વયે બહારના રાજ્યમાંથી બોર્ડ/યુનિવર્સીટીમાંથી ડપ્લિોમાં પાસ કરેલ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે લાયક ગણાશે.

આ ઉપરાંત જે ઉમેદવારોએ ડિપ્લોમા પુર્ણ કરવા માટે ખૂટતા વિષયોની પરીક્ષા (સેમેસ્ટર ૧ થી ૬) તેમજ ડિપ્લોમા ફાર્મસીનાં પ્રથમ અથવા દ્વિતીય વર્ષનાં બાકી રહેતા વિષયોની પરિક્ષા આપેલી હોય અને પરિણામ જાહેર થવાના બાકી હોય તેવા ઉમેદવારો પણ પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરાવી શકશે. ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા નિયત સમયમર્યાદામા પૂર્ણ કરવાની રહેશે, અને રજિસ્ટ્રેશન ફી રૂા. ૨૫૦ ઓનલાઈન મોડ દ્વારા ચુકવવાની રહેશે. ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરાવવા જવાની જરૂર નથી. પ્રવેશ પરીક્ષાના રજિસ્ટ્રેશન માટેની પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે. જે ઉમેદવાર પ્રવેશ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રવેશ લેવા માગતા હોય તેઓએ પ્રવેશ પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરાવેલ હોવું તેમજ પ્રવેશ પરીક્ષા આપેલી હોવી જરૂરી છે. DDCET રજિસ્ટ્રેશનની શરૂઆત ૨૭ જાન્યુઆરીથી થશે અને ઉમેદવારો ૩૦ માર્ચ સુધી રજિસ્ટ્રેશન કરાવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યારબાદ ૬ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન DDCET અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવશે. પરીક્ષા માટેના એડમિટ કાર્ડ ૧૦ એપ્રિલના રોજ ડાઉનલોડ કરી શકાશે અને ૧૯ એપ્રિલના રોજ પરીક્ષા લેવાશે. DDCET તમામ જિલ્લાઓમાં પરીક્ષા કેન્દ્રોમાં હાથ ધરવામાં આવશે. ઉમેદવારોને તેમની પસંદગીના ક્રમમાં કોઈપણ ત્રણ પરીક્ષા શહેરો પસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવશે.

### કામરેજના વાવ ખાતે રનિંગ દરમિયાન યુવક અચાનક બેભાન થયો

# PSI ભરતીની શારીરિક પરીક્ષામાં દોડતા પોલીસ કોન્સ્ટેબલનું હાર્ટ-એટેકથી મોત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૨

અચાનક બેભાન થવાના અને હાર્ટ એટેકને લીધે મોત થવાની ઘટનાઓ યથાવત છે, પરંતુ આવી ઘટનાઓમાં સૌથી વધારે એવી ચોંકાવનારી વાતો સામે આવી રહી છે કે શારીરિક રીતે ફિટ તેમજ યુવાન વ્યક્તિઓની પણ હાર્ટ-એટેક આવાથી મોત નીપજી રહી છે. દરમિયાન કામરેજના વાવ ખાતે આજે વહેલી સવારે રનિંગ દરમિયાન અચાનક જ બેભાન થયા બાદ એક કોન્સ્ટેબલની મોતની દુઃખદ ઘટના બની હતી. તેના મોતને પગલે એક બાજુ પરિવારમાં ભારે શોક પ્રસરી જવા પામ્યો છે, જ્યારે બીજી બાજુ યુવાન અને શારીરિક રીતે ફિટ એવા કોન્સ્ટેબલના મોતને પગલે પોલીસે બેડામાં પણ આંચકો લાગ્યો છે. કામરેજ પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ૩૬ વર્ષીય સંજય કુમાર રસિકભાઈ ગામીત (રહે-ચિખલવા ગામ. વ્યારા) વાલીયા એસઆરપી ગ્રુપ-૧૦માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ પીએસઆઇ/કોન્સ્ટેબલ માટેની શારીરિક પરીક્ષા હોવાથી ભરતી પરીક્ષામાં ઉપસ્થિત થયા હતા. આજે વહેલી સવારે ૪.થી ૫. વાગ્યાના અરસામાં કામરેજ વાવ ખાતે પ્રથમ બેચમાં ૫ કિલોમીટરની દોડ રાખેલી હતી. દોડ દરમિયાન સંજયભાઈ અચાનક બેભાન થઈને પડી ગયા હતા. જોકે તેમને તાત્કાલિક સીપીઆર, ઓક્સિજન

#### શારીરિક રીતે ફિટ કોન્સ્ટેબલનાં મોતને પગલે પોલીસ બેડામાં શોક

સહિતની પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. પરંતુ સ્થિતિ ગંભીર જણાતા ૧૦૮ એમ્બ્યુલન્સ દવારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. વધુમાં કામરેજ પોલીસ મથકના પોલીસ કર્મી મહેરાજભાઈએ જણાવ્યું હતું કે સંજયભાઈ રનિંગની પરીક્ષા માટે આવેલા હતા. રનિંગ દરમિયાન તેને ઘબરાણ થઇ હતી અને બેભાન થઇ ગયા હતા. હાર્ટ એટેકને લીધે મોત થવાની શક્યતાઓ છે. પરીક્ષાની તૈયારીના ભાગરૂપે સંજયભાઈ રનિંગની પરીક્ષા માટે વાવ ખાતે એસઆરપી ગ્રાઉન્ડમાં આવ્યા હતા અને વહેલી સવારે રનિંગ કરતા હતા ત્યારે જ તેઓ અચાનક બેભાન થઈ ગયા હતા અને મોતને ભેટ્યા હતા. એટલુ જ નહી કામરેજ પોલીસ મથકના મેહરાજભાઈ સહિતના અન્ય પોલીસ કર્મીઓએ દુઃખ વ્યક્ત કરવાની સાથે તેમને એ વાતનો આંચકો પણ લાગ્યો હતો કે સંજયભાઈ યુવાન હતા અને શારીરિક રીતે પણ ફિટ હતા છતાં તેઓ આ રીતે બેભાન થયા હતા અને હાર્ટ એટેકથી તેમનું મોત નીપજ્યું. તેઓ અપરિણીત હતા. કામરેજ સીએચસી ખાતે મૃતદેહનું પોસ્ટમાર્ટમ કરાવ્યા બાદ મૃતદેહને પરિવાજનોને સોંપી દેવામાં આવ્યો છે.

### ૧૫ દિવસમાં કોટામાં વિદ્યાર્થીઓના આપઘાતનો પાંચમો બનાવ

# રાજસ્થાનના કોટામાં NEETની તૈયારી કરી રહેલી અમદાવાદની મુસ્લિમ દીકરીએ આત્મહત્યા કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

રાજસ્થાનના કોટા જિલ્લામાં વધુ એક વિદ્યાર્થીએ ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી છે. આ ઘટના શહેરના જવાહર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મૃતક વિદ્યાર્થીનીનું નામ અફશા શેખ છે અને તેનો પરિવાર અમદાવાદમાં રહે છે. અફશા ૬ મહિના પહેલા જ કોટા આવી હતી અને રાજીવ નગર વિસ્તારમાં આવેલી એક હોસ્ટેલમાં રહીને NEET પરીક્ષાની તૈયારી કરી રહી હતી. આજે તેનો મૃતદેહ હોસ્ટેલના રૂમમાં પંખા સાથે લટકતો મળતા ચકચાર મચી જવા પામી છે. મૃતદેહને પોલીસે MBS હોસ્પિટલના શબઘરમાં રાખ્યો છે. કોટામાં દર વર્ષે અનેક વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે છે. આ વર્ષની જ વાત કરીએ તો વર્ષ ૨૦૨૫માં ૫ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. ૮ જાન્યુઆરી, ૯ જાન્યુઆરી, ૧૫

#### પરિવારજનો પુત્રીના આપઘાતની ખબર સાંભળીને સ્તબ્ધ થઈ ગયા : આપઘાતનું કારણ અકબંધ

જાન્યુઆરી અને ૧૮ જાન્યુઆરીએ કોટામાં કોચિંગ લેતા વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી. રાજસ્થાનના શિક્ષણ મંત્રી મદન દિલાવરે મંગળવારે જણાવ્યું હતું કે બાળકો પર અભ્યાસના દબાણ અને તેમની ક્ષમતા કરતાં વધુ અપેક્ષાઓ રાખવાને કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. માતા-પિતાએ તેમના બાળકોની માનસિક સ્થિતિને સમજવી પડશે. રાજસ્થાનના કોટામાં NEETની તૈયારી કરી રહેલી અમદાવાદના ધોળકાની વિદ્યાર્થિનીએ આત્મહત્યા કરી લીધી. વિદ્યાર્થિનીએ PG રૂમમાં પંખાથી લટકીને આત્મહત્યા કરી છે. આપઘાત કરનાર યુવતીના પિતાએ મીડિયા માધ્યમ સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, અમને આજે સવારે કોટાના સ્થાનિક પોલીસ સ્ટેશનથી ફોન આવ્યો હતો અને જણાવ્યું કે, તમે તાત્કાલિક કોટા આવી જાઓ પછી અમે અમારી છોકરીને ફોન કર્યો પરંતુ તેણે ફોન ઉપાડ્યો નહીં, બાદમાં અમે તાત્કાલિક કોટા જવા નીકળી ગયા હતા જ્યાં જાણવા મળ્યું કે, તેણે આત્મહત્યા કરી લીધી છે. આ સાંભળીને અમે સ્તબ્ધ થઈ ગયા. પિતાના જણાવ્યા અનુસાર, યુવતીએ ગત ૨૧ જાન્યુઆરીની રાત્રે ૧૦ વાગ્યે છેલ્લી વખત તેની મમ્મી સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. ફોનમાં તેણે મમ્મીને કહ્યું હતું કે, મારાથી સવારે વહેલું નથી ઉઠાતું. આટલું કહ્યા બાદ યુવતીના પિતાએ કહ્યું કે, અત્યારે હું વાત કરવાની સ્થિતિમાં નથી પછી વાત કરીશ. બાદમાં ફોન કટ થઈ ગયો. આપઘાતનો બનાવ સવારે ૧૦ વાગ્યાની આસપાસ જવાહરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બન્યો હતો. અમદાવાદની રહેવાસી અફશા શેખ (૨૩) લગભગ ૬ મહિના પહેલાં કોટા આવી હતી. અફશા પ્રતીક્ષા રેસિડેન્સીમાં રહેતી હતી. બુધવારે સવારે પીજી માલિકે વિદ્યાર્થિનીને રૂમમાં લટકતી જોઇ હતી. આ પછી પોલીસને જાણ કરવામાં આવી હતી તેમજ વિદ્યાર્થિનીના પરિવારજનોને જાણ કરવામાં આવી છે. તેમના આવ્યા બાદ પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. હાલમાં આપઘાતનું કારણ બહાર આવ્યું નથી. કોટામાં ભવિષ્યને સુંદર બનાવવાનાં સપનાં સાથે આવતા વિદ્યાર્થીઓ પર માનસિક તણાવ સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યો છે. ૨૦૨૫ની શરૂઆતના ૧૫ દિવસમાં જ આપઘાતની આ પાંચમી ઘટના છે. જેને લઈને હવે તંત્રની ચિંતા વધી ગઇ છે. વિદ્યાર્થીઓના આપઘાત પાછળ માનસિક તણાવનું કારણ સામે આવી રહ્યું છે. જ્યારે જે રૂમમાં વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો છે તેમાં પંખા પર હેંગિંગ ડિવાઈસ પણ લગાવેલું નથી.

### GPSC દ્વારા CSR અંતર્ગત આંગણવાડી નિર્માણના કાર્યનો ઈ-પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

# રાજ્યમાં અદ્યતન લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનો.થી નવી ૬૦૭ આંગણવાડી-નંદઘરનું નિર્માણ કરાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, અદ્યતન અને સુવિધાસભર આંગણવાડી કેન્દ્રોનું નિર્માણએ વિકસિત ભારત @ ૨૦૪૭ના નિર્ધારમાં વિકસિત ગુજરાતથી અગ્રેસર રહેનારી ભાવિ પેઢીનો મજબૂત પાયો છે. રાજ્ય સરકારના સાહસ GSPC અને તેની ગ્રુપ કંપનીઝ દ્વારા CSR અંતર્ગત નિર્માણ થનારી ૬૦૭ આંગણવાડી કેન્દ્રો-નંદઘરના નિર્માણનો ઈ-પ્રારંભ કરાવતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાને આંગણવાડીને નંદઘર અને આંગણવાડી કાર્યકર બહેનોને યશોદા કહી છે ત્યારે આંગણવાડીમાં આવતા બાળકના ઘડતરમાં યશોદા જેવા કર્તવ્યભાવથી બહેનો સેવારત રહે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, બાળકને આંગણવાડીમાં નિયમિત આવવાની પ્રેરણા થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ બનાવવું જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું કે, દેશ આઝાદીની શતાબ્દી ૨૦૪૭મા મનાવતો હશે ત્યારે હાલ આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો યુવા વયે પહોંચ્યા હશે. આ યુવાશક્તિમાં રાષ્ટ્રહિત ઉજાગર થાય તેવા સંસ્કાર બાળપણથી જ કેળવવાનું અને ભાવિ પેઢીના ઉમદા ઘડતરનું કર્તવ્ય પોઝિટિવ-સકારાત્મક અભિગમથી નિભાવીને સમાજ હિતની મળેલી તકને સાર્થક કરવા અને નકારાત્મકતા દૂર કરવા તેમણે આહવાન કર્યું હતું.

આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન



#### બાળક દેશનું ભવિષ્ય છે, તેના જીવન ઘડતરનો મજબૂત પાયો આંગણવાડી કેન્દ્રો નાખે છે : મંત્રી

બાબરીયાએ જણાવ્યું હતું કે, હાલ રાજ્યમાં ૫૩ હજાર જેટલી આંગણવાડી કાર્યરત છે, જેમાં ૪૫ લાખથી વધુ બાળકો, મહિલા તેમજ ધાત્રી મહિલા લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ મળી રહ્યું છે. ગુણવત્તાયુક્ત પોષણ અને શિક્ષણ આપી આપણે વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનો નિર્માણ કરીશું. બાળક દેશનું ભવિષ્ય છે અને તેના જીવન ઘડતરનો મજબૂત પાયો નાખવાનું કામ આંગણવાડી કેન્દ્રો કરે છે. તેમણે ઉમેર્યું કે, આ નંદઘરોના નિર્માણ માટે ભારત સરકાર દ્વારા મંજૂર કરાયેલી લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજી (LGSF)ની GSPC અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા લગભગ ૬ મહિનાના રિસર્ચ અને વિચાર-પરામર્શ બાદ પસંદગી કરવામાં આવી છે. આ અદ્યતન ટેકનોલોજીથી ભૂકંપ, ભેજ, આગ જેવી વિવિધ પરિસ્થિતિ સામે ટક્કર ઝીલી શકે તે પ્રકારના નંદઘરો માત્ર ૬૦ દિવસમાં જ બનાવી શકાય છે. રાજ્યના મુખ્ય સચિવ અને GSPCના ચેરમેન રાજકુમારે જણાવ્યું હતું કે, દેશનું ભવિષ્ય જ્યાંથી નિર્માણ પામે છે, તેવા આંગણવાડી કેન્દ્રો અને શાળાઓને સસ્ટેઈનેબલ અને ઈકોફ્રેન્ડલી બનાવીને પાયાની તમામ સુવિધાઓથી સુસજ્જ કરવાની સરકારની નેમ છે. ગુજરાતની દરેક આંગણવાડી તમામ સુવિધાઓથી અદ્યતન ન થાય, ત્યાં સુધી દર વર્ષે CSR હેઠળ આંગણવાડી કેન્દ્રોને વિકસાવવાની GSPCની સંકલ્પબદ્ધતા તેમણે વ્યક્ત કરી હતી.

# સિકંદર બખ્ત નગર આવાસ યોજનાના જર્જરિત મકાનો રિપેરિંગ અને રિસ્ટોરેશન કરી શકાય : અમ્યુકોનો હાઈકોર્ટમાં જવાબ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

શહેરના બહેરામપુરા વિસ્તારમાં ઓછી આવક ધરાવતા લોકો માટે કેન્દ્રની યોજના અંતર્ગત બંધાયેલા આવાસો દસથી પંદર વર્ષના ટૂંકાગાળામાં જ જર્જરિત બની જાય તો તેની તપાસ શહેરી વિકાસ વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરીએ કરાવવી જોઈએ તેવી ટકોર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવી હતી. આ મામલે હાઈકોર્ટે અમ્યુકો પાસે કેટલાક નિયમોના પાલન બાબતે જવાબ રજૂ કરવા માટે આદેશ કર્યો હતો. તેનો જવાબ આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે તેઓએ કેટલીક નિષ્ણાંત સંસ્થાઓ દ્વારા સમગ્ર ઈમારતનો રિપોર્ટ કરાવ્યો હતો અને આ રિપોર્ટમાં એવો તારણ નીકળે છે કે આ બિલ્ડીંગનું રીપેરીંગ અને રિસ્ટોરેશન વર્ક થઈ શકે છે. વળી આ બિલ્ડીંગ રહેવાસીઓને સોંપી દેવામાં આવ્યું હોવાથી તેની જાળવણીની જવાબદારી તેઓની હોવાથી તેઓએ તેને યોગ્ય જાળવણી કરી ના હોય તેવું દેખાઈ રહ્યું છે. આથી આ સમગ્ર અહેવાલ ટોચના અધિકારીઓને મોકલી આ બાબતે રીપેરીંગ અને રિસ્ટોરેશન વર્ક કરવાનું શક્ય તે છે કે નહીં તેનો નિર્ણય લેવામાં આવશે.

આ મામલે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ દ્વારા રહેવાસીઓ અને કોર્પોરેશનનો જવાબ માગીને વધુ સુનાવણી ૧૦ ફેબ્રુઆરીના રોજ રાખી હતી. રહેવાસીઓ દ્વારા સિંગલ જજના આદેશ સામે અપીલ કરાઈ હતી તેની સુનાવણી થઈ રહી હતી. શહેરના બહેરામપુરા વિસ્તારમાં સિકંદર બખ્ત નગર આવાસ યોજનાના રહીશો તરફથી કરાયેલી પિટિશન અગાઉ સિંગલ જજ દ્વારા ફગાવી દેવામાં આવતા કરાયેલી અપીલમાં રજૂઆત કરાઇ હતી કે, આ આવાસો જવાહરલાલ નહેરૂ અર્બન રિન્યુઅલ મીશન યોજના અંતર્ગત સાબરમતી રિવરફ્રન્ટ યોજનાના વિસ્થાપિતો આપવામાં આવ્યા હતા. શહેરી વિકાસ વિભાગ સત્તાવાળાઓ દ્વારા બાંધવામાં આવ્યા હતા અને આવાસો બંધાયા બાદ તે અમ્યુકોને અપાયા હતા અને બાદમાં ૨૦૧૦થી ૨૦૧૪ દરમ્યાન અમ્યુકો દ્વારા આવાસની વ્યકિતગત ધોરણે ફાળવણી કરવામાં આવી હતી. અહીં ૯૯૨ ફલેટમાં આશરે પાંચ હજાર જેટલા રહીશો રહે છે. પરંતુ નવાઈની વાત એ છે કે, માત્ર દસ-પંદર વર્ષના ટૂંકા ગાળામાં જ આ આવાસો જર્જરિત અને ભયજનક બની ગયા છે. જેને લઇને અમ્યુકો સત્તાધીશો તરફથી આ ઈમારતો ભયજનક અને જોખમી હોઇ તેની દેખરેખ કે રિપેર કરાવવી ગત તા.૩-૭-૨૦૨૪ના રોજ ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ એકટની કલમ-૨૬૫ હેઠળ ૯૯૨ ફલેટધારકોને નોટિસ અપાઈ હતી. પણ ખરેખર તો આ સમગ્ર મામલામાં યોગ્ય અને પૂરતી તપાસ થવી જરૂરી જણાય છે. આથી આ અમ્યૂકો દ્વારા કરાયેલી રજૂઆત બાદ કોર્ટે ટકોર કરી હતી કે આટલા ટૂંકા ગાળામાં મકાન જર્જરિત થઈ જાય તો જવાબદારી કોની? શહેરી વિકાસ વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરીએ ખરેખર તો આ મામલે તપાસ કરાવવી જોઈએ. બીજી બાજુ મ્યુનિસિપલ કોર્પોરેશને અદાલતનું ધ્યાન દોર્યું હતું કે, પ્રસ્તુત કેસમાં ખુદ સીંગલ જજે જ અરજદારોને રેગ્યુલેશન ફોર રેસીડેન્સીયલ ટાઉનશીપ-૨૦૦૯ અંતર્ગત સક્ષમ સત્તાવાળાઓ(રેસીડેન્સીયલ ટાઉનશીપ ગ્રીવન્સ રિડ્રેસલ સ્ટેટ લેવલ કમીટી)નો એપ્રોચ કરવા હુકમ કર્યો છે, તેથી અરજદારોએ પહેલાં ત્યાં જવું જોઇએ તેના બદલે સીધા અપીલમાં આવ્યા છે. જો કે, હાઇકોર્ટે આ આવાસ યોજનાનો વિસ્તાર ઉપરોકત રેગ્યુલેશન હેઠળ નોટિફાઇડ એરિયામાં સમાવિષ્ઠ થાય છે કે કેમ અને તેમાં આ રેગ્યુલેશન કેવી રીતે લાગુ પડે છે તે મુદ્દે જરૂરી દસ્તાવેજો સાથે જવાબ રજૂ કરવા મ્યુનિસિપલ કોર્પોરેશનને હુકમ કર્યો હતો.


શ્રદ્ધાંજલિ કાર્યક્રમ



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે, પ્રખર સામાજીક-રાજકીય આગેવાન, વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન (ઈન્ડિયા ચેપ્ટર) તથા ફૈઝ ચેરીટેબલ ટ્રસ્ટ (કલ્લા શરીફ)ના પ્રમુખ તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ (મર્હૂમ) યુનુસભાઇ પટેલ (અમદાવાદી)નું તા.૧૭-૦૧-૨૦૨૫ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

તેઓના ઓજસ્વી જીવન-કવન અને સમાજ માટે આપેલ અનમોલ સેવાકીય યોગદાનને યાદ કરતાં તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા અંગેનો એક કાર્યક્રમ નીચેની વિગતે રાખવામાં આવેલ છે.

તારીખ : ૨૫-૦૧-૨૦૨૫ (શનિવાર)
સમય : બપોરે ૩.૦૦ થી ૫.૦૦
સ્થળ : ઓડીટોરીયમ, વેલ્ફેર હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, ભરૂચ.

આ અવસરે સદ્‌ગતના પરિવાર-આપ્તજનોના શોકમાં સહભાગી બનવા આપની હાજરી વધુ અર્થસભર બની રહેશે.

શોકાતૂર
માસુમ યુનુસ પટેલ
WBVF બોર્ડ ઓફ ડિરેકટર્સ તથા સંસ્થા પરિવાર


# શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓ માટે ૨૭મીથી હેલ્પલાઈન શરૂ થશે

### ટોલ ફ્રી હેલ્પલાઈન પર વિદ્યાર્થીઓ સાથે વાલીઓ- શાળાઓને પણ માર્ગદર્શન મળશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ કરવામાં આવનાર છે. પરીક્ષા શરૂ થાય તે પહેલા બોર્ડ દ્વારા તમામ તૈયારીઓ પુર્ણ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. જેથી હવે ૨૭ જાન્યુઆરીથી શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓના માર્ગદર્શન માટે ટોલ ફ્રી હેલ્પલાઈન શરૂ કરવાનું નક્કી કર્યું છે. આમ, પરીક્ષા શરૂ થવાના એક માસ પહેલાથી જ બોર્ડની હેલ્પલાઈન પરથી વિદ્યાર્થીઓને મદદ મળી રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા દરવર્ષે બોર્ડની પરીક્ષા શરૂ થાય તે પહેલા વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવતી હોય છે. જેમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૭-ફેબ્રુઆરી-૨૦૨૫થી શરૂ થતી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની જાહેર પરીક્ષા માટે વિદ્યાર્થી, વાલી તેમજ શાળાને માર્ગદર્શન માટે ટોલ ફ્રી હેલ્પલાઈન ૨૭ જાન્યુઆરીથી ૧૭ માર્ચ દરમિયાન ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. શિક્ષણ બોર્ડની આ હેલ્પલાઈન પર એક્ષપર્ટ કાઉન્સેલર તેમજ સાયકોલોજીસ્ટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. વિદ્યાર્થીઓ પરીક્ષા શરૂ થાય તે પહેલા માનસિક તાણ અનુભવતા હોય છે અને તેમાં પણ ખાસ કરીને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ પ્રથમ વખત જ પરીક્ષા આપતા હોવાથી તેમને વિશેષ ડર લાગતો હોય છે. આ ડર દુર કરવા માટે હેલ્પલાઈન ખુબ જ મદદરૂપ બને છે. જેથી રાજ્યના તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓને હેલ્પલાઈનનો લાભ લેવા શિક્ષણ બોર્ડ દ્વારા યાદીમાં જણાવાયું છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS